અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ ૬ | અંક : ૮૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### યુએનમાં ભારતના સ્થાયી મિશનમાં પ્રથમ સચિવ પેટલ ગહલોતે કહ્યું

## પાકે. એક દાયકા સુધી ઓસામા બિન લાદેનને આશરો આપ્યો હતો

### આતંકવાદને ફેલાવવા અને નિકાસ કરવાની પરંપરામાં લાંબા સમયથી ડૂબેલો દેશ આ હેતુ માટે સૌથી હાસ્યાસ્પદ વાર્તા ગઠવામાં કોઈ શરમ કરતું નથી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ |

પાકિસ્તાનના પ્રધાનમંત્રી શહબાજ શરીફે ૨૬ સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા **(UNGA)** માં પોતાના સંબોધનમાં ભારત પર અનેક આરોપ લગાવ્યા. પાકિસ્તાની પ્રધાનમંત્રી શહબાજ શરીફના ભાષણ પર ભારતે પોતાની પ્રતિક્રિયા આપી છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશનમાં પ્રથમ સચિવ પેટલ ગહલોતે પ્રતિક્રિયા આપતા કહ્યું કે અધ્યક્ષ મહોદય આ સભાએ સવાર સવારમાં પાકિસ્તાનના પ્રધાનમંત્રીની વાહિયાત નૌટંકી જોઈ જેમણે એકવાર ફરીથી આતંકવાદના ગુણગાન ગાયા કે જે તેમની વિદેશ નીતિનું કેન્દ્રબિન્દુ છે. જો કે કોઈ પણ સ્તરનું નાટક અને ખોટા તથ્યો એ વાત છૂપાવી શકશે નહીં કે આ એ જ પાકિસ્તાન છે જેણે ૨૫ એપ્રિલ ૨૦૨૫ના રોજ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં



ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં પર્યટકોના બર્બર નરસંહારની જવાબદારીથી એક પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદી સંગઠન રેઝિસ્ટન્સ ફ્રન્ટને બચાવ્યું હતું.

પેટલ ગેહલોતે કહ્યું કે આતંકવાદને ફેલાવવા અને નિકાસ કરવાની પરંપરામાં લાંબા સમયતી ડૂબેલો દેશ આ હેતુ માટે સૌથી હાસ્યાસ્પદ વાર્તા ગઢવામાં કોઈ શરમ કરતું નથી. યાદ કરો કે તેણે એક દાયકા સુધી ઓસામા બિન લાદેનને આશરો આપ્યો હતો જ્યારે આતંકવાદ વિરુદ્ધ યુદ્ધમાં ભાગીદાર હોવાનો દેખાડો કરતા તેના મંત્રીઓએ હાલમાં જ સ્વીકાર્યું છે કે તેઓ દાયકાઓથી આતંકવાદી શિબિર ચલાવી રહ્યા છે. આ વખતે પ્રધાનમંત્રીના સ્તરે આ દંભ ફરીથી એકવાર ચાલુ છે જેમાં કોઈ આશ્ચર્ય ન હોવું જોઈએ.

પાકિસ્તાનના પ્રધાનમંત્રી શહબાજ શરીફના ભાષણ પર ભારતના જવાબ આપવાના અધિકારનો પ્રયોગ કરતા પેટલ ગહલોતે કહ્યું કે એક તસ્વીર હજાર શબ્દો દર્શાવે છે અને અમે ઓપેરશન સિંદૂર દરમિયાન બહાવલપુર અને મુરીદકેના આતંકી પરિસરોમાં ભારતીય સેના દ્વારા માર્યા ગયેલા આતંકીઓની અનેક તસવીરો દેખાડી. જ્યારે વરિષ્ઠ પાકિસ્તાની સૈન્ય અને અસૈન્ય અધિકારીઓ જાહેરમાં આવા કુખ્યાત આતંકીઓના ગુણગાન અને શ્રદ્ધાંજલિ આપે છે તો શું આ શાસનની પ્રવૃત્તિ પર કોઈ શંકા હોઈ શકે? પાકિસ્તાનના પ્રધાનમંત્રીએ ભાર સાથે હાલના સંઘર્ષનું એક વિચિત્ર વિવરણ પણ આપ્યું. આ મામલે રેકોર્ડ સ્પષ્ટ છે કે ૯ મે સુધી પાકિસ્તાન ભારત પર હુમલા કરવાની ધમકી આપતું રહ્યું પરંતુ ૧૦ મેના રોજ સેનાએ અમને સીધી લડાઈ બંધ કરવાની અપીલ કરી. પેટલ ગહલોતે કહ્યું કે ભારતીય સેના દ્વારા અનેક પાકિસ્તાની એરપોર્ટ્સ પર તબાહી મચાવાઈ હતી. તે નુકસાનની તસવીરો સ્પષ્ટ રીતે જાહેરમાં ઉપલબ્ધ છે. જો નષ્ટ થયેલા રનવે અને બળેલા હેંગર જીત જેવા લાગતા હોય, જેમ કે પ્રધાનમંત્રીએ દાવો કર્યો છે તો પાકિસ્તાન તેને આનંદ ઉઠાવી શકે છે.

---

**ઈઝરાયેલના પીએમએ યુએન મહાસભાને સંબોધી**

## નેતન્યાહૂનો યુએનમાં હુંકાર : ઈઝરાયેલે ગાઝામાં હમાસનું કામ તમામ કરવું પડશે

### ઈઝરાયેલના પીએમ નેતન્યાહૂએ યુએન મહાસભાને સંબોધન કરે તે અગાઉ કેટલાક દેશોના પ્રતિનિધિઓ ઉભા થઈને હોલમાંથી બહાર નિકળી ગયા હતા

| (એજન્સી) યુનાઇટેડ નેશન્સ, તા.૨૭ |

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ શુક્રવારે સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં ગાઝામાં હમાસ સામેનું કામ પુરું કરવાની વાતનો પુનરોચ્ચાર કર્યો હતો. ગાઝા સામે યુદ્ધમાં શસ્ત્રવિરામ નહીં કરવા બદલ ઈઝરાયેલને એકલાં પાડી દેવાના નેતન્યાહૂ પર સતત આંતરરાષ્ટ્રીય દબાણ વચ્ચે પણ તેમણે યુએન મહાસભામાં મક્કમતાપૂર્વક નિવેદન આપ્યું હતું. નેતન્યાહૂએ જણાવ્યું કે, ઈઝરાયેલે ગાઝામાં હમાસનું કામ પુરું કરવું પડશે. નેતન્યાહૂના સંબોધન અગાઉ કેટલાક પ્રતિનિધિઓ યુએન મહાસભાના હોલમાંથી બહાર નિકળી ગયા હતા.હમાન વિરુદ્ધની ચળવળમાં ઈઝરાયેલનો સાથ આપનાર યુએસના પ્રતિનિધિમંડળે નેતન્યાહૂનું સંબોધન સાંભળ્યું હતું. ઈઝરાયેલના પીએમએ એક નક્શો રજૂ કર્યો હતો જેમાં એક પ્રદેશ દર્શાવ્યો હતો અને તેનું શિર્ષક 'ધી કર્સ' અપાયું હતું. અગાઉ પણ નેતન્યાહૂ આ પ્રકારે નક્શાને દર્શાવીને ગાઝા વિરુદ્ધ પોતાની નારાજગી દર્શાવી ચુક્યા છે. બાદમાં નેતન્યાહૂએ બહુવિકલ્પ સાથેના પ્રશ્નો ધરાવતું બોર્ડ બતાવ્યું હતું અને મોટેથી તેને વાંચી સંભળાવ્યા હતા. ગાઝામાં લશ્કરી કવાયતમાં મદદરૂપ થવા બદલ તથા રાજકીય સહયોગ માટે ઈઝરાયેલના પીએમએ યુએસના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રશંસા કરી હતી.બીજીતરફ ગાઝામાં ઈઝરાયેલના લશ્કર દ્વારા ગાઝાના સ્થાનિકો તથા હમાસના સંચાલકોના ફોન કબ્જે કરવાની કાર્યવાહી કરાઈ હતી. નેતન્યાહૂનું સંબોધન મોબાઈલ પર બ્રોડકાસ્ટ થવાનું હોવાથી આ પગલું લેવાયું હતું. નેતન્યાહૂ પર છેલ્લા ઘણા સમયથી ગાઝા સામે યુદ્ધનો અંત આણવા દબાણ વધી રહ્યું છે. શુક્રવારે તેમને સંબોધન દ્વારા આંતરરાષ્ટ્રીય સમુદાય ઉપર મોટા પ્લેટફોર્મ પર દબાણ લાવવાની તક મળી હતી. ઈઝરાયેલના પીએમ નેતન્યાહૂએ યુએન મહાસભાને સંબોધન કરે તે અગાઉ કેટલાક દેશોના પ્રતિનિધિઓ ઉભા થઈને હોલમાંથી બહાર નિકળી ગયા હતા. વિશ્વના દેશોને મધ્યપૂર્વની પ્રવર્તમાન પરિસ્થિતિથી તેઓ વાકેફ કરાવે તે અગાઉ જ આ દ્રશ્યો જોવા મળ્યા હતા. તેમ છતાં ઈઝરાયેલના પીએમએ પોતાનું સંબોધન શરૂ કર્યું અને હોલમાં હાજર તમામે તાળિયોના ગડગડાટથી તેમનો જુસ્સો વધાર્યો હતો. નેતન્યાહૂએ સંબોધનમાં જણાવ્યું હતું કે, પેલેસ્ટાઈનને રાષ્ટ્રનો દરજ્જો આપવો ઈઝરાયેલ માટે રાષ્ટ્રીય આત્મહત્યા સમાન ગણાશે. પશ્ચિમના નેતાઓ દબાણ હેઠળ ઝૂકી શકે પરંતુ ઈઝરાયેલ ક્યારેય નહીં ઝૂકે.

---

### ભારત સાથે નક્કર અને પરિણામલક્ષી વાટાઘાટો માટે પાકિસ્તાન તૈયાર : શરીફ

| યુનાઈટેડ નેશન્સ, તા.૨૭ |

પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે શુક્રવારે ભારત સાથે નક્કર અને પરિણામલક્ષી વાટાઘાટો માટે ફરી એક વાર તત્પરતા દર્શાવી હતી. તમામ પડતર મુદ્દે વાટાઘાટો મારફતે ઉકેલ લાવવાની ભલામણ કરતાં શરીફે કાશ્મીર સ્થિતિ અંગે ભારતના વલણની ટીકા પણ કરી હતી.યુએન જનરલ એસેમ્બલીના ૮૦મા સેશનમાં ચર્ચા દરમિયાન સંબોધન કરતાં શરીફે ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કર્યો હતો. શરીફે દાવો કર્યો હતો કે, મે મહિનામાં ચાર દિવસના સંઘર્ષ દરમિયાન ભારતના ૭ ફાઈટ જેટને નુકસાન થયુ હતું. શરીફે ભારત સાથે તણાવ સંદર્ભે યુએનમાં કહ્યુ હતું કે, પાકિસ્તાન દરેક વિવાદને રાજદ્વારી અને સંવાદના માર્ગે ઉકેલવા માગે છે.ઉલ્લેખનીય છે કે, અગાઉ ૨૦૦૩માં પાકિસ્તાનના તત્કાલીન રાષ્ટ્રપતિ પરવેઝ મુશર્રફ દ્વારા વાટાગાટો થઈ હતી.

---

**સ્વદેશી BSNL 4G નેટવર્ક લોન્ચ**


## PM મોદીએ એકસાથે ૯૭ હજાર મોબાઈલ ટાવરનું લોકાર્પણ કર્યું

**BSNLની સિલ્વર જ્યુબિલીના અવસરે ઓડિશાના ઝારસુગાડા ખાતેથી દેશવ્યાપી લોન્ચિંગ કરવામાં આવ્યું**

| (એજન્સી) ઝારસુગાડા, તા.૨૭ |

નરેન્દ્ર મોદી દ્વારા આજે સ્વદેશી એટલે કે **BSNL**નું **4G** નેટવર્ક લોન્ચ કર્યું છે. આ નેટવર્ક **5G** રેડી છે. આ નેટવર્કને અંદાજે ૯૭૦૦૦ સાઈટ પર રોલઆઉટ કરવામાં આવ્યું છે. આ નેટવર્કને સંપૂર્ણ રીતે ભારતની ટેક્નોલોજી પર બનાવવામાં આવ્યું છે. આ સાથે જ ભારત દુનિયામાં ટોપ-૫માં આવી ગયું છે, જે ટેલિકોમ ટેક્નોલોજી અને ઈક્વિપમેન્ટ જાતે બનાવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત સહિત સમગ્ર દેશવાસીઓને નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં સ્વદેશી ૪૪ નેટવર્કની મોટી ભેટ આપી છે. મ્જીદ્નની સિલ્વર જ્યુબિલીના અવસરે ઓડિશાના ઝારસુગાડા ખાતેથી દેશવ્યાપી લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતેથી આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ લોન્ચિંગ આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરતું



એક ઐતિહાસિક પગલું છે, જેના થકી ભારત દુનિયાના એ ૫ દેશોમાં સામેલ થયું છે જેની પાસે પોતાનું ઘરેલું **4G** ટેલિકોમ નેટવર્ક છે.

**BSNL** દ્વારા **4G** સેચ્યુરેશન પ્રોજેક્ટ હેઠળ ૧૪,૦૦૦ થી વધુ સાઈટ્સ સહિત કુલ ૯૭,૫૦૦ જેટલી નવી **4G** સાઈટ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે ગુજરાતમાં **4,000** થી વધુ ૪૪ ટાવર કાર્યરત થયા છે, જેમાંથી ૬૦૦ થી વધુ ટાવર અતિ દુર્ગમ, અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોમાં કાર્યરત થવાના છે. આના પરિણામે રાજ્યના ૧૧,૦૦૦ થી વધુ ગામડાઓને સ્વદેશી **4G** મોબાઈલ સેવાનો લાભ મળશે. આ પગલું વડાપ્રધાનના ગ્રામીણ અને છેવાડાના વિસ્તારો સુધી ડિજિટલ કનેક્ટિવિટી પહોંચાડવાના સંકલ્પને મૂર્તિમંત કરે છે.

કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાએ આ લોન્ચિંગને રાષ્ટ્રીય ગૌરવનો વિષય ગણાવ્યો. તેમણે કહ્યું કે એક સમય હતો જ્યારે ભારત સંરક્ષણ માટે બંદૂકની ગોળીઓ પણ આયાત કરતું હતું, જ્યારે આજે દેશ સંરક્ષણ સાધનોની નિકાસ કરે છે. કોવિડ મહામારી દરમિયાન ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ વિશ્વમાં પ્રથમ ડોઝ આપ્યાના એક મહિનાની અંદર જ ભારતીય વૈજ્ઞાનિકોએ એક નહીં પણ ૨ સ્વદેશી રસીઓનું સંશોધન કર્યું. મુખ્યમંત્રીએ ગૌરવ સાથે કહ્યું કે, પહેલા વિશ્વના દેશો ભારતને માત્ર ટેલિકોમ માર્કેટ સમજતા હતા, પરંતુ હવે ભારતે વૈશ્વિક સ્તરે ટેલિકોમ ક્ષેત્રમાં સોલ્યુશન પ્રોવાઈડર અને પાર્ટનર તરીકે પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે. મેઈડ ફોર ઈન્ડિયાને બદલે હવે મેઈડ ઈન ઈન્ડિયા, મેઈડ ફોર ધ વર્લ્ડની ચર્ચા થઈ રહી છે.

---

### મૌલાના તૌકીર રઝાને જેલ મોકલાયા, ૪૦ની ધરપકડ

| (એજન્સી) બરેલી, તા.૨૭ |

ઉત્તર પ્રદેશના બરેલીમાં થયેલી હિંસા બાદ પોલીસે કડક હાથે કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ દરમિયાન એવા અહેવાલો સામે આવ્યા છે કે, જિલ્લામાં ૪૮ કલાક માટે ઈન્ટરનેટ બંધ રાખવાના નિર્દેશો અપાયો છે. બીજી તરફ પોલીસે મૌલાના તૌકીર રઝાની ધરપકડ કરી હતી. મૌલાના તૌકીર રઝા સહિત આઠ લોકોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત પોલીસે બરેલીમાં થયેલી હિંસાના સંદર્ભમાં ૪૦ લોકોની અટકાયત કરી છે અને ૨,૦૦૦ જેટલા પથ્થરબાજો સામે પણ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. અહેવાલો અનુસાર, પોલીસે હિંસા મામલે શહેરના પાંચ અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં છ કેસ દાખલ કર્યા છે. કોતવાલી પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા રમખાણ કેસમાં **IMC**ના વડા મૌલાના તૌકીર રઝા ખાનનું નામ આરોપી તરીકે રાખવામાં આવ્યું છે, જ્યારે બાકીના કેસોમાં મૌલાનાના સમર્થકોનું નામ લેવામાં આવી રહ્યું છે.

---

**વિલંબ માટે બેંકોને દંડ કરવામાં આવશે**

## મૃતકના ખાતામાંથી દસ્તાવેજ વગર પરિવારજનો ૧૫ લાખ ઉપાડી શકશે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ |

ભારતીય રિઝર્વ બેંક **(RBI)** એ મૃત બેંક ખાતાધારકોના પરિવારજનો માટે દાવાની પતાવટ પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવવા માટે નવી અને કડક નોટિફિકેશન જારી કરવામાં આવી છે. **RBI**ની નવી નોટિફિકેશન અનુસાર, પરિવારજનો હવે કાનૂની દસ્તાવેજો વિના પણ તેમના(મૃતક) બેંક ખાતામાં જમા ૧૫ લાખ (થ્રેશહોલ્ડ લિમિટ) સુધી સરળતાથી દાવો કરી શકે છે. સહકારી બેંકો માટે આ મર્યાદા ૫ લાખ નક્કી કરવામાં આવી છે. વિલંબ માટે બેંકોને દંડ કરવામાં આવશે. **RBI** એ તેની વેબસાઈટ પર પોસ્ટ કરેલા પરિપત્રમાં બેંકોને આ નોટિફિકેશન જારી કરી છે. આ નોટિફિકેશન ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં લાગુ કરવામાં આવશે. જો બેંકની ભૂલને કારણે ડિપોઝિટ દાવાની પતાવટ કરવામાં વિલંબ થાય છે, તો બેંકે મૃતકના પરિવારજનોને વિલંબ માટે વ્યાજના રૂપમાં વળતર આપવાની રહેશે. આ વળતર બેંક દર



વાર્ષિક ૪% પર નિશ્ચિત વ્યાજ દર કરતાં ઓછું નહીં હોય. નોમિનેશન અથવા સર્વાઈવરશિપ ક્લોઝ ધરાવતા ખાતાઓ માટે બેંકો નોમિની અથવા સર્વાઈવરને ચુકવણી કરવા માટે ઉત્તરાધિકાર પ્રમાણપત્ર, વહીવટ પત્ર અથવા પ્રોબેટ ઓફ વીલ જેવા કાનૂની દસ્તાવેજોનો આગ્રહ રાખશે નહીં. બેંકોએ ફક્ત ખાતરી કરવાની રહેશે કે નોમિનીને સ્પષ્ટપણે જાણ કરવામાં આવે કે તેઓ કાનૂની વારસદારો માટે ટ્રસ્ટી તરીકે આ ચુકવણીઓ મેળવી રહ્યા છે. ડિપોઝિટર્સના મૃત્યુના કિસ્સામાં ફિક્સ્ડ ડિપોઝિટ અથવા ટર્મ ડિપોઝિટને કોઈપણ દંડ વિના અકાળે બંધ કરવાની મંજૂરી આપવામાં આવશે, ભલે **FD** લોક-ઈન સમયગાળામાં હોય.

---

### પૂરપાટ દોડતી કાર ડિવાઈડર સાથે અથડાઈ, ૫ યુવકના મોત

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ |

ગુરુગ્રામ-દિલ્હી-જયપુર હાઈવે પર વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અહેવાલો અનુસાર એક બ્લેક કલરની થાર કાર પૂરપાટ દોડતી વખતે બેકાબૂ થતાં ડિવાઈડર સાથે અથડાઈ હતી. જેના લીધે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર ૬માંથી ૫ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતા. જ્યારે અન્ય એક ઈજાગ્રસ્ત થયો હતો. આ અકસ્માત વહેલી સવારે લગભગ ૪:૩૦ વાગ્યાના સુમારે સર્જાયો હતો. બ્લેક કલરની આ કાર ઉત્તર પ્રદેશનું રજિસ્ટ્રેશન નંબર ધરાવતી હતી. આ મામલે સેક્ટર ૪૦ના એસએચઓ લલિતે માહિતી આપી હતી. અકસ્માતની જાણ થતાં જ પોલીસ અને વહીવટીતંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ.

---

**ઓડિશા સરકારે કર્મચારીઓને આપી દિવાળી ભેટ**

## મોંઘવારી ભથ્થામાં 3% વધારો કરવાની જાહેરાત

### મોંઘવારી ભથ્થું ૫૦ ટકાથી વધીને ૫૩ ટકા થયું હતું

| (એજન્સી) ઓડિશા, તા.૨૭ |

ઓડિશા સરકારે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો **(PSUs)**ના કર્મચારીઓને નાણાકીય રાહત આપવાના હેતુથી એક મોટી જાહેરાત કરી છે. દિવાળી પહેલા ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ **PSU** કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થા **(DA)**માં ૨ ટકાનો વધારો મંજૂર કર્યો. આ તાજેતરનો વધારો ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી અમલમાં આવતા ઓડિશા **PSU** કર્મચારીઓને મળતો કુલ મોંઘવારી ભથ્થો **(DA) 53%**થી વધારીને **55%** કરશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી રાજ્ય સરકારના લગભગ **8.5** લાખ કર્મચારીઓ અને પેન્શનરોને ફાયદો થશે, જેમાં **PSU**માં કાર્યરત કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. મીડિયા અહેવાલ મુજબ, વધેલા **DA**ને



પગાર સાથે રોકડમાં વહેંચવામાં આવશે, જેથી કર્મચારીઓને પાછલા મહિનાના બાકી રહેલા પગાર મળે. નોંધનીય છે કે અગાઉ, ઓડિશા સરકારે ઓક્ટોબર ૨૦૨૪થી સરકારી કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થા **(DA)**માં **3%**નો વધારો કરવાની જાહેરાત કરી હતી, જે **DA 50%** થી વધારીને **53%** કરશે. આ નવીનતમ **DA** વધારા સાથે રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય વધતી જતી ફુગાવાની અસર ઘટાડવા અને તેના કર્મચારીઓની ખરીદ શક્તિ વધારવાનો છે.

---

**UNમાં નેતન્યાહૂના ભાષણ બાદ હવાઈ હુમલો**

## ઈઝરાયલના હવાઈ હુમલાથી ગાઝા ધણધણી ઉઠ્યું, ૩૨ના મોત

### યુદ્ધ વિરામ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે દબાણની સ્થિતિ છે, તેવા સમયે ઈઝરાયલે ગાઝા પર હવાઈ હુમલો કર્યો

| (એજન્સી) ગાઝા, તા.૨૭ |

ઈઝરાયલના હવાઈ હુમલાથી ગાઝા ધણધણી ઉઠ્યું છે. ગાઝાના સ્વાસ્થ્ય અધિકારીઓએ જણાવ્યું કે, આ હવાઈ હુમલામાં રાત સુધીમાં ઓછામાં ઓછા ૩૨ લોકોના મોત નીપજ્યા છે. યુદ્ધ વિરામ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે દબાણની સ્થિતિ છે, તેવા સમયે ઈઝરાયલે ગાઝા પર હવાઈ હુમલો કર્યો. આ દરમિયાન ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હજુ પણ યુદ્ધ યથાવત રાખવાના પક્ષમાં છે. મધ્ય અને ઉત્તરી ગાઝામાં શનિવારે (૨૭ સપ્ટેમ્બર) થયેલા હવાઈ



હુમલામાં અનેક લોકોના પોતાના ઘરમાં જ મોત થયા. અલ-અવદા હોસ્પિટલના કર્મચારીના જણાવ્યા અનુસાર, નુસેરાત શરણાર્થી શિબિરના એક જ પરિવારના ૯ લોકોના જીવ ગયા છે. આ હુમલો એવા સમયે થયો જ્યારે નેતન્યાહૂએ ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરતી વખતે કહ્યું હતું કે, હમાસ સામે પૂરી રીતે કામ ખત્મ કરવા ઈચ્છીએ છીએ. ઈઝરાયલ પર યુદ્ધ વિરામ કરવા માટે આંતરાષ્ટ્રીય દબાણ વધી રહ્યું છે. વિશ્વભરના ઘણા દેશોએ તાજેતરમાં પેલેસ્ટાઈનને એક સ્વતંત્ર રાજ્ય તરીકે માન્યતા આપી છે, જેને ઈઝરાયલ સ્વીકારતું નથી. યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ઘણા દેશો દ્વારા ઈઝરાયલ પર યુદ્ધવિરામ માટે દબાણ કરવા વિનંતી કરવામાં આવી છે. શુક્રવારે, ટ્રમ્પે વ્હાઈટ હાઉસના લોનમાં જણાવ્યું હતું કે, તેમને આશા છે કે યુનાઈટેડ સ્ટેટ્સ ગાઝામાં સંઘર્ષ ઓછો કરવા અને બંધકોને પાછા લાવવા માટે એક કરારની નજીક છે.

---

**બુલંદશહેરની ઘટના**

## UPમાં પ્રેમિકાની ગોળી મારી હત્યા કર્યા પછી પ્રેમીનો પણ આપઘાત

### પોલીસના કહેવા મુજબ ૨૬ વર્ષીય પ્રેમી મૂળ હરિદ્વારનો અને પ્રેમિકા મુઝફ્ફરનગરની રહેવાસી હતી

| (એજન્સી) બુલંદશહેર, તા.૨૭ |

ઉત્તરપ્રદેશના બુલંદશહેરમાં ગત સપ્તાહે ભાગેલું પ્રેમી યુગલ મૃત હાલતમાં મળી આવ્યું છે. પ્રાથમિક માહિતી પ્રમાણે પ્રેમિકાને ગોળી મારીને કથિત રીતે પ્રેમીએ પણ આપઘાત કરી લીધો હોવાની ઘટના બની છે. પોલીસના કહેવા મુજબ બંને પાંચ દિવસથી ફરાર હતા. જેવું જ લોકેશન મળ્યું એટલે પોલીસ ટીમ પહોંચી ગઈ હતી. બંનેને પકડવા માટે મોડી રાત્રે ઘેરાબંદી કરી હતી. આ દરમિયાન પરિવારજનો પણ ઉપસ્થિત હતા. ૧૬ વર્ષની કિશોરીના ફૂઆએ બહારથી સ્પીકર પર અવાજ કરીને કહ્યું કે, "હું સાથે છું, પોલીસ પણ છે, ડરતા નહીં. બહાર આવી જાઓ." જોકે, બંને બહાર આવ્યા નહીં, એટલે પોલીસે અંદર જવાનો પ્રયાસ કર્યો. એટલામાં ફાયરિંગનો અવાજ આવવા માંડ્યો. પોલીસે અંદર જોયું તો બંનેના મૃતદેહ




લોહીલુહાણ હાલતમાં જમીન પર પડ્યા હતા. બંનેને કાનની પાસે ગોળી વાગી હતી.પોલીસના કહેવા મુજબ ૨૬ વર્ષીય પ્રેમી મૂળ હરિદ્વારનો અને પ્રેમિકા મુઝફ્ફરનગરની રહેવાસી હતી. પ્રેમી ૨૫ દિવસ પહેલા જ લૂંટના મામલામાં જેલમાંથી બહાર આવ્યો હતો. પોલીસનું કહેવું છે કે યુવકે પહેલા પ્રેમિકાને ગોળી મારી અને પછી ખુદને ગોળી મારીને આપઘાત કરી લીધો.બંને બે વર્ષથી પ્રેમસંબંધ હતો. યુવક પોતાના મામાના ઘરે જ રહેતો હતો, અને તેની સામે મુઝફ્ફરનગરના છપાર પોલીસ સ્ટેશન સહિત અન્ય સ્ટેશનોમા પણ ફરિયાદ નોંધાયેલી છે.

**ન્યૂઝ બ્રિફ**

## અમદાવાદમાં નકલી કોર્ટ ઓર્ડર બનાવનારો વકીલ ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદના આરોગ્ય ભવન ખાતે જન્મ-મરણ વિભાગમાં નકલી કોર્ટ ઓર્ડર રજૂ કરવા મામલે પોલીસ દ્વારા એક પ્રેક્ટિસિંગ વકીલની ધરપકડ કરવામાં આવી છે. આ વકીલે કથિત રીતે ૫૦,૦૦૦ રૂપિયાના બદલામાં પોતાના કોમ્પ્યુટર પર એક બનાવટી કોર્ટ ઓર્ડર તૈયાર કર્યો હતો, જેનો ઉપયોગ કેસના મુખ્ય આરોપીના માતાનું નકલી મૃત્યુ પ્રમાણપત્ર મેળવવા માટે થવાનો હતો. તપાસમાં આરોપીની ઓળખ મોહમ્મદ ઈરફાન ઈકબાલમિયા કાઝી તરીકે થઈ છે, જે વર્ષ ૨૦૦૯થી વકીલાત કરી રહ્યો છે. પોલીસે જણાવ્યું કે, આ બનાવટી કોર્ટ ઓર્ડરમાં એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટના સીલ અને સહી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જોકે, જન્મ-મરણ વિભાગના અધિકારીઓને આ દસ્તાવેજ પર શંકા ગઈ હતી. તેમણે મેટ્રો કોર્ટમાં ક્રોસ-વેરિફિકેશન કરાવ્યું.

## રહેણાક મકાનમાં ચાલતા હાઈ પ્રોફાઈલ જુગારધામ પર એલસીબીનો દરોડો

। (એજન્સી) જામનગર, તા.૨૭ ।

જામનગર નજીક ફલ્લા ગામમાં એક રહેણાક મકાનમાં હાઈ પ્રોફાઈલ જુગારધામ ચાલી રહ્યું છે, અને જામનગર, ફલ્લા ધ્રોલ સહિતના આસપાસના વિસ્તારના કેટલાક અઠંગ જુગારીઓ મોટો દાવ લગાવીને જુગાર રમવા માટે આવ્યા છે, તેવી ચોક્કસ બાતમી જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમને મળી હતી. જે બાતમીના આધારે ગઈકાલે મોડી રાત્રે એલસીબીની ટુકડીએ ફલ્લા ગામમાં રહેતા નિતેશ ગણેશભાઈ ધમસાણીયા નામના ખેડૂતના રહેણાક મકાન પર ઓચિંતો દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન આઠ જુગારીઓ ગંજીપાના વડે હારજીતનો જુગાર રમી રહેલા મળી આવ્યા હતા. આથી એલસીબીની ટુકડીએ મકાન માલિક મિતેશ ગણેશભાઈ ધમસાણીયા ઉપરાંત મીત કાનજીભાઈ દલસાણીયા, વસંત હરખાભાઈ નાગપરા, બીપીન વીરજીભાઈ અઘેરા, વિનોદ સવજીભાઈ કાનાણી, નિલેશ ભવનભાઈ ભીમાણી, જયસુખ નારણભાઈ ધમસાણીયા, અને અરવિંદ મોહનભાઈ ભીમાણીની અટકાયત કરી લીધી છે. તેઓ પાસેથી રૂપિયા ૧૧,૦૩,૦૦૦ની રોકડ રકમ, આઠ નંગ મોબાઈલ ફોન અને એક મોટરસાયકલ સહિત રૂપિયા ૧૨,૩૮,૦૦૦ની માલમતા કબજે કરી લીધી છે.

### જય સોનીના 'ડ્રીમલેન્ડ' ટેટૂ સ્ટુડિયોમાં ટેટૂ કરાવવા ગઈ હતી

# નવસારીમાં આદિવાસી યુવતી સાથે દુષ્કર્મ કરનાર ભાજપનો કાર્યકર પોલીસના શરણે

। (એજન્સી) નવસારી,તા.૨૭ ।

નવસારીના ટેટૂ આર્ટિસ્ટ અને ભાજપના પૂર્વ મિડિયા સેલ કન્વીનર જય અનિલભાઈ સોની (ઉ.વ. ૩૩) એ પાંચ મહિના પહેલાં નોંધાયેલા દુષ્કર્મ અને એટ્રોસિટીના ગુનામાં પોલીસ સમક્ષ સરન્ડર કર્યું છે. આરોપી જય સોનીએ લગ્નની લાલચ આપી એક આદિવાસી યુવતી સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા, જેના કારણે યુવતી ગર્ભવતી બની હતી. ત્યારબાદ તેણે યુવતીને તરછોડી દઈ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. દોઢ વર્ષ પહેલાં આદિવાસી યુવતી તેની એક મિત્ર સાથે જય સોનીના 'ડ્રીમલેન્ડ' ટેટૂ સ્ટુડિયોમાં ટેટૂ કરાવવા ગઈ હતી. ત્યાં જય સોનીએ યુવતીનો મોબાઈલ નંબર મેળવી તેને 'આઈ લવ યુ' અને 'તને હગ કરવું છે' જેવા મેસેજ મોકલીને પ્રેમજાળમાં ફસાવી હતી. તેણે યુવતીને કહ્યું કે તે તેની પત્નીને ડાયવોર્સ આપવાનો છે અને પછી તેની સાથે લગ્ન કરી લેશે. આ લાલચ આપીને તે યુવતીને અલગ-અલગ સ્થળે લઈ ગયો અને તેની સાથે અનેક વખત શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ સંબંધોના પરિણામે યુવતી ગર્ભવતી બની હતી. ત્યારે જય સોનીએ ગર્ભપાત કરાવવા માટે દબાણ કર્યું અને ધમકી આપી કે જો ગર્ભપાત નહીં કરાવે તો તે લગ્ન નહીં કરે. આ બ્લેકમેલિંગથી ડરીને યુવતીએ ખાનગી હોસ્પિટલમાં ગર્ભપાત કરાવ્યો હતો.ગર્ભપાત પછી પણ જય સોની લગ્ન માટે બહાના કાઢતો રહ્યો. આખરે યુવતી તેના ઘરે પહોંચી અને તેના માતા-પિતાને તમામ વાત જણાવી. પરંતુ, જય સોનીના માતા-પિતાએ યુવતીનું જાતિગત અપમાન કરતા કહ્યું કે, 'તારા જેવીને અમે ઘરકામ કરવા પણ નહીં રાખીએ.' અને 'અમારા પુત્ર સાથેની તું અઢારમી છે, એમ કહી જાતિ વિષયક અપમાનિત કરતી ગાળો આપીને કહ્યું કે, અમારી પોલીસમાં ખૂબ મોટી મોટી ઓળખાણ છે, તારે જ્યાં જવું હોય ત્યાં જા, અમારું કોઈ બગાડી નહીં શકે.' આ અંગે યુવતીએ નવસારી ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે જય સોની સામે દુષ્કર્મ અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી હતી. પરંતુ, જય સોની ફરાર થઈ ગયો હતો. તેણે કાયદેસરની રાહત મેળવવા માટે પ્રથમ નવસારી સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી, પરંતુ તે નિષ્ફળ રહી. ત્યારબાદ તેણે ગુજરાત હાઈકોર્ટમાં એફઆઈઆર રદ કરવા અને આગોતરા જામીન માટે અરજી કરી હતી. આખરે, હાઈકોર્ટમાં પણ જામીન અરજી પાછી ખેંચી લેવાની ફરજ પડતા બુધવારે જય સોનીએ નવસારી એસ.સી., એસ.ટી. સેલના ડી.વાય.એસ.પી. હરેશ યાંદુ સમક્ષ શરણાગતિ સ્વીકારી હતી. પોલીસે તેની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી

# પાલનપુરના ગઢને તાલુકો બનાવવા લોકોએ સરકાર સામે બાંયો ચઢાવી

### ૩૦ વર્ષથી તાલુકો બનાવવા માગ કરવામાં આવી હોવા છતાં તેને તાલુકો નહીં બનાવાતા ૩૦ ગામના લોકોએ વિરોધ નોંધાવ્યો

। (એજન્સી) પાલનપુર, તા.૨૭ ।

ગુજરાત સરકારે બુધવારે ૧૭ નવા તાલુકાઓની જાહેરાત કરી હતી. આ નવા તાલુકાઓનું નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. બીજી ઓક્ટોબરથી નવા તાલુકા અસ્તિત્વમાં આવશે. બીજી તરફ બનાસકાંઠા જિલ્લાના વિભાજન અંગે નોટિફિકેશન જાહેર કરાયું છે. વાવ- થરાદ જિલ્લો પણ બીજી ઓક્ટોબરથી અસ્તિત્વમાં આવશે. આ દરમિયાન બનાસકાંઠામાં ફરીવાર વિરોધ શરૂ થયો છે. પાલનપુર તાલુકાના ગઢ ગામને ૩૦ વર્ષથી તાલુકો બનાવવા માગ કરવામાં આવી હોવા છતાં તેને તાલુકો નહીં બનાવાતા ૩૦ ગામના લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. બીજી ઓક્ટોબરથી વાવ-થરાદ તાલુકો અસ્તિત્વમાં આવશે. રાજ્ય સરકારે બનાસકાંઠાના વિભાજન બાદ ચાર નવા તાલુકાઓ બનાવીને તેનું નોટિફિકેશન બહાર પાડી દીધું છે. આ દરમિયાન પાલનપુર તાલુકાના ગઢ ગામને તાલુકો બનાવવા માટે છેલ્લા ૩૦ વર્ષથી માગ કરવામાં આવી છે. આ વખતે પણ સરકારે ગઢને તાલુકો નહીં બનાવતા આસપાસના ૩૦ ગામના લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. તેમણે ચીમકી ઉચ્ચારી હતી કે, આગામી ચૂંટણીઓનો બહિષ્કાર કરવામા આવશે અને ઉગ્ર આંદોલન કરાશે. પાલનપુર તાલુકાના ૨૦ હજારથી પણ વધુ વસ્તી ધરાવતા ગઢ ગામમાં સરકારી હોસ્પિટલ,પશુ દવાખાનું,પોલીસ સ્ટેશન,વિધુત કચેરી સહિત અનેક સરકારી કચેરીઓ આવેલી છે. ગઢ ગામ આજુબાજુના ૩૫થી ૪૦ ગામોથી વેપાર ધંધા સાથે સંકયાળેલુ છે.ગઢ ગામમાં અનેક કચેરીઓ સહિત બેંક અને ૧૦૦ જેટલા હીરાના કારખાના હોવાથી આજુબાજુના ગામોના લોકો ધંધાર્થે ગઢમાં રોજ અવરજવર કરે છે. તેની ગઢ પંથકના વિસ્તારના વિકાસ માટે ગઢને તાલુકો બનાવવો જોઈએ તેવી ગઢના રહીશો સહિત આજુબાજુના ગામોના લોકો પણ વર્ષોથી માંગ કરી રહ્યા છે.અનેક વાર નેતાઓ ચૂંટણી સમયે ગઢને તાલુકો બનાવવાની વાત કરીને વાયદાઓ આપે છે પરંતુ ત્યાર બાદ કશું થતું નથી. સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને તેમાંથી નવો વાવ-થરાદ જિલ્લો બનાવી તેમજ બનાસકાંઠામાં નવો હડાદ તાલુકો અને ઓગડ તાલુકો તેમજ વાવ -થરાદ જિલ્લામાં નવો રાહ અને ધરણીધર તાલુકો બનાવી તેનું નોટિફિકેશન બહાર પડતા ગઢ પંથકના લોકોમાં સરકારના વલણ સામે ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

### એજન્સીઓ અને કર્મચારીઓ વિરૂદ્ધ ફરિયાદ

## અમદાવાદમાં નકલી ઘીની ફેક્ટરી પકડાઈ, બાતમીના આધારે SOGના દરોડા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદ ગ્રામ્યના સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG) દ્વારા ગુરુવારે કાંભા પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં આવેલા એક ઔદ્યોગિક એકમ પર દરોડો પાડવામાં આવ્યો હતો, જ્યાંથી ૧.૫૯ લાખ રૂપિયાનું ૨૨૦ કિલોથી વધુ શંકાસ્પદ ભેળસેળવાળું ઘી જપ્ત કરવામાં આવ્યું છે અને ૫૪૩ કિલો ઘી ઘટનાસ્થળે જ નાશ કરવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, વહેરાલ ગામ પાસે આવેલા વાઈબ્રન્ટ મેગા ઈન્ડસ્ટ્રિયલ પાર્કના શેડ-૧માં દરોડો પાડવામાં આવ્યો હતો. અહીં 'માઁ અર્બુદા પ્રોડક્ટ'ના સંચાલક દ્વારા કથિત રીતે ભેળસેળવાળું ઘી વેચવામાં આવતું હતું. દરોડા દરમિયાન ઘટનાસ્થળેથી અધિકારીઓએ ૨૨૩.૨ કિલોગ્રામ શંકાસ્પદ ભેળસેળવાળું ઘી કબજે કર્યું હતું, જેની અંદાજિત કિંમત ૧.૫૯ લાખ રૂપિયા છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓએ લેબોરેટરી પરીક્ષણ માટે ઘીના નમૂના લીધા છે અને આગળવી કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં એકમના સંચાલક અને મુખ્ય આરોપીની ઓળખ દહેગામમાં રહેતા જીગર પ્રજાપતિ તરીકે થઈ છે. ઓપરેશન દરમિયાન, વપરાશ માટે અયોગ્ય ૫૪૩ કિલો ઘીનો અન્ય સ્ટોક ઘટનાસ્થળે જ નાશ કરવામાં આવ્યો છે, જેની કિંમત ૩.૪૩ લાખ હતી. પોલીસ તપાસમાં એકમના સંચાલક અને મુખ્ય આરોપીની ઓળખ દહેગામમાં રહેતા જીગર પ્રજાપતિ તરીકે થઈ છે. ઓપરેશન દરમિયાન, વપરાશ માટે અયોગ્ય ૫૪૩ કિલો ઘીનો અન્ય સ્ટોક ઘટનાસ્થળે જ નાશ કરવામાં આવ્યો છે, જેની કિંમત ૩.૪૩ લાખ હતી.

### હીરા ઉદ્યોગમાં ફરી એકવાર વિશ્વાસઘાત અને છેતરપિંડીનો બનાવ

# ડાયમંડ પેમેન્ટ કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ, વેપારીને રૂપિયા ૧.૩૫ કરોડનો ચૂનો ચોપડ્યો

**આરોપી જીમિત સવાણીએ વેપારી પાસેથી ૩૦ એપ્રિલથી ૨૬ સપ્ટેમ્બરની વચ્ચે કુલ રૂપિયા ૧,૩૫,૭૨,૫૮૦ની કિંમતના હીરાની ખરીદી કરી હતી**

। (એજન્સી) સુરત, તા.૨૭ ।



સુરત શહેરના હીરા ઉદ્યોગમાં ફરી એકવાર વિશ્વાસઘાત અને છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. આ વખતે ડાયમંડ વેપારીનો વિશ્વાસ જીતીને રૂપિયા ૧,૦૦,૯૨,૭૮૦ નું જંગી પેમેન્ટ ન ચૂકવનાર મુખ્ય આરોપી જીમિત સવાણીની ઈકો સેલ (આર્થિક ગુના નિવારણ શાખા) દ્વારા ધરપકડ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ, આરોપી જીમિત સવાણીએ વેપારીને વિશ્વાસ અપાવ્યો હતો કે તેના પિતા જીતેન્દ્ર સવાણી અને ભાઈ ઋત્વિક સવાણી મુંબઈમાં હીરાનો મોટો વેપાર સંભાળે છે. આ વિશ્વાસના આધારે તેણે ફરિયાદી વેપારી પાસેથી નેચરલ ડાયમંડ (LB હીરા)નો મોટો જથ્થો ખરીદ્યો હતો અને ૪૫થી ૬૦ દિવસમાં પેમેન્ટ ચૂકવવાની શરત નક્કી કરી હતી.

તપાસમાં સામે આવેલી વિગતો અનુસાર, આરોપી જીમિત સવાણીએ વેપારી પાસેથી ૩૦ એપ્રિલથી ૨૬ સપ્ટેમ્બરની વચ્ચે કુલ રૂપિયા ૧,૩૫,૭૨,૫૮૦ ની કિંમતના હીરાની ખરીદી કરી હતી. જોકે, આટલો મોટો માલ લીધા બાદ તેણે માત્ર રૂપિયા ૩૪,૭૯,૮૦૦નું જ આંશિક પેમેન્ટ ચૂકવ્યું હતું, અને બાકીના રૂપિયા ૧ કરોડથી વધુ રકમ લાંબા સમય સુધી ચૂકવવામાં આનાકાની કરી હતી. જ્યારે વેપારી દ્વારા બાકી પેમેન્ટ માટે સતત દબાણ કરવામાં આવ્યું, ત્યારે જીમિત, તેના પિતા જીતેન્દ્ર અને ભાઈ ઋત્વિક માત્ર અલગ-અલગ વાયદાઓ આપીને સમય પસાર કરતા રહ્યા. અંતે, ત્રણેય આરોપીઓએ ફરિયાદી વેપારીના મોબાઈલ નંબર બ્લેક લિસ્ટમાં નાખી દીધા હતા, જેના કારણે વેપારી સંપર્ક વિહોણા બન્યા હતા.પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો ખ્યાલ આવતા જ વેપારીએ તાત્કાલિક ઈકો સેલમાં ફરિયાદ નોંધાવી હતી.

## દાહોદની શાળામાં ૧૩ વર્ષની વિદ્યાર્થિનીનું તબિયત લથડ્યા બાદ મોત

। (એજન્સી) દાહોદ,તા.૨૭ ।

દાહોદ જિલ્લાના ફતેપુરામાં આવેલી જ્ઞાનશક્તિ રેસીડેન્સી સહજાનંદ સ્કૂલમાં એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. શાળામાં ધોરણ ૮માં અભ્યાસ કરતી ૧૩ વર્ષીય વિદ્યાર્થિની ધર્મિષ્ઠા ભાભોરનું અચાનક તબિયત લથડ્યા બાદ મોત થયું છે. આ ઘટનાને પગલે સમગ્ર શાળા અને પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ધર્મિષ્ઠા શાળામાં હતી ત્યારે તેની તબિયત અચાનક બગડી હતી. શાળાના સ્ટાફ દ્વારા તાત્કાલિક તેને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન તેનું કરુણ અવસાન થયું હતું. વિદ્યાર્થિનીના મૃત્યુ બાદ તેના પરિવારજનોએ તત્કાલ પોલીસને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. ધર્મિષ્ઠાનું મોત કયા કારણોસર થયું તે જાણવા માટે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ગુજરાત હાઇકોર્ટમાં 'આર્બિટ્રેશન કાયદા પર ગુજરાત' વિષય પર મનોમંથન કાર્યક્રમ યોજાયો

# હાઇકોર્ટની આ ઐતિહાસિક પરિષદમાં મહાનુભાવો દ્વારા આર્બિટ્રેશન સંબંધિત કાયદાઓ પર ઊંડાણપૂર્વકની ચર્ચા કરવામાં આવી

**ભારતમાં વિવાદ નિરાકરણ માટે આર્બિટ્રેશન (મધ્યસ્થી) એક પસંદગીનું માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે, જેને આંતરરાષ્ટ્રીય ધોરણો સાથે સુસંગત બનાવવા માટે ન્યાયપાલિકા અને સંસદ સતત પ્રયત્નશીલ છે**





। (માહિતી) અમદાવાદ, તા.૨૭ ।

ભારતમાં વિવાદ નિરાકરણ માટે આર્બિટ્રેશન (મધ્યસ્થી) એક પસંદગીનું માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે, જેને આંતરરાષ્ટ્રીય ધોરણો સાથે સુસંગત બનાવવા માટે ન્યાયપાલિકા અને સંસદ સતત પ્રયત્નશીલ છે.

આ પ્રયાસના ભાગરૂપે, ગુજરાત હાઈકોર્ટે, ગુજરાત રાજ્ય ન્યાયિક અકાદમીના સહયોગથી, ૨૦ અને ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ અમદાવાદ સ્થિત ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરિયમ ખાતે 'આર્બિટ્રેશન કાયદા પર પરિષદ'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય પરિષદમાં દેશભરના આર્બિટ્રેશન કાયદાના ક્ષેત્રમાં કાર્યરત પ્રતિષ્ઠિત ન્યાયાધીશો અને વરિષ્ઠ વકીલો એકત્ર થયા હતા. તેમણે આર્બિટ્રેશન સંબંધિત કાયદાઓ પર ઊંડાણપૂર્વકની ચર્ચા કરી અને આધુનિક પડકારોને ધ્યાને રાખી ભવિષ્ય માટેનો માર્ગ તૈયાર કરવા પ્રયત્ન કર્યો હતો. મુખ્ય અતિથિ વિશેષ, ભારતની સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ ન્યાયમૂર્તિ શ્રી એન. વી. અંજારિયાની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગ્રવાલ, ન્યાયમૂર્તિ એ. વાય. કોગજે, ન્યાયમૂર્તિ એ. એસ. સુપેહિયા અને ન્યાયમૂર્તિ ભાર્ગવ ડી. કારિયા હાજર રહ્યાં હતાં. મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગ્રવાલે સ્વાગત પ્રવચનમાં આ પરિષદને ગુજરાત રાજ્યમાં આર્બિટ્રેશનની કાયદાકીય પ્રકિયા આગળ વધારવા માટેનું એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન ગણાવ્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ પરંપરાગત અદાલતોની બહારના વિવાદ નિરાકરણ તંત્રને મજબૂત બનાવવા માટે ગુજરાત હાઈકોર્ટની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ન્યાયમૂર્તિ એન. વી. અંજારિયાએ તેમના ઉદ્ઘાટન પ્રવચનમાં મધ્યસ્થીની ઐતિહાસિક મૂળભૂત કલ્પના સમજાવી અને તેની આવશ્યક લાક્ષણિકતાઓ, સરળતા, નિષ્પક્ષતા, ઝડપી અને સસ્તું નિરાકરણ, નૈતિકતા અને પક્ષોની પસંદગીનો અધિકાર પર ભાર મુક્યો. આ બે દિવસ દરમિયાન વિવિધ સત્રોમાં આર્બિટ્રેશન કાયદાના મહત્ત્વપૂર્ણ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. પહેલા દિવસના સત્રમાં પક્ષ સ્વાયત્તતા અને અદાલતોની સહાયક ભૂમિકા અને મધ્યસ્થીઓ સામે પડકાર અને કાયદાકીય સિદ્ધાંત અને સમાનતાનો સિદ્ધાંત ઉપર ચર્ચા કરવામાં આવી હતી. બીજા દિવસના સત્રમાં અંતરિમ ઉપાયો, એન્ટી-સૂટ ઈન્જક્શન, કાયદાકીય મધ્યસ્થી, મંડેટનું સમાપ્ત થવું અને વિકલ્પ મધ્યસ્થી અને એવોર્ડની રચના, ખર્ચ તથા પ્રક્રિયાનું સમાપ્ત થવું, એવોર્ડનો અમલ, અદાલતોની અધિકક્ષેત્રતા અને સમયમર્યાદા વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી. આ પરિષદનું સમાપન ભારતના સોલિસિટર જનરલ શ્રી તુષાર મહેતાના ઉદ્બોધન સાથે થયું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભારતમાં આર્બિટ્રેશન સફળતાને લગતા કોઈ સુવ્યવસ્થિત અભ્યાસ નથી. તેમના મતે, આર્બિટ્રેશન ક્ષેત્રમાં સૌથી મોટો પડકાર છે. 'આર્બિટ્રેટરની ઈમાનદારી અને પ્રામાણિકતા અંગેનો વિશ્વાસ'માં શ્રી મહેતાએ આશા વ્યક્ત કરી કે, ગુજરાતમાં એક મજબૂત સંસ્થાગત આર્બિટ્રેશન કેન્દ્ર સ્થાપવાની ક્ષમતા છે, જે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિશ્વાસપાત્ર બની શકે છે. આ પરિષદે ભારતીય આર્બિટ્રેશન પ્રણાલીને મજબૂત કરવા અને તેના ભાવિ પડકારોનો સામનો કરવા માટે એક મહત્ત્વપૂર્ણ મંચ પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા ન્યાયપાલિકાના ન્યાયાધીશો અને વકીલો ભૌતિક રીતે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે ઘણા વકીલો રૂૈહી પર સીધા પ્રસારણ દ્વારા ઓનલાઈન જોડાયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



જમ્મુના કાલી મંદિરમાં ચાલી રહેલા 'નવરાત્રી' ઉત્સવ દરમિયાન એક બાળકીને લઈને પ્રાર્થના કરતી એક મહિલા.

### ભીડ બેકાબૂ થતાં પોલીસે કર્યો લાઠીચાર્જ

# યુપીમાં પોસ્ટર વિવાદ : જુમ્માની નમાઝ બાદ ભારે હોબાળો થયો

**પોલીસે વિસ્તારમાં ફ્લેગમાર્ચની જાહેરાત કરી છે. જેથી પુનઃ શાંતિ સ્થાપિત કરી શકાય : મોટાપાયે પોલીસ તૈનાત**

। (એજન્સી) બરેલી, તા.૨૭ ।

યુપીના બરેલીમાં આજે શુક્રવારે વિવાદ સર્જાયો છે. જુમ્માની નમાજ બાદ મોટી સંખ્યામાં લોકો આઈ લવ મોહમ્મદ લખેલા પોસ્ટર લઈ રસ્તા પર ઉમટી પડ્યા હતા. તેમજ સૂત્રોચ્ચાર કરતાં ઈસ્લામિયા ગ્રાઉન્ડ વ ખલીલ સ્કૂલ ચોક તરફ આગળ વધ્યા હતા. આ વિસ્તારમાં પહોંચતાં જ પોલીસે ભીડને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ભીડ બેકાબૂ બની હતી. આ ટોળાએ પોલીસ પર પથ્થરમારો કરતાં સ્થિતિ વણસી હતી. પોલીસે આકરું વલણ હાથ ધરતાં ટોળા પર લાઠીચાર્જ કર્યો હતો. જેથી વિસ્તારમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. શુક્રવારે નમાજ પૂરી થયા બાદ મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતાં. તેઓ સૂત્રોચ્ચાર કરતાં ખલીલ તિરાહા તરફ આગળ વધ્યા હતાં. પોલીસે આ લોકોને ઈસ્લામિયા તરફ જતાં અટકાવ્યા હતા. ઘટના સ્થળે પોલીસ દળે બેરિકેડ લગાવી રોકવાનો પ્રયાસ કર્યો હતો. જેથી ભીડ બેકાબૂ બની હતી અને પોલીસ પર જ પથ્થરમારો શરુ કર્યો હતો. ઉપદ્રવીઓએ બે મોટરસાયકલ અને દુકાનમાં તોડફોડ કરી હતી. સ્થિતિને કાબૂમાં લેવા અને ઉપદ્રવને શાંત કરવા



માટે પોલીસ લાઠીચાર્જ કરવા મજબૂર બની હતી. લાઠીચાર્જ બાદ ટોળું વિખેરાઈ ગયું હતું. ઘટનાસ્થળે આશરે ૨૦૦ મીટરના અંતરમાં ચંપલો-જૂતા અને પથ્થરો જોવા મળી રહ્યા છે. જે વિવાદની ગંભીરતા દર્શાવે છે. પરિસ્થિતિ વણસી હોવાની સૂચના મળતાં જ ડીઆઈજી અજય સાહની, એસપી સિટી સહિત પોલીસ અને વહીવટીતંત્ર ઘટનાસ્થળે પહોંચ્યું હતું. પોલીસે વિસ્તારમાં ફલેગમાર્ચની જાહેરાત કરી છે. જેથી પુનઃ શાંતિ સ્થાપિત કરી શકાય. હાલ વિસ્તારમાં મોટાપાયે પોલીસ દળ તૈનાત છે. ઈત્તેહાદ-એ-મિલ્લત કાઉન્સિલ (IMC) ના વડા મૌલાના તૌકીર રઝા ખાને જાહેરાત કરી હતી કે ૨૬ સપ્ટેમ્બરના રોજ, શુક્રવારની નમાજ પછી, એક ટોળું ઈસ્લામિયા ગ્રાઉન્ડ પર એકઠી થશે.

## ન્યૂઝ બ્રિફ

### પોલીસે કાર્યવાહી હાથ ધરતાં સોનમ વાંગચુકની ધરપકડ



। (એજન્સી) લદ્દાખ, તા.૨૭ ।

લદાખને રાજ્યનો દરજ્જો આપવાની માગ સાથે ભડકી ઉઠેલી હિંસા મામલે પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરતાં સોનમ વાંગચુકની ધરપકડ કરી હતી. વહીવટીતંત્રે લદાખમાં રાજ્યનો દરજ્જોની માગ કરતા હિંસક આંદોલનમાં ચારના મોત બદલ સોનમ વાંગચુકને જવાબદાર ઠેરવ્યા હતા. માહિતી અનુસાર સોનમ વાંગચુક બપોરે ૨ઃ૩૦ વાગ્યે પ્રેસ કોન્ફરન્સ કરવાના હતા, પરંતુ તે પહેલાં જ પોલીસે તેમની ધરપકડ કરી લીધી. ઉલ્લેખનીય છે કે ગુરુવારે, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુક દ્વારા સ્થાપિત સ્ટુડન્ટ્સ એજ્યુકેશનલ એન્ડ કલ્ચરલ મૂવમેન્ટ ઓફ લદ્દાખ(SECMOL)ના FCRA લાયસન્સને તાત્કાલિક અસરથી રદ કરી દીધું હતું. લદાખ માટે રાજ્યનો દરજ્જો અને બંધારણીય સુરક્ષાની માંગણી સાથે શાંતિપૂર્ણ આંદોલનનું નેતૃત્વ કરી રહેલા સોનમ વાંગચુકે પોતાની વ્યક્તિગત સલામતી અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. લદાખમાં થયેલી હિંસા બાદ સરકારે ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકના દ્રર્દ્યનું ફ્ઝઈછ લાયસન્સ રદ કરી વિદેશી ફંડિંગ પર રોક લગાવી છે. આ મામલે હવે તપાસ પણ શરુ કરી દેવાઈ છે. જે બાદ વાંગચુકે કહ્યું છે કે સરકાર મારા જેવી નાની વ્યક્તિ પર તમામ દોષનો ટોપલો ઢોળવા માંગે છે. હું જેલ ગયો તો યુવાનો જાગી જશે. વાંગચુકે કહ્યું, કે થોડા મહિનામાં લદાખમાં ચૂંટણી થવાની છે. લોકો સવાલ કરી રહ્યા છે કે જે વાયદા કર્યા હતા તે પૂર્ણ કરો.

### કોઈ સમુદાયના નેતાનું અપમાન એ ધર્મનું અપમાન ન ગણાય



। (એજન્સી) ઔરંગાબાદ, તા.૨૭ ।


બોમ્બે હાઈકોર્ટની ઔરંગાબાદ બેન્ચે લાતુરના એક ઉદ્યોગપતિ સામે નોંધાયેલી ફરિયાદ રદ કરી હતી. બોમ્બે હાઈકોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે, બારમાં દારૂ પીધેલી હાલતમાં થયેલી બોલાચાલી દરમિયાન સામાજિક-રાજકીય નેતા સાથે દુર્વ્યવહાર કરવો એ ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૨૯૫છ અથવા ૫૦૪ હેઠળ ગુનો નથી. આ ઉપરાંત હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે સામાજિક-રાજકીય મહાનુભવ માટે કોઈ પણ દુર્વ્યવહાર અથવા અપમાનજનક શબ્દોનો ઉપયોગ કોઈ ધર્મના અપમાન સમાન ન હોઈ શકે. ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૨૯૫છ એવા કેસોમાં લાગુ પડે છે, જ્યાં કોઈપણ સમુદાયની ધાર્મિક લાગણીઓને જાણી જોઈને અને દ્વેષપૂર્ણ રીતે ઠેસ પહોંચાડવામાં આવી હોય. બીજી તરફ કલમ ૫૦૪ એવી પરિસ્થિતિઓનો સામનો કરે છે જ્યાં કોઈ વ્યક્તિ ઈરાદાપૂર્વક અન્ય વ્યક્તિનું અપમાન કરે છે જેથી તે અન્ય વ્યક્તિને ગુનો કરવા માટે ઉશ્કેરે અથવા જાહેર શાંતિનો ભંગ કરે. અહેવાલો અનુસાર, આ કેસ ૧૨મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ કિલારીના કિનારા બારમાં બનેલી ઘટના પર છે. લાતુરના ઔસા તાલુકાના એક વેપારી પર દારૂ પીધેલી હાલતમાં વેઈટર સાથે ગેરવર્તન કરવાનો અને મરાઠા અનામત આંદોલન સાથે સંકળાયેલા કાર્યકર મનોજ જરાંગે વિશે વાંધાજનક ટિપ્પણી કરવાનો આરોપ છે.

# શૌચાલયનો દરવાજો ખોલતાની સાથે ૪૦ સગીરા બહાર આવી

**અધિકારીઓ, પોલીસ અને વહીવટી ટીમો ગેરકાયદેસર મદરેસાનું નિરીક્ષણ કરવા પહોંચી ત્યારે દ્રશ્યે બધાને સ્તબ્ધ કર્યા**

। (એજન્સી) બહરાઇચ, તા.૨૭ ।

ઉત્તર પ્રદેશના બહરાઈચ જિલ્લાના પયાગપુર વિસ્તારમાં ગેરકાયદેસર મદરેસાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પેહલવાડા ચાર રસ્તા પર ત્રણ માળની ઈમારતમાં વર્ષોથી પરવાનગી વિના આ મદરેસા ચાલી રહી હતી. પોલીસે ત્યાંથી આશરે ૪૦ સગીર છોકરીઓને બહાર કાઢી હતી. સ્થાનિક વહીવટીતંત્રને માહિતી મળી હતી, જેના પગલે જીલ્લા અને પોલીસ ટીમે મદરેસા પર દરોડો પાડ્યો હતો, ઉત્તર પ્રદેશના બહરાઈચથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યારે અધિકારીઓ, પોલીસ અને વહીવટી ટીમો સાથે, ગેરકાયદેસર મદરેસાનું નિરીક્ષણ કરવા પહોંચ્યા, ત્યારે દ્રશ્યે બધાને સ્તબ્ધ કરી દીધા. શૌચાલયનો દરવાજો ખોલતાની સાથે જ, સગીર છોકરીઓ એક પછી એક બહાર આવવા લાગી. તે બધી સગીર હતી. લઘુમતી કલ્યાણ વિભાગે મદરેસાને તાત્કાલિક બંધ કરવાનો અને છોકરીઓને સુરક્ષિત રીતે ઘરે મોકલવાનો આદેશ આપ્યો છે. હકીકતમાં, પયાગપુર જિલ્લા વિસ્તારમાં ત્રણ માળની ઈમારતમાં



એક મદરેસા ગેરકાયદેસર રીતે કાર્યરત હતું. ત્યાં કેટલીક અભદ્ર પ્રવૃત્તિઓ થઈ રહી હોવાની ફરિયાદો મળી હતી. પયાગપુર તહેસીલ સબ-ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અશ્વિની કુમાર પાંડેએ જણાવ્યું હતું કે, ફરિયાદના આધારે, તેઓ અને તેમની ટીમ પેહલવાડા ગામમાં ત્રણ માળની ઈમારતમાં કાર્યરત ગેરકાયદેસર મદરેસાનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા. તેમણે સમજાવ્યું, "મદરેસા સંચાલકોએ શરૂઆતમાં અમને ઉપરના માળે જતા અટકાવ્યા હતા. જ્યારે અમે પોલીસની હાજરીમાં મદરેસામાં પ્રવેશ કર્યો, ત્યારે અમને છતના શૌચાલયનો દરવાજો બંધ જોવા મળ્યો. જ્યારે મહિલા પોલીસ દળે દરવાજો ખોલ્યો, ત્યારે અંદરનું દ્રશ્ય આઘાતજનક હતું. શૌચાલયમાં છુપાયેલી ચાલીસ છોકરીઓ એક પછી એક બહાર આવવા લાગી. તે બધી ૯ થી ૧૪ વર્ષની હતી. છોકરીઓ ગભરાઈ ગઈ હતી અને બોલી શકતી ન હતી." જિલ્લા લઘુમતી કલ્યાણ અધિકારી મોહમ્મદ ખાલિદે જણાવ્યું હતું કે જ્યારે છોકરીઓને શૌચાલયમાં કેમ બંધ કરવામાં આવી હતી તે પૂછવામાં આવ્યું ત્યારે, મદરેસા શિક્ષક તકસીમ ફાતિમાએ સમજાવ્યું કે ઈન્સ્પેક્ટરના અચાનક આગમનથી થયેલા ગભરાટને કારણે તેઓ પોતે શૌચાલયમાં છુપાઈ ગયા હતા. ખાલિદે ઉમેર્યું, "મદરેસાના રેકોર્ડની તપાસ શરૂ કરવામાં આવી છે. હાલ પૂરતું મદરેસા બંધ કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે."

### અન્ય દેશો પર વધુ પડતી નિર્ભરતાથી દેશની વૃદ્ધિ અવરોધાય છે : વડાપ્રધાન

# સમયની કસોટીમાં પાર ઉતરેલા ભારત-રશિયાના સંબંધો વધુ મજબૂત બનશે : પીએમ

। (એજન્સી) ગ્રેટર નોઈડા, તા.૨૭ ।

ભારત અને રશિયા વચ્ચેની દાયકાઓ જુની મિત્રતા જગત જમાદાર અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આંખમાં કણાંની જેમ ખૂંચી રહી છે. રશિયા સાથે ઓઈલ અને શસ્ત્રો સહિતનો વેપાર કરવા બદલ ટ્રમ્પે ભારત પર ૫૦ ટકાની જંગી ટેરિફ લાદી છે. જોકે ટ્રમ્પની ધાક-ધમકીઓને વશ થયા વગર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે એક કાર્યક્રમ દરમિયાન રશિયા સાથેની મજબૂત ભાગીદારી પર ભાર મૂક્યો હતો. ઉત્તરપ્રદેશમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય ટ્રેડ શોમાં વડાપ્રધાને દેશને આત્મનિર્ભર બનાવવા પર ભાર મુકતા જણાવ્યું હતું કે, ભારતે હવે અન્ય દેશ પર નિર્ભર નથી રહેવું. આ વખતે રશિયા આ આંતરરાષ્ટ્રીય ટ્રેડ શોનું પાર્ટનર છે, જેનો અર્થ એ છે કે સમયની કસોટીમાં ખરાં ઉતરેલાં બંને દેશોના સંબંધો આ ટ્રેડ શોના માધ્યમથી વધુ મજબૂત બનશે. પીએમ



મોદીએ જણાવ્યું હતું કે, ભારતીય સશસ્ત્ર દળો બાહ્ય નિર્ભરતા ઘટાડી સ્વદેશી ઉકેલો ઈચ્છે છે. દેશ આત્મનિર્ભર બનવો જ જોઈએ, જે વસ્તુઓનું ઉત્પાદન ભારતમાં શક્ય હોય તે અહીં જ બનાવવી જોઈએ. વૈશ્વિક અવરોધો અને અનિશ્ચિતતા વચ્ચે પણ ભારતની વૃદ્ધિ આકર્ષક દરે જળવાઈ રહી હોવાનું જણાવતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, સતત પરિવર્તનમાંથી પસાર થઈ રહેલાં વર્તમાન વિશ્વમાં જે દેશ અન્ય દેશો પર જેટલો વધુ આધાર રાખે છે તેની વૃદ્ધિ એટલી જ વધુ અવરોધાય છે.

### જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રીના પ્રહાર

# ભાજપ તેની નિષ્ફળતાઓનું ઠીકરું બીજાના માથે ફોડે છે

। (એજન્સી) જમ્મુ, તા.૨૭ ।

લદાખમાં તાજેતરમાં થયેલી હિંસા માટે કેન્દ્રની સત્તાધારી પાર્ટી ભાજપે કોંગ્રેસને જવાબદાર ઠેરવતાં, જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આકરી પ્રતિક્રિયા આપી છે. તેમણે કોંગ્રેસનો બચાવ કરતાં કહ્યું કે, ભાજપને પોતાની નિષ્ફળતાઓનો દોષ હંમેશા બીજાના માથે ઢોળવાની આદત છે અને લેહની હિંસા અંગેનો આ આરોપ પણ તેનું જ એક ઉદાહરણ છે. પૂરગ્રસ્ત રિયાસી જિલ્લાના ગામોની મુલાકાત લીધા પછી, પત્રકારો સાથે વાત કરતાં ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે, ઉપરાજ્યપાલના નેતૃત્વવાળા લદાખ પ્રશાસને એ વિચારવું જોઈએ કે તે વિસ્તારમાં શાંતિ જાળવવામાં અને યોગ્ય પગલાં લેવામાં કેમ નિષ્ફળ ગયું? વાસ્તવમાં, બુધવારે લેહમાં થયેલી હિંસા માટે ભાજપે કોંગ્રેસને જવાબદાર



ગણાવી હતી. આ અંગેના સવાલના જવાબમાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું કે, જ્યારે લદાખમાં ભાજપની સરકાર છે અને તેઓ પોતે શાસન આપવામાં નિષ્ફળ ગયા છે, તો પછી દોષ બીજા કોઈના માથે કેમ ઢોળી રહ્યા છો? આ સાથે જ અબ્દુલ્લાએ સ્પષ્ટ સ્વરમાં કહ્યું, કોંગ્રેસમાં એટલી તાકાત નથી કે તે લદાખમાં હિંસા ભડકાવી શકે. જો કોંગ્રેસ એટલી શક્તિશાળી હોત કે તે લદાખમાં હિંસા ભડકાવી શકે, તો તે પાર્ટીએ ત્યાં પરિષદની રચના કેમ ન કરી? લદાખમાં છેલ્લી પરિષદની ચૂંટણી કોણ જીત્યું? ભાજપ, જ્યારે કોંગ્રેસનો કારમો પરાજય થયો હતો.

## ૨૪૩ બેઠકો પર ગૌ-રક્ષક ઉમેદવારો ઉભા રાખવાની જાહેરાત કરાઈ

**શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદે જાહેરાત કરી હતી કે તેઓ તમામ ૨૪૩ બેઠકો પર "ગૌ-રક્ષક" ઉમેદવારો ઉભા રાખશે**



। (એજન્સી) પટના, તા.૨૭ ।

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી મહારાજ તેમના ધાર્મિક વિચારો અને રાજકીય નિવેદનો માટે ઘણીવાર સમાચારમાં રહે છે. આ વખતે, તેમણે બિહારના રાજકીય પરિદ્રશ્યમાં એક નવો વળાંક જાહેર કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે તેમની ટોચની પ્રાથમિકતા ગાયનું રક્ષણ છે, જેને તેઓ ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મનો આત્મા ગણાવે છે. તેમનું માનવું છે કે બિહારમાં શુદ્ધ સ્વદેશી ગાયો લગભગ લુપ્ત થઈ ગઈ છે. આ કટોકટીનો સામનો કરવા માટે, તેઓ પરંપરાગત પદ્ધતિઓથી દૂર થઈને એક નવો રાજકીય પ્રયોગ શરૂ કરી રહ્યા છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું, "હવે, મતદારોએ ગાયોના રક્ષણ માટે આગળ આવવું જોઈએ." આ જાહેરાત ત્યારે આવી છે જ્યારે બિહારમાં ચૂંટણીનું વાતાવરણ ધીમે ધીમે બની રહ્યું છે, અને મુખ્ય પક્ષો, દ્રઢછ અને મહાગઠબંધન, પોતપોતાની વ્યૂહરચના બનાવી રહ્યા છે. સ્વામી અવિમુક્તેશ્વરાનંદે સ્પષ્ટતા કરી હતી કે તેમનો કોઈ રાજકીય પક્ષ નથી અને તેઓ કોઈપણ પક્ષ સાથે ગઠબંધન કરશે નહીં. આ છતાં, તેઓ બિહારની તમામ ૨૪૩ વિધાનસભા બેઠકો પર સ્વતંત્ર ઉમેદવારો ઉભા રાખવાની યોજના ધરાવે છે. તેમણે કહ્યું કે દરેક મતવિસ્તારમાંથી ગાયના રક્ષણ માટે સમર્પિત ઉમેદવાર ચૂંટવામાં આવશે. આ ઉમેદવારોને તેમના આશીર્વાદ અને સમર્થન મળશે. આ વિરોધનું એક સ્વરૂપ છે, કારણ કે સત્તામાં રહેલા કોઈપણ પક્ષે આ મુદ્દા પર નક્કર પગલાં લીધા નથી. ભારતમાં, ગાય ફક્ત એક પ્રાણી નથી, પરંતુ ધાર્મિક અને સાંસ્કૃતિક ઓળખનું પ્રતીક છે. હિન્દુ સમાજમાં ગાયને પવિત્ર માનવામાં આવે છે, અને ગૌ રક્ષાનો મુદ્દો લાંબા સમયથી રાજકારણના કેન્દ્રમાં રહ્યો છે. સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કહ્યું, "ગાય સામેના અત્યાચાર સતત વધી રહ્યા છે.



વિદેશ મંત્રી એસ. જયશંકર અમેરિકાના ન્યુ યોર્કમાં ૨૦ વિદેશ મંત્રીઓની બેઠકમાં બોલે છે.

### શું ગેમ ચેન્જર સાબિત થશે આ દાવ?

# બિહાર ચૂંટણી પહેલા ૨૨% મહિલા મતદારો સુધી પહોંચશે ૧૦-૧૦ હજાર રૂપિયા

। (એજન્સી) પટણા, તા. ૨૭ ।

બિહારની ચૂંટણીમાં મહિલા મતદારોની મોટી ભૂમિકા હોય છે. આ જ કારણ છે કે નીતિશ કુમારનો શરૂઆતથી જ મહિલાઓ સંબંધિત યોજનાઓ પર વિશેષ ભાર રહ્યો છે. અને, મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના આ કડીમાં બિહારની મહિલાઓ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નીતિશ કુમાર તરફથી નવી ચૂંટણી ભેટ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના લોન્ચ કરતી વખતે કહ્યું, "જ્યારે આ પ્રક્રિયા ચાલી રહી હતી, ત્યારે હું વિચારતો હતો કે નીતિશજીની સરકારે બિહારની બહેનો-દીકરીઓ માટે કેટલું મોટું અને મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. જ્યારે કોઈ બહેન કે દીકરી રોજગાર કે સ્વરોજગાર કરે છે, તો તેના સપનાઓને નવી પાંખો મળે છે, અને સમાજમાં તેનું સન્માન પણ વધે છે." વડાપ્રધાન મોદીએ કહ્યું, "આ મહિનાની શરૂઆતમાં જ મને જીવિકા નિધિ સાખ સહકારી સંઘ શરૂ કરવાની તક મળી હતી. હવે આ વ્યવસ્થાની તાકાત મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના સાથે જોડાઈ જશે." વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે નવી યોજના સાથે અત્યાર સુધીમાં ૭૫ લાખ બહેનો જોડાઈ ચૂકી છે, અને એક સાથે તમામ બહેનોના બેંક ખાતામાં ૧૦,૦૦૦ મોકલવામાં આવ્યા છે.

## તંત્રી લેખ...

# લલ્લા બિહારી અને તેના પુત્રના શરતી જામીન ગુજરાત હાઈકોર્ટે મંજૂર કર્યા

અમદાવાદના ચંડોળા તળાવની જગ્યામાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયા હતા. જેમાં ચંડોળા તળાવમાં આવેલી સરકારી જમીન પર ગેરકાયદેસર ફાર્મ હાઉસ, વીજળી કનેક્શન વગેરે મામલે તંત્રએ લલ્લા બિહારી અને તેના પુત્ર ફતેહ મહમદની ધરપરડ કરી હતી. કેસમાં જામીન મેળવવા માટે આરોપીએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં આજે શુક્રવારે(૨૬ સપ્ટેમ્બર) હાઈકોર્ટે લલ્લા બિહારી અને તેના પુત્ર ફતેહ મહમદના શરતી જામીન મંજૂર કર્યા છે. મળતી માહિતી મુજબ, લલ્લા બિહારી વિરુદ્ધમાં DCB પોલીસ મથકે BNS અને ઈલેક્ટ્રિસિટી એક્ટ અંતર્ગત ગુનો નોંધાયો હતો. બંને પિતા પુત્રના DCB પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદમાં સેશન્સ કોર્ટમાં જામીન અરજી ફગાવી દેવાતાં બંને હાઈકોર્ટમાં પહોંચ્યા હતા. જેમાં આજે (૨૬ સપ્ટેમ્બર) ગુજરાત હાઈકોર્ટે પોલીસ સ્ટેશનમાં હાજરી, ભારત નહી છોડવા સહિતની શરતે જામીન મંજૂર કર્યા છે. જ્યારે પાસા એક્ટ હેઠળ બંને પિતા-પુત્ર સામે કાર્યવાહી ન થાય તેને લઈને હાઈકોર્ટમાં અરજી કરી છે. જોકે, આ મામલે આગામી દિવસોમાં સુનાવણી થશે. અમદાવાદ શહેરના ચંડોળા તળાવ અને આસપાસના વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ અને વીજ કનેકશનની સાથે અનેક ગુનાહિત પ્રવૃતિ આચરનાર અને ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશીઓને મદદ કરનાર લલ્લા બિહારી નામનો માસ્ટર માઈન્ડ સામે આવ્યો હતો. લલ્લા બિહારીને ભારે જહેમત બાદ રાજસ્થાનથી ઝડપી લેવામાં આવ્યો હતો. ૨૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ લલ્લા બિહારીના દીકરા ફતેહ મોહમદની ધરપકડ કરી હતી. પોલીસે લલ્લા બિહારીની ધરપકડ કર્યા બાદ ગત ૪ મે, ૨૦૨૫ના રોજ અમદાવાદ પોલીસની ટીમ આરોપી લલ્લા બિહારી અને તેના પુત્રને પકડીને ચંડોળા વિસ્તાર ખાતે લલ્લાએ કઈ રીતે કઈ જગ્યાએ દબાણો કર્યા હતા, તે તમામ જગ્યા પર પોલીસ લઈ ગઈ હતી અને નિવેદન નોંધ્યા હતા. અમદાવાદના ચંડોળા તળાવમાં મેગા ડિમોલિશનની કામગીરી કરીને તંત્રએ ૪૦૦૦ જેટલા ઝુંપડા, નાના-મોટા મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. લલ્લા બિહારીની ધરપકડ બાદ પોલીસે પૂછપરછમાં લલ્લા બિહારી બાંગ્લાદેશીઓની ઘુષણખોરીનું નેટવર્ક ચલાવતો હોવાનું સામે આવ્યું હતું. જે માટે તે બાંગ્લાદેશી તેમજ અન્ય એજન્ટોના સંપર્કમાં હતો. સાથે-સાથે તેણે ગેરકાયદે આવકથી સોનામાં રોકાણની સાથે કન્ટ્રક્શનના વ્યવસાયમાં તેમજ ઉત્તરપ્રદેશમાં જમીનમાં મોટાપાયે નાણાં રોક્યા હતા. નાના-મોટા મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. લલ્લા બિહારીની ધરપકડ બાદ પોલીસે પૂછપરછમાં લલ્લા બિહારી બાંગ્લાદેશીઓની ઘુષણખોરીનું નેટવર્ક ચલાવતો હોવાનું સામે આવ્યું હતું. જે માટે તે બાંગ્લાદેશી તેમજ અન્ય એજન્ટોના સંપર્કમાં હતો. સાથે-સાથે તેણે ગેરકાયદે આવકથી સોનામાં રોકાણની સાથે કન્ટ્રક્શનના વ્યવસાયમાં તેમજ ઉત્તરપ્રદેશમાં જમીનમાં મોટાપાયે નાણાં રોક્યા હતા.

## અમદાવાદ રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH47 પર માર્ગ મરામત અને સફાઈની કામગીરી પ્રગતિમાં બગોદરા લીંબડી સેક્શન પર ૪૩ કિલોમીટરના માર્ગો પર દશેક દિવસ ચાલશે કામગીરી





। (માહિતી) અમદાવાદ, તા.૨૭ ।

રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદ દ્વારા અમદાવાદ રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH47 પર માર્ગ મરામત અને સફાઈની કામગીરી શરૂ કરાવવામાં આવી હતી. આગામી ૮થી૧૦ દિવસમાં બગોદરા લીંબડી સેક્શન પર ૪૩ કિલોમીટરના માર્ગો પર માર્ગ મરામત અને માર્ગોની સાફસફાઈ સહિત નડતરરૂપ ઝાડી ઝાંખરા દૂર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. પેવર મશીન રોલરથી પેવર પટ્ટા અને પેચવર્કની કામગીરી કરવા સહિત જેસીબી અને અન્ય મશીનરી સાથે ૫૦ જેટલા કર્મયોગીઓ દ્વારા સમગ્ર સેક્શનને ટ્રાફિક અનુરૂપ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. રસ્તાની સાઈડની બાજુઓ તથા સાઈડ શોલ્ડર સહિતની તમામ માર્ગ મરામત કામગીરી ઈજારેદાર દ્વારા પૂર્ણ કરવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

**આજે આસો નવરાત્રીનો છઠ્ઠો દિવસ એટલે નવદુર્ગાનાં કાત્યાયની સ્વરૂપની પૂજા અર્ચનાનો દિવસ, દેવી સૌનાં મનોરથ પૂરા કરનારી છે**

# શક્રાદય જેવી સ્તુતિ ગમવાનો પૂરેપૂરો શ્રેય સંસ્કૃત ભાષાને જાય છે, એમ કહી શકાય!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**જેને આપણે તળપદી ભાષામાં "મેલી રમત" કહેવાય. પણ આજકાલ તંત્ર કરતાં પણ માનવી યંત્રવત્ થતો જાય છે એ, બહુ મોટી ગંભીર બાબત છે! અને એનું કારણ માત્ર એક જ છે, પ્રેમનો અભાવ! પ્રેમ, હુંફ, લાગણી, એ હવે માત્ર વ્યવહારમાં વપરાતા શબ્દો બની રહી ગયા છે, એ ખરેખર ચિંતાજનક છે, અને એમાંથી ઉગરવા મા ને શરણે જઈએ. જય અંબે.**

રૂડે ગરબે રમે છે માત અંબિકા રે... જાગો ગૌરી મૈયા તુમ જાગો ગૌરી મૈયા..બોલને માડી આજ શા શણગાર તારે સજવા... ચોખિલીયાળી ચૂંદડીમાં ગરબે રમવા આવો ને. પગલીનો પાડનાર દે ને રન્નાદે, ચાંદકી નો માંગનાર દે ને રન્નાદે... આજે આસો નવરાત્રીનો છઠ્ઠો દિવસ એટલે નવદુર્ગાનાં કાત્યાયની સ્વરૂપની પૂજા અર્ચનાનો દિવસ, દેવી સૌનાં મનોરથ પૂરા કરનારી છે. આ ઉપરાંત એવું કહેવામાં આવે છે કે છઠ્ઠને દિવસે સાધકનું મન આજ્ઞા ચક્ર પર સ્થિર થતું હોય છે. મહર્ષિ કાત્યાયન પોતાની સાધનાનાં પરિણામ સ્વરૂપે મા જગદંબા જ પોતાની પુત્રી તરીકે જન્મે એવું ઈચ્છતા હતાં, અને એટલે દુર્ગાનું આ સ્વરૂપ કાત્યાયની કહેવાયું. આજ્ઞા ચક્ર પર સ્થિર થયાં પછી સહસ્ત્રાધાર પર પહોંચવું સરળ પડે છે. એટલે કે મા દુર્ગાની સાધનાથી કુંડલીની જાગૃત થાય છે, એવી પણ વાત છે, કુંડલીની જાગૃત થવી એટલે એ તો જેની થઈ હોય તે કહી શકે, પરંતુ મુલાધાર ચક્રથી શરૂ કરીને સહસ્ત્રાધાર ચક્ર સુધી શક્તિના વલયોને ચલિત કરવાની એટલે કે ઉપર ઉઠાવવાની વાતને કુંડલીની જાગરણ કહે છે. એમાં દરેક ચક્રોનાં અલગ અલગ મંત્રો તેમજ અલગ રંગ પણ બતાવાયા છે, અને એના થકી છૂટી પડતી શક્તિ એ બહુ મોટી પ્રસિદ્ધિ અપાવે એવું કહેવાય છે, અને આપણે એક એક ચક્રનું સાત્વિક તાત્વિક ચિંતન ચૈત્રીમાં કર્યું હતું.

આપણે ત્યાં માતાજીનું સ્થાપન બાજોઠ પર કરવામાં આવે છે, અને એનો સ્થૂળ અર્થ સૌ કોઈ જાણે છે, પણ સુક્ષ્મ અર્થ જોઈએ તો, દરેકનું જીવન મુખ્યત્વે ચાર સ્તંભ પર ટેકવાયેલું હોય છે, એટલે કે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, આ ચાર પાયાને જરૂરિયાત રૂપે બતાવાયા છે. ચારે ચાર પાયા પર જીવન સરખી રીતે ગોઠવાયેલું હોય તો જ સપાટી સમતલ રહે. કોઈપણ એક પાયો વધુ મજબૂત હોય તેવું આમાં ચાલી શકે નહીં, પણ એ સમસ્યા નથી, આ આપણી સહજતા છે, અને ઈશ્વર પણ તેને કબૂલી લે છે. તો પછી આ અસંતુલનનું કારણ શું છે? ચારે ચાર પાયાની મજબુતી બની રહે એ વિશે જીવ વિચારતો નથી, અને કોઈ એક પાયો મજબૂત કરવા માટે થઈને જીવતો જોવા મળે છે, એટલે જીવન બાજોઠ પર સ્થાપિત મા શક્તિની મૂર્તિ અસંતુલિત થાય છે.

★★ શક્રાદય સ્તુતિ★★

★કેનોપમા ભવતુતેડસ્ય પરાક્રમસ્ય
રૂપં ચ શત્રુભયકાર્યતિહારિ કુત્ર
ચિત્તેકૃપા સમરનિષ્ઠુરતા ચ દૃષ્ટા
ત્વય્યેવ દેવિ વરદેભુવનત્રયેડપિ ૨૧

હે વરદાયિની દેવી! તમારા પરાક્રમની તુલના કોની સાથે થઈ શકે? તથા શત્રુઓને ભય પમાડનારું તેમજ અત્યંત મનોહર એવું આ રૂપ તમારા સિવાય અન્યત્ર છે પણ ક્યાં?હૃદયમાં દયા અને યુદ્ધમાં નિષ્ઠુરતા આ બંને બાબત ત્રણે લોકમાં કેવળ તમારામાં જ જોવા મળે છે.(૨૧)

★ત્રૈલોક્યમેતદખિલં રિપુનાશનેન
ત્રાતં ત્વયા સમરમૂર્ધનિ તેડપિ હત્વા
નીતા દિવં રિપુગણા
ભ ય મ ૫ ય ૫
ાસ્તમસ્માકમુન્મદસુરારિભવં નમસ્તે ૨૨

હે મા! તમે શત્રુઓનો નાશ કરીને આ સમસ્ત જગતનું રક્ષણ કર્યું છે;આ શત્રુઓને પણ યુદ્ધભૂમિમાં હણીને સ્વર્ગલોકમાં પહોંચાડયા છે તથા ઉન્મત્ત દૈત્યો તરફથી પ્રાપ્ત થતા અમારા ભયને પણ દૂર કરી દીધો છે.તમને અમારા નમસ્કાર છે. (૨૨)

★શૂલેન પાહિ નો દેવિ પાહિ ખડ્ગેન ચામ્બિકે
ઘણ્ટાસ્વનેન નઃ પાહિ ચાપ જ્યાનિઃસ્વનેન ચ ૨૩

હે દેવી! તમે શૂળ વડે મારું રક્ષણ કરો.હે અંબિકા!તમે ખડ્ગ વડે પણ અમારું રક્ષણ કરો તથા ઘંટનાદ અને ધનુષ્ય ટંકારવથી પણ અમારું રક્ષણ કરો. (૨૩)

★પ્રાચ્યાં રક્ષ પ્રતીચ્યાં ચ ચણ્ડિકેરક્ષ દક્ષિણે
ભ્રામણેનાત્મશૂલસ્ય ઉત્તરસ્યાં તથેશ્વરિ ૨૪

હે ચંડિકા! પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં તમે અમારું રક્ષણ કરો અને પોતાનું ત્રિશૂળ ઘુમાવીને તમે ઉત્તર દિશામાં પણ અમારું રક્ષણ કરો. (૨૪)

ઈન્દ્ર આદિ દેવતાઓ તથા ઋષિઓ માતા ભગવતી જગદંબાને પોતાનાં રક્ષણ માટે પ્રાર્થના કરે છે, અને અસ્ત્રો શસ્ત્રો થકી ભય પમાડતા શત્રુઓથી અમારી રક્ષા કરો! મા ભગવતી જગદંબાએ કયા પ્રકારના શસ્ત્રો ધારણ કર્યા છે, એનું વર્ણન પણ સ્તુતિમાં કરવામાં આવ્યું છે. પરંતુ આપણને માતાનું સૌમ્ય સ્વરૂપ વધુ રુચિકર લાગે. છેલ્લાં શ્લોકમાં મા ભગવતી ઈન્દ્ર આદિ દેવતાઓ તથા ઋષિઓનાનાં તપથી પ્રસન્ન થઈને વરદાન માંગવા કહે છે. પરંતુ આપણે રહ્યાં સંસારી, ઉપરથી ભોગી! એટલે બહુ કઠિન સાધના આપણાથી થાય નહીં, તો શું આપણને વરદાન ન મળે? શું માતાના મુખમંડલનાં દર્શન દુર્લભ છે? ભોળા હદયથી માતાને પોકારવાથી એ સાંભળે જ છે, અને ન કેમ સાંભળે! મા છે આપણી! આજ સુધીની આપણી સમસ્યાઓ હલ થયો છે, એટલે એ સાંભળે છે એ વાત પક્કી!; શક્તિની ઉપાસના કરવાથી શક્તિ જ પ્રાપ્ત થાય એ સીધી વાત છે. પરંતુ ઘણીવાર બહુ આસાનીથી પ્રાપ્ત થતી શક્તિની કિંમત નથી હોતી, અને અધરી અધરી તપશ્ચર્યામાં માનવી આખી જિંદગી અટવાતો રહે છે. આપણે પણ આ નવરાત્રીમાં શક્રાદય સ્તુતિ દ્વારા મા જગતજનની જગદંબાને પ્રસન્ન કરવા કોશિશ કરી રહ્યા છીએ.

આ સ્તુતિ થઈ ત્યારે કાળની ગણના કદાચ સતયુગ ચાલતો હશે અને ત્યારે પરમ શક્તિ દેવ, દાનવો, માનવો સાથે સહજતાથી આમને સામને ઉભા રહીને વાત કરતા હશે, અને જેવું જેનું કર્મ એ રીતે માતાના મુખમંડલનાં તેને દર્શન થતાં હશે! પરંતુ કાલચક્રની ગતિ પ્રમાણે અત્યારે ઘણો લાંબો ગાળો ચાલ્યો ગયો છે, અને છતાં આ સ્તુતિઓ આપણને અત્યંત પ્રિય છે, અને હજી પણ વિશ્વાસ છે કે, આજે આ સ્તુતિથી પોકારવાથી એ જરૂર આવશે, અને આપણી વાત સાંભળશે. શક્રાદય આદિ સ્તુતિઓ ભક્તિમય વાતાવરણ ઊભું કરવા માટે કારણ ભૂત છે. આપણે પાંચ દિવસથી એનો ભાવાનુવાદ કરીએ છીએ અને આપણે જોઈએ છીએ કે એ શબ્દોમાં કોઈ એવી વિશેષતા નથી. દેવતાઓ દેવીને પોતાની રક્ષા કરવા કહે છે, અને એના રૂપ સ્વરૂપની પ્રશંસાના શબ્દો છે, એનાથી વધુ કોઈ મોટી વાત આમાં દેખાતી નથી. એટલે સ્તુતિ ગમવાનો પૂરેપૂરો શ્રેય સંસ્કૃત ભાષાને જાય છે, એમ કહી શકાય. અથવા તો ભાષા જેમ જે સુસંસ્કૃત છે, એ જ આ સ્તુતિનો હકદાર છે, અને આ ધન્યતાનો અધિકારી છે, એમ પણ કહી શકાય, કારણ કે બધા આ સ્તુતિનું ગાન કરી શકતા નથી. એટલે જો ગાઈ શકતા હોઈએ, તો દેવ દેવી કે ઋષિનું સીધું પ્રમોશન મળી જાય.

સંસારી માનવીની સાધના પણ શું હોય?; પરંતુ અમુક લોકો હજી આજે પણ એવી ઈચ્છા રાખે છે, કે એ ઈશ્વર પાસેથી એવી શક્તિ પ્રાપ્ત કરી લે કે, જેના થકી તે આ સંસાર પર રાજ કરી શકે, સૌને પોતાનાં વશમાં કરી અને પોતે ઈચ્છે એમ કરાવે. મોટેભાગે તંત્ર સાધના આ પ્રકારના ઈરાદાથી કરવામાં આવે છે, અને અન્ય જીવને પોતાના વશમાં કરવા માટે સતત કોઈને કોઈ સિદ્ધિનો ઉપયોગ કરતા જોવા મળે, જેને આપણે તળપદી ભાષામાં "મેલી રમત" કહેવાય. પણ આજકાલ તંત્ર કરતાં પણ માનવી યંત્રવત્ થતો જાય છે એ, બહુ મોટી ગંભીર બાબત છે! અને એનું કારણ માત્ર એક જ છે, પ્રેમનો અભાવ! પ્રેમ, હુંફ, લાગણી, એ હવે માત્ર વ્યવહારમાં વપરાતા શબ્દો બની રહી ગયા છે, એ ખરેખર ચિંતાજનક છે, અને એમાંથી ઉગરવા મા ને શરણે જઈએ. જય અંબે.

**નવલાં નોરતાંની રમઝટ - ૭**

# ચંદ્રહાસોજ્જ્વલાકરા શાર્દુલ વરવાહન! કાત્યાયની શુભં દદ્યા દેવી દાનવઘાતિની!!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આજે માતાજીનું છઠ્ઠુ નોરતું, વિવાહ ઇચ્છુક લોકો કરી શકે છે આ રીતે પૂજા નવરાત્રીના છઠ્ઠા દિવસે માતાજીના છઠ્ઠા સ્વરૂપ કાત્યાયનીની પૂજાનું વિધાન છે. માતાના આ સ્વરૂપના પ્રગટ થવાની એક અદ્ભુત કથા છે. એવું માનવામાં આવે છે કે, માતાજીના આ સ્વરૂપે મહિષાસુર નું મર્દન કર્યું હતું. દેવી ભાગવત પુરાણના અનુસાર માતાજીના આ સ્વરૂપની પૂજા ગૃહસ્થો અને વિવાહ ઇચ્છુક લોકો માટે ખૂબ જ ફળદાયી છે.**

આજે માતાજીનું છઠ્ઠુ નોરતું, વિવાહ ઈચ્છુક લોકો કરી શકે છે આ રીતે પૂજા માતા કાત્યાયનીની વાર્તા નવરાત્રીનો છઠ્ઠો દિવસ દેવીદુર્ગાના વિકરાળ યોદ્ધાવતારને સમર્પિત છે,જે મા કાત્યાયની તરીકે ઓળખાય છે. મહિષાસુરમર્દિની,જે સિંહ પર સવારી કરે છે અને કમળના ફૂલો અને તલવારો અને ભગવાન શિવ ના ત્રિશૂળ સહિત અનેક શસ્ત્રો ધરાવે છે, તેની ષષ્ઠી પર પૂજા કરવામાં આવે છે.આ વર્ષે ષષ્ઠી બે ત્રીજના કારણે સાતમા દિવસે એટલે કે ૨૮મી સપ્ટેમ્બર, રવિવારે પડી રહી છે. સમગ્ર ભારતમાં ભક્તો દેવી દુર્ગાના યોદ્ધાવતાર પાસેથી આશીર્વાદ મેળવવા પ્રાર્થના કરે છે. મા કાત્યાયનીની કથા, પૂજા પદ્ધતિ અને તેમને અર્પણ કરવાના ભોગ વિશે જાણીએ.

આજે માતાજીનું છઠ્ઠુ નોરતું, વિવાહ ઈચ્છુક લોકો કરી શકે છે આ રીતે પૂજા નવરાત્રીના છઠ્ઠા દિવસે માતાજીના છઠ્ઠા સ્વરૂપ કાત્યાયનીની પૂજાનું વિધાન છે. માતાના આ સ્વરૂપના પ્રગટ થવાની એક અદ્ભુત કથા છે. એવું માનવામાં આવે છેકે, માતાજીના આ સ્વરૂપે મહિષાસુર નું મર્દન કર્યુ હતું. દેવી ભાગવત પુરાણના અનુસાર માતાજીના આ સ્વરૂપની પૂજા ગૃહસ્થો અને વિવાહ ઈચ્છુક લોકો માટે ખૂબ જ ફળદાયી છે. મહર્ષિકાત્યાયન ની કઠિન તપસ્યા થી પ્રસન્ન થઈને આદ્યશક્તિએ તેમને ત્યાં પુત્રીના સ્વરૂપ માં જન્મ લીધો.મહર્ષિ કાત્યાયનના નામ પર જ માતાજી નું નામ કાત્યાયની પડ્યું. માતા કાત્યાયની અમોઘ ફળદાયિની છે. તેઓ દાનવો,અસુરો અને પાપી જીવધારીઓનો નાશ કરનારા દેવી કહેવાયાં. આશીર્વાદની મુદ્રા અંકિત છેઃ સાંસારિક સ્વરૂપમાં માતા કાત્યાયની સિંહ પર સવાર રહે છે. તેમને ચાર ભુજાઓ છે. સુસજ્જિત આભામંડળયુક્ત દેવી માતાનું સ્વરૂપ મનમોહક છે. તેમના ડાબા હાથમાં કમળ અને તલવાર અને જમણા હાથમાં સ્વસ્તિક અને આશીર્વાદની મુદ્રા અંકિત છે. નવરાત્રની ષષ્ઠીતિથિના દિવસે માતાજીના આ સ્વરૂપની પૂજા થાય છે,કારણ કે આ તિથિમાં માતાજીએ જન્મ લીધો હતો અને મહર્ષિએ તેમની પૂજા કરી હતી.



અલૌકિક સુખનો અનુભવ એવી માન્યતા છે કે,નવરાત્રીના છઠ્ઠા દિવસે સાધક મન 'આજ્ઞા ચક્ર'માં સ્થિત રહે છે.યોગ સાધનામાં આજ્ઞા ચક્રનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આજ્ઞાચક્ર માનવ શરીરમાં ઉપસ્થિત સાત ચક્રોમાં સૌથી શક્તિશાળી છે.આ દિવસે ધ્યાન પૂર્વક પ્રયાસ કરવાથી ભક્તને સહજભાવથી માતા કાત્યાયની નાં દર્શન પ્રાપ્ત થાય છે જે પણ ભક્ત માતાના આ સ્વરૂપનું પૂજન કરે છે,તેમનાચહેરા પર એક અલગ કાંતિ રહે છે. તે આ લોકમાં રહીને પણ અલૌકિક સુખનો અનુભવ કરે છે.માતા કાત્યાયની ભોગઃએવું માનવામાં આવે છે કે,ભોગમાં માતા કાત્યાયનીને મધ અર્પણ કરવું જોઈએ.

માતા કાત્યાયનીની વાર્તાઃધાર્મિક માન્યતાઓનુસાર, માં કાત્યાયની દેવતાઓની સંયુક્ત શક્તિમાંથી પ્રગટ થઈ હતી. એક હજાર સૂર્ય, ત્રણ આંખો, કાળા વાળ અને ઘણા હાથની શક્તિ સાથે,દેવી કાત્યાયની મહિષાસુર નો વધ કરવા પૃથ્વી પર ઉતરી.હિંદુધર્મ માં, મહિષાસુર એક શક્તિશાળી અર્ધ-માનવ અર્ધ- ભેંસ રાક્ષસ હતોજેણે તેની આકારબદલવાની ક્ષમતાઓનો દુષ્ટ રીતે ઉપયોગ કર્યો હતો.તેણીની વિકૃત રીતથી ગુસ્સે થઈને, તમામ દેવતાઓએ મા કાત્યાયની બનાવવા માટે તેમની શક્તિઓને એકીકૃત કરી, અને દેવી અને રાક્ષસ વચ્ચેના યુદ્ધને 'અશુભ પર સારાની જીત' તરીકે ચિહ્નિત કરવામાં આવ્યું.

કપટી રાક્ષસનો વધ કરનાર માતા કાત્યાયનીને મહિષાસુર મર્દિની તરીકે પણ ઓળખવામાં આવે છે અને આ ઘટના હિંદુ ધર્મમાં ગહન પ્રતીક છે. એવું કહેવાય છે કે મા કાત્યાયનીના ઘણા હાથ છેજેઓ દેવતાઓ દ્વારા ભેટમાં આપેલા અગ્નિ શસ્ત્રોથી આશીર્વાદિત છે. જ્યારે શિવે તેમને ત્રિશૂળ, ભગવાન વિષ્ણુએ સુદર્શન ચક્ર, અંગી દેવને એક ડાર્ટ વાયુ દેવને ધનુષ્ય,ઈન્દ્રદેવને વજ્ર, બ્રહ્માદેવે પાણીના વાસણ સાથે રુદ્રાક્ષ વગેરે આપ્યા હતા.

**કાત્યાયની આરતી**

જય કાત્યાયની માતા,જય કાત્યાયની માતા જે કોઈ તમારું ધ્યાન કરે છે તેને બ્રહ્માંડમાં સુખ મળે છે.જય કાત્યાયની માતા શાશ્વત, અપરિવર્તનશીલ, અવિનાશી અટલ,અનંત,અદ્રશ્ય, આજે આનંદનો સમૂહ છે.જય કાત્યાયની માતા લાલ ધ્વજ તમારા મંદિર પર આકાશને સ્પર્શે છે,ચમકતો પ્રકાશ, માતા, ભક્તો વિશ્વને ઘેરી લે છે.જય કાત્યાયની માતાબ્રહ્માનું શુદ્ધ સ્વરૂપ,મનને શાંત કરે છે શક્તિનું સાચું,શાશ્વત સુંદર સ્વરૂપ જય કાત્યાયનીમાતા દશમી રાક્ષસ,દુર્ગા,વિવિધ શાસ્ત્રો નો નાશ કરનાર આઠગણી યોગિની,નવાસ્વરૂપો ધારણ કરેછે જય કાત્યાયની માતા,બધા દુર્ગુણોનો નાશ કરનાર મહિષાસુર આપણા દુર્ગુણોનો નાશ કરીને અમને પવિત્ર કરો.જય કાત્યાયની માતા, જે કોઈ છઠ્ઠી નવરાત્રી પર તમારી પૂજા કરે છે,માતા તેને તમારા આશીર્વાદ મળ્યા છે, દયાળુ માતા.જય કાત્યાયની માતા અમે અત્યંત ગરીબ અને દુઃખી છીએ, કૃપા કરીને અમને તમારી દયા બતાવો. માતા,મારામાં ઘણા દોષો છે, પણ કૃપા કરીને તેમના પર ધ્યાન ન આપો.જય કાત્યાયની માતા હે માતા કાત્યાયની,હું તમારી આરતી ગાઉ છું.મને ધન કે સોનું નથી જોઈતું,મને તમારો પ્રેમ જોઈએ છે.



દોસ્તાના ૨ ૨૦૦૮માં આવેલી હિટ ફિલ્મ દોસ્તાનાની સિક્વલ હશે, જે તરુણ મનસુખાનીએ ડિરેક્ટ કરી હતી

# 'દોસ્તાના ૨'માં વિક્રાંત અને લક્ષ્ય સાથે કામ કરશે

તાજેતરમાં જ વિક્રાંત મેસ્સીને રાષ્ટ્રપતિના હસ્તે નેશનલ એવોર્ડ મળ્યો છે. ત્યારે આ એવોર્ડ મેળવ્યા પછી તેણે જાહેર કર્યુ છે કે તે હવે 'દોસ્તાના ૨'માં કામ કરી રહ્યો છે, જેમાં તે લક્ષ્ય સાથે કામ કરી રહ્યો છે. આ ફિલ્મ કરણ જોહરના ધર્મા પ્રોડક્શન્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહી છે. છેલ્લાં કેટલાક વર્ષોથી આ ફિલ્મ વિશે અને તેની બદલાતી કાસ્ટ વિશે ચર્ચાઓ ચાલતી રહી છે. ત્યારે હવે વિક્રાંત મેસ્સી આ ફિલ્મમાં લીડ રોલ કરવાનો હોવાથી ફરી આ ફિલ્મ પાટે ચડી ગઈ હોવાના અહેવાલો છે.શરૂઆતમાં 'દોસ્તાના ૨'ની ૨૦૧૯માં જાહેરાત કરવામાં આવી હતી. જેમાં કાર્તિક આર્યન, લક્ષ્ય અને જાહન્વી કપૂર લીડ રોલ કરવાના હતા. પરંતુ કાર્તિકને કરણ સાથે વાંધો પડતા, તેને આ ફિલ્મમાંથી કાઢી નાખવામાં આવ્યો હતો. તે પછી વર્ષો સુધી આ ફિલ્મ વિશે કોઈ જ અપડેટ આવી નહોતી. હવે વિક્રાંત મેસ્સીએ આ અંગે વાત કરતા સ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ છે. નેશનલ એવોર્ડ મેળવ્યા પછી વિક્રાંત મેસ્સીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું, ''મને લાગે છે, હવે તો જાહેર જ છે. મને ખબર નહીં, હું કેમ આ વાત કરું છું. હું દોસ્તાના ૨ કરું છું, ધર્મા મુવીઝ સાથે મારી પહેલી ફિલ્મ.''વિક્રાંત મેસ્સી જે પ્રકારના નાના પરિવારના અને ગામડાના પાત્રોના રોલ કરતો આવ્યો છે, તેમાં પણ આ ફિલ્મથી એક બદલાવ આવશે. વિક્રાંતે કહ્યું, ''હવે હું ડિઝાઈનર કપડાં પહેરીશ, ફેન્સી ચશ્મા પહેરીશ અને અમે યુરોપમાં શૂટ કરીશું.'' પરંતુ વિક્રાંતે હજુ હિરોઈન વિશે કોઈ વાત કરી



નથી. તેણે કહ્યું, ''મને લાગે છે, મારે તે બહાર પાડવું જોઈએ નહીં. કરણ સર એ જાહેર કરે તે જ બહેતર છે. આ એક મોટો ખુલાસો છે. લક્ષ્ય આ ફિલ્મનો હિસ્સો છે, પરંતુ છોકરીની વાત સરપ્રાઈઝ જ રહેવા દો.''દોસ્તાના ૨ ૨૦૦૮માં આવેલી હિટ ફિલ્મ દોસ્તાનાની સિક્વલ હશે, જે તરુણ મનસુખાનીએ ડિરેક્ટ કરી હતી. તેમાં અભિષેક બચ્ચન, જોન અબ્રાહમ અને પ્રિયંકા ચોપરા લીડ રોલમાં હતા.

# થામાના ટ્રેલર લોંચની ટિકિટ મિનિટોમાં જ ખતમ, રશ્મિકા મંદાનાની ફિલ્મ ૨૧ ઓક્ટોબરે રિલીઝ થશે

**મેડોકના હોરર કોમેડી યુનિવર્સનું ઘણું લોકપ્રિય થઈ રહ્યું છે, તેની દરેક નવી ફિલ્મની દર્શકો આતુરતાથી રાહ જોતા હોય છે**

મેડોકના હોરર કોમેડી યુનિવર્સનું ઘણું લોકપ્રિય થઈ રહ્યું છે. તેની દરેક નવી ફિલ્મની દર્શકો આતુરતાથી રાહ જોતા હોય છે. ત્યારે હવે તેઓ દિવાળી પર આયુષ્યમાન અને રશ્મિકાની ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તેમાં પણ આયુષ્યમાન જેવા કલાકારનું નામ જોડાતા હવે દર્શકોની આતુરતા પણ વધી ગઈ છે. હવે આ ફિલ્મની રિલીઝને એક મહિનાથી પણ ઓછો સમય રહ્યો છે, ત્યારે તેઓ ઉત્સુકતાથી આ ફિલ્મના ટીઝર, ટ્રેલર સહિતની સામગ્રીની માગણી કરી રહ્યા છે. હવે પ્રોડ્યુસર્સે જાહેર કર્યુ છે કે તેઓ આ ફિલ્મના ટ્રેલર લોંચ માટે એક ઈવેન્ટનું આયોજન કરી રહ્યા છે અને તેમાં આ હોરર કોમેડી યુનિવર્સની પહેલી હિરોઈન શ્રદ્ધા કપૂર હાજર રહેશે. સાથે જ એવી પણ જાહેરાત કરવામાં આવી છે કે, આ ફિલ્મના નામમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે અને હવે તે 'થમ્મા' થઈ ગયું છે. આ ઈવેન્ટમાં ફિલ્મનું ટ્રેલર લોંચ કરવામાં આવશે, મુંબઈના બાન્દ્રા ફોર્ટ ખાતે ૨૬



સપ્ટેમ્બરે આ ઈવેન્ટ યોજાશે. સામાન્ય રીતે આ પ્રકારની ઈવેન્ટ એક પ્રાઈવેટ ઈવેન્ટ હોય છે, જેમાં મીડિયા ઉપરાંત ફિલ્મની ટીમ જ હાજર હોય છે. પરંતુ થમ્મા માટે આ ઈવેન્ટ સામાન્ય જનતા માટે યોજાઈ છે. ગુરુવારે આ ઈવેન્ટની જાહેરાત સાથે તેની ટિકિટ વિશે પણ જાહેરાત કરવામાં આવી હતી અને થોડી મિનિટોમાં જ આ ઈવેન્ટની બધી જ ટિકિટ વેચાઈ ગઈ હતી. જોકે, ટિકિટ તો ળી છે, પરંતુ છતાં લોકોએ તાત્કાલિક ટિકિટ ખરીદી લીધી તે મહત્વની વાત છે.આ ફિલ્મ ૨૧ ઓક્ટોબરે રિલીઝ થઈ રહી છે.

# રજનીકાંતની 'જેલર ૨' જૂન ૨૦૨૬માં રિલીઝ થશે, રજનીકાંત કેરળનું શૂટિંગ પૂરું કરીને ચેન્નાઈ પહોંચ્યા

**રજનીકાંત સાથે આ ફિલ્મમાં રમ્યા ક્રિશ્નન, યોગી બાબુ અને મિરાના પણ તેમના રોલમાં જોવા મળશે**

રજનીકાંતની ૨૦૨૩માં આવેલી સુપરહિટ ફિલ્મ 'જેલર'ને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો, પરંતુ ઓટીટી પર આ ફિલ્મને ઘણો સારો પ્રતિસાદ મળ્યો હતો. હવે તેમણે આ ફિલ્મની સિક્વલની જાહેરાત કરી હતી. હવે તેમણે પોતે જાહેરાત કરી છે કે 'જેલર ૨' ૧૨ જૂન, ૨૦૨૬ના થિએટરમાં રિલીઝ થશે. તેઓ ફિલ્મનું શૂટિંગ પુરૂ કરીને કેરળથી ચેન્નાઈ આવી ગયા છે. ત્યારે તેમણે પોતે મીડિયા સમક્ષ આ વાત કરી હતી. વિવિધ સ્થળો પર હાલ 'જેલર ૨'નું શૂટિંગ ચાલુ છે.તાજેતરમાં રજનીકાંતે પાલક્કડ, કેરળમાં શૂટિંગ કર્યુ હતું, જ્યાં તેમના સ્વાગત માટે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. તેમણે આ ફિલ્મના ક્લાઈમેક્સના શૂટ પહેલાં લોકોનું ખુશીથી અભિવાદન પણ કર્યું હતું. રજનીકાંતે કેરળમાં ફિલ્મના ક્લાઈમેક્સના મોટા સીનનું છેલ્લું શૂટિંગ કર્યુ હતું.આ ફિલ્મનું સિક્વલ નેલ્સન દિલિપ કુમાર કરી રહ્યા છે. રજનીકાંત ફરી આ ફિલ્મમાં ટાઈગર મુથુવેલ પ ંડિયનના રોલમાં જોવા મળશે. રજનીકાંત સાથે આ ફિલ્મમાં રમ્યા ક્રિશ્નન, યોગી બાબુ અને મિરાના પણ તેમના રોલમાં જોવા મળશે. આ ફિલ્મની કાસ્ટ સાથે આ વખતે એસજે સૂર્યા, સુરજ વેંજારામૂડુ અને અન્ના રાજન પણ ઉમેરાશે. એવી પણ ચર્ચા છે કે આ ફિલ્મમાં શિવા રાજકુમાર અને મોહનલાલનો પણ કેમિયો જોવા મળશે. સાથે જ પહેલી ફિલ્મના નાદામુરી બાલાક્રિશ્ના અને મિથુન ચક્રોબોર્તીના રોલ પણ ફરી વધુ વિસ્તારથી જોવા મળી શકે છે. આ વર્ષે માર્ચ



મહિનામાં રજનીકાંતની જેલરની સિકવ્લની જાહેરાત થઈ હતી.જો રજનીકાંતની અન્ય ફિલ્મની વાત કરવામાં આવે તો તેઓ છેલ્લે લોકેશ કનગરાજની 'કૂલી'માં જોવા મળ્યા હતા.


દિલજિતે આ નોમિનેશન બદલ દર્શકોનો આભાર માન્યો

# દિલજિતની 'અમરસિંહ ચમકિલા' એમી એવોર્ડ્ઝમાં નોમિનેટ થઈ

દિલજિત દોસાંજની કૅરિઅરમાં વધુ એક સિદ્ધિ ઉમેરાઈ છે, તેને અમરસિંહ ચમકિલા માટે ૨૦૨૫ના ઈન્ટરનેશનલ એમી એવોર્ડ્ઝ માટે બે કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે. આ એક બાયોગ્રાફિકલ ડ્રામા ફિલ્મ હતી, જે હવે એમી એવોર્ડઝમાં બેસ્ટ ટીવી મુવી- મિનિ સિરીઝ કેટેગરીમાં નોમિનેટ થઈ છે. જ્યારે બીજું નોમિનેશન દિલિજત દોસાંજને પોતાને બેસ્ટ એક્ટર કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે. તેની સાથે આ કેટેગરીમાં દિલજિત ઉપરાંત ડેવિડ મિચેલ, ઓરિઓલ પ્લા અને ડિએજીઓ વેસ્ક્વેઝ જેવા કલાકારો પણ નોમિનેટ થયા છે. આ કેટેગરીમાં કોને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળે છે, તેની ઘણી આતુરતા રહે છે. ત્યારે દિલજિતનું નોમિનેશન એ દર્શાવે છે કે પ્રાદેશિક કે સ્થાનિક વાર્તાઓ પણ ગ્લોબલ ઓડિયન્સના મનને સ્પર્શી શકે છે. ૨૫ સપ્ટેમ્બરે ઈન્ટરનેશનલ એમીઝની વેબસાઈટ પર આ યાદી જાહેર કરવામાં આવી હતી. ત્યારે આ સિદ્ધિ અંગે પોતાનો અભિપ્રાય વિનમ્ર રાખીને તેણે મૂળ ગાયક અને ફિલ્મના ડિરેક્ટર ઈમ્તિઆઝ અલીને ફિલ્મી સફળતાની ક્રેડિટ આપી છે. તેણે આ અંગે એક પોસ્ટ કરી છે. એક ઈન્ટરવ્યુમાં આ સિદ્ધિ અંગે ઈમ્તિઆઝ અલીએ જણાવ્યું કે, ''અમરસિંહ ચમકિલા બે એવોર્ડ માટે નોમિનેટ થઈ છે, તે સમચાર અમારા સુધી પહોંચાડવા માટે આભાર, દિલજિત દોસાંજને બેસ્ટ એક્ટર તરીકે અને બીજો ચમકીલાને બેસ્ટ ફિલ્મ તરીકે. અમને અભિનંદન આપવા માટે અનેક લોકોના ફોન અને મેજે આવ્યા છે.અમારા માટે આ બહુ મોટી વાત છે.

**આ ફિલ્મ એપ્રિલ ૨૦૨૪માં નેટફ્લિક્સમાં રિલીઝ થઈ હતી, અમર સિંહ ચમકિલા એક લોકપ્રિય પંજાબી લોક કલાકારના જીવન પર આધારીત ફિલ્મ છે**





સનીનો એક રોલ એક માણસના અવતારમાં સુપરહિરોનો હશે અને બીજો રોલ એઆઈ આધારિત અવતારનો હશે

# સની લિઓની 'કૌર વર્સીસ કોર'માં ડબલ રોલમાં જોવા મળશે

સની લિઓની ભારતીય સિનેમામાં એક ક્રાંતિકારી ફિલ્મ બનાવવા જઈ રહી છે, તેની આવનારી ફિલ્મ 'કૌર વર્સીસ કોર' એક એઆઈ આધારિત ફિલ્મ હોવાનો દાવો છે, જેમાં સની ડબલ રોલમાં જોવા મળશે. તેમાંથી એક રોલ એક માણસના અવતારમાં સુપરહિરોનો હશે અને બીજો રોલ એઆઈ આધારિત અવતારનો હશે.આ અંગેના અહેવાલો અનુસાર, ''આ ફિલ્મ કદાચ ભારતની પહેલી ફીચર ફિલ્મ હશે, જે સંપુર્ણપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી બનાવવામાં આવશે. ફ્યુચરિસ્ટિકટેક્નોલોજી સાથે ઊંડી માનવીય લાગણીઓ, સાથે નવા પ્રકારની સ્ટોરી સાથે આ ફિલ્મ ઓડિયન્સ માટે એક અલગ અનુભવ બની શકે છે.''આ ફિલ્મ થિએટરમાં જોવામાં અલગ અનુભવ આપવાની સાથે તેની સ્ટોરી પણ જકડી રાખે તેવી હશે. એક અહેવાલ મુજબ આ ફિલ્મની સ્ક્રિપ્ટ તો સંપુર્ણપણે મનોરંજન આપનારી હશે અને તેમાં થ્રિલ અને એક્શન પણ હશે, ટેક્નોલોજી આ ફિલ્મનો મહત્વનો ભાગ રહેશે. આ ફિલ્મ ૨૦૨૬ની શરૂઆતમાં રિલીઝ થાય એવી શક્યતા છે. આ ફિલ્મ વિનિલ વાસુ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી રહી છે. સની લિઓની હંમેશા એઆઈ અને તેના દુરુપયોગ વિશે વાત કરતી રહી છે, ત્યારે તે આ ફિલ્મ વિષે ઘણી ઉત્સુક છે. તે માને છે કે આ ફિલ્મ એઆઈનું મહત્વ સમજાવશે સાથે જ ઓડિયન્સને તેનાથી દુનિયાને



**આ ફિલ્મ એક એઆઈ આધારિત ફિલ્મ હોવાનો દાવો કરાયો**

કઈ રીતે બચાવવી અને દુરુપયોગ કેમ ટાળવો એ પણ સમજાવશે. એક ઈન્ટરવ્યુમાં સની લિઓનીએ ફિલ્મ પર એઆઈની અસર અને મનોરંજન ઈન્ડસ્ટ્રી પર તેની અસર વિશે વાત કરતાં જણાવ્યું હતું, ''મને લાગે છે, જ્યારે તમારી પાસે નોલેજ હોય, તો તમે સમજી શકો છો. આ પ્રકારની ફિલ્મ, ઈન્ડસ્ટ્રી માટે એક નવો ઉમેરો હશે. મને લાગે છે, તેના કારણે પણે વધુ નોકરીઓ પણ પુરી પાડી શકીશું. જો અનુરાગ સર અહીં બેઠા હોત તો તેમને હું મારો દૃષ્ટિકોણ સમજાવવાની કોશિશ કરત.''

દીપિકા પાદુકોણે તાજેતરમાં જ 'કલ્કિ ૨૮૯૮ એડી' ફિલ્મ છોડી હતી

# દીપિકાએ કલ્કિની સિક્વલ માટે ૨૦ દિવસ શૂટ કર્યા પછી ફી વધારો માગ્યો

**દીપિકાની ટીમ દ્વારા એવો દાવો કરાયો હતો કે તેના તારીખોના પ્રશ્નોને કારણે તેણે ફિલ્મ છોડી છે**

દીપિકા પાદુકોણે તાજેતરમાં જ 'કલ્કિ ૨૮૯૮ એડી' ફિલ્મ છોડી છે. આ અંગે પ્રોડક્શન હાઉસ વિજયંતિ મુવીઝ દ્વારા નિવેદનમાં કહેવાયું હતું, ''તેઓ પાર્ટનરશિપ રાખી શકે તેમ નહોતા''. હવે એવા અહેવાલ છે કે દીપિકાએ આ ફિલ્મ માટે ૨૦ દિવસ તો શૂટિંગ પણ કરી લીધું હતું અને પછી તેણે ફિલ્મ છોડી દીધી. એવા અહેવાલ છે કે, દીપિકાને લાગતું હતું કે તેનું સ્થાન કોઈ લઈ શકે તેમ નથી, તેથી તેણે ફિલ્મનું કામ શરૂ કર્યા પછી ફી વધારો માગ્યો હતો. આ ફિલ્મના પ્રોડક્શન સાથે જોડાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર, ''ફી વધારા માટે દીપિકા પાદુકોણની માગ ૨૫ ટકાથી પણ વધુ હતી – કારણ કે તેને લાગ્યું કે તેને કોઈ બદલી શકે તેમ નથી. ખરેખર તો તેની મેનેજમેન્ટ ટીમે જે રીતે



વાટાઘાટો કરી, તેનાથી પરિસ્થિતિમાં વળાંક આવ્યો હતો.''સાથે જ દીપિકાની ટીમ દ્વારા એવો દાવો કર્યો હતો કે તેના તારીખોના પ્રશ્નોને કારણે તેણે ફિલ્મ છોડી છે. પરંતુ સૂત્ર જણાવે છે કે આ દાવામાં પણ કોઈ તથ્ય નથી. સૂત્રએ જણાવ્યું, ''દીપિકાને બિલકુલ ખ્યાલ હતો કે, સિક્વલમાં તેના માટે ખાસ મજબુત, વધુ અભિનય ક્ષમતા દર્શાવતો રોલ લખવામાં આવ્યો હતો. ખરેખર તો તેણે ફિલ્મના પહેલા ભાગનું શૂટિંગ થતું હતું ત્યારે બીજા ભાગ માટે ૨૦ દિવસ શૂટિંગ પણ કરી લીધું હતું. આ વાત ફિલ્મના ડિરેક્ટર નાગ અશ્વિને જ અમુક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું. તેનું આગળના તબક્કા માટેનું શૂટિંગ પરસ્પરની સમજુતીથી જ નક્કી થવાનું હતું. તેથી તેના તારીખોના પ્રશ્ન અંગેની વાતમાં કોઈ તથ્ય નથી.''પ્રોડક્શન હાઉસે દીપિકાના ફિલ્મ છોડવા પર એક્સ પર લખ્યું, ''અમે ઓફિશીયલી જાહેરાત કરીએ છીએ કે દીપિકા પાદુકોણ કલ્કિ ૨૮૯૮ એડીના આગામી ભાગનો હિસ્સો નથી. ધ્યાનપૂર્વક વિચાર કર્યા પછી અમે અમારા રસ્તા અલગ કરવાનો નિર્ણય લીધો છે. પહેલી ફિલ્મ બનાવવાની લાંબી સફર પછી પણ અમે પાર્ટનરશિપ આગળ વધારી શકીએ એમ નથી. કલ્કિ જેવી ફિલ્મને કમિટમેન્ટ સાથે ઘણું વધારે જોઈએ છે. અમે તને ભવિષ્યના કામ માટે શુભેચ્છાઓ પાઠવીએ છીએ.'' જ્યારે એક સૂત્રએ દીપિકા વિશે જણાવ્યું હતું, ''દીપિકા પાદુકોણ પહેલી ફિલ્મમાં જે ફી સાથે પ્રવેશી હતી, તેના કરતાં તેને ૨૫ ટકા ફી વધારો જોઈતો હતો. આ સિવાય તેણે તેનું શૂટિંગ ૭ કલાક સુધી મર્યાદિત કરવાની પણ વાત કરી હતી. પ્રોડ્યુસર્સે તેને લાંબા કલાકો શૂટિંગ ચાલે ત્યારે લક્ઝરી વેનિટીની પણ ઓફર કરી હતી, પરંતુ તેણે ના પાડી દીધી હતી. તેણે ઉપરથી તેની સાથેના ૨૫ લોકો માટે પણ ૫ સ્ટારમાં રહેવાની માગણી કરી હતી. આ માગણીઓ થોડી વધારે પડતી જ હતી.''દીપિકા પાદુકોણનો જન્મ ડેનિશ રાજધાની કોપનહેગનમાં થયો છે. કારણ કે તેનાં પિતા પ્રકાશ પાદુકોણ એ વખતે ડેનિશ શહેરમાં એક સઘન તાલીમ હેઠળ કામ કરી રહ્યા હતા. આજે દીપિકા પાદુકોણ એક સફળ અભિનેત્રી બની ગઈ છે અને તેની ગણતરી ટોચની હિરોઈનમાં થાય છે. તે બહુમુખી અભિનય પ્રતિભા માટે જાણીતી છે.

રિલીઝના પ્રથમ દિવસે ૯૦ કરોડની કમાણી કરી | જેમાં પ્રિયંકા મોહન, શ્રિયા રેડ્ડી, અર્જૂન દાસ અને પ્રકાશ રાજ પણ મહત્વના રોલમાં છે

# પવન કલ્યાણની OGએ છાવા, કૂલીને પાછળ છોડ્યા

પવન કલ્યાણની નવી ફિલ્મ રિલીઝ થઈ છે અને જાણે સોનું હાથ લાગી ગયું હોય એવી સ્થિતિ છે, આ ફિલ્મ માટે કોઈ જોરશોરથી પ્રમોશન પણ કર્યુ નહોતું. છતાં આ એક્શન થ્રિલર ફિલ્મે રિલીઝ થતાં જ ધમાલ મચાવી દીધી છે. બોલિવૂડ એક્ટર ઈમરાન હાશ્મીએ એ પણ તેલુગુ સિનેમામાં ડેબ્યુ કર્યુ છે. આ ફિલ્મ માટે પવન કલ્યાણના ફૅન્સનો એટલો ક્રેઝ છે કે આ ફિલ્મે એડવાન્સ બૂકિંગમાં જ વર્લ્ડ વાઈડ ૧૦૦ કરોડની કમાણી કરી લીધી છે. જ્યારે રિલીઝ પછી આ ફિલ્મે ભારતમાં ૭૦ કરોડની કમાણીથી શરુઆત કરી છે.ટિકિટ વિન્ડો પર આ ફિલ્મ છવાઈ ગઈ છે. કેટલાક અહેવાલો અનુસાર આ ફિલ્મે પહેલા દિવસે ૯૦.૨૫ કરોડની કમાણી નોંધાવી છે. આ રેકોર્ડબ્રેક કમાણીથી પવન કલ્યાણે પોતાની જ આગળની ફિલ્મ 'હરી હરા વીરા મલ્લુ'નો પહેલા દિવસની ૩૪ કરોડની કમાણીનો પણ રેકોર્ડ તોડ્યો છે. એટલું જ નહીં, પવન કલ્યાણે બોલિવૂડની મોટી ફિલ્મ 'છાવા'ની ૩૧ કરોડ, સૈયારાની ૨૧.૫ કરોડ તેમજ 'કૂલી'ની ૬૫ કરોડની કમાણીનો રેકોર્ડ તોડી નાખ્યો છે. માત્ર ભારતમાં જ નહીં પણ પવન કલ્યાણની આ ફિલ્મ વિદેશોમાં પણ સારું પ્રદર્શન કરી રહી છે અને માત્ર નોર્થ અમેરિકામાં જ પેઈડ પ્રિમીયર્સમાં ૨૬ કરોડની કમાણી કરી છે. તેથી ત્યાં આગળના દિવસોમાં આ ફિલ્મ સારી ચાલશે એવી અપેક્ષા છે. પહેલા દિવસે વર્લ્ડ વાઈડ આ ફિલ્મ ૧૫૦ કરોડની



કમાણીનો રેકોર્ડ બનાવશે એવી અપેક્ષા છે. તેથી એ પણ નક્કિ છે કે આ ફિલ્મ ભારતમાં પહેલા દિવસે સૌથી વધુ કમાણી કરનારી ટોપ ૧૦ ફિલ્મની યાદીમાં સ્થાન મેળવી લેશે. પરંતુ આ યાદીમાં આ ફિલ્મ કયા સ્થાને પહોંચે છે તે, શુક્રવારે રાત્રે જ ખ્યાલ આવશે.ધ ઓજી સુજીત દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે, જેમાં પ્રિયંકા મોહન, શ્રિયા રેડ્ડી, અર્જૂન દાસ અને પ્રકાશ રાજ પણ મહત્વના રોલમાં છે. આ ફિલ્મ ઓજસ ગંભીરા નામના એક ગેંગ્સ્ટર એટલે કે પવન કલ્યાણના પાત્રની આસપાસ ફરે છે, જે દસ વર્ષ સુધી ગાયબ રહ્યા પછી મુંબઈમાં પાછો ફરે છે. તેનું પાછા આવવાનું લક્ષ્ય અન્ય એક ગેંગ્સ્ટર બોસ ઓમી બાબુ એટલે કે ઈમરાન હાશ્મીને મારવાનું હોય છે.આ ફિલ્મને માત્ર પવન કલ્યાણના ફૅન્સ નહીં પણ ઈન્ડસ્ટ્રીના પણ કેટલાક લોકોએ વખાણી છે, જેમાં રામચરણ સહીતના કલાકારોનો સમાવેશ થાય છે.

# નરેન્દ્રભાઈ મોદી સાહેબનાં જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ધાનપુર તાલુકા પંચાયત ખાતે ધાનપુર તાલુકાનાં કુપોષિત બાળકોને કિટનું વિતરણ કરવામાં આવ્યુ



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

ધાનપુર તાલુકા પંચાયત ખાતે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના જન્મદિવસ ઉજવણી ના ભાગ રૂપે સેવા સપ્તાહ પખવાડિયા અંતર્ગત ધાનપુર તાલુકા ના કુપોષિત બાળકો ને કીટ વિતરણ ગુજરાત સરકાર ના માનનીય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ સાહેબ ના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ કરવા મા આવ્યો જેમાં કુપોષિત બાળકો પોષિત આહાર ની કીટ વિતરણ કરવા મા આવી જેમાં તાલુકા ની તમામ આંગણવાડી કાર્યકર બહેનો હાજર રહી હતી અને આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે મોટી સંખ્યા મા આંગણવાડી કાર્યકર તથા મંત્રી શ્રી બચુભાઈ ખાબડ તાલુકા પંચાયત ના પ્રમુખ ધાનપુર તાલુકા પાર્ટી પ્રમુખ ભાજપા પાર્ટી ના આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા તથા કુપોષિત બાળકો ને પોષણ યુક્ત આહાર અને તેમની સારવાર મા કોઈ પણ પ્રકાર ની તકલીફ ના રહે તથા સારા સ્વાસ્થ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી....

# ઝાલોદ તાલુકાના થલા ગામમા પતિ પત્ની અને વો નો કિસ્સો સર્જાયો : પત્નીએ પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ તાલુકાના થલા ગામના મેહુલ માલુ નિનામાના લગ્ન ડુંગરી ગામની મહિલા જીવીબેન સાથે થયેલ હતા. તેઓને લગ્ન સંબંધ થકી ત્રણ બાળકો પણ છે. જીવીબેનના લગ્નના ત્રણ વર્ષ પછી તેઓના પતિ દ્વારા તું મને ગમતી નથી તેમ કહી અવારનવાર ત્રાસ આપવામાં આવતો હતો અને પિયરમાં જતી રહે તેમ કહી માનસિક ત્રાસ આપવામા આવતો હતો જેને લઈ તેમના લગ્ન જીવનમાં અવારનવાર તકરાર ચાલતી રહેતી હતી. જીવીબેનો પતિ સુરત મજૂરી કામ કરતો હતો અને પત્ની સાથે તેઓ બોલતા ન હતા. બાળકોના ભવિષ્યને લઈ જીવીબેન પતિનો ત્રાસ સહન કરતા રહેતા હતા. પત્ની જીવીબેનને જાણવા મળેલ હતું કે તેઓના પતિ મેહુલભાઈ અન્ય યુવતીના પ્રેમમાં છે. જે અંગે પત્ની જીવીબેનદ્વારાપૂછવામાંઆવતામેહુલભાઈદ્વારાપત્નીસાથે ઝગડો કરવામાં આવેલ હતો. પતિ પત્નીના અણબનાવને લઈ સમાજના આગેવાનો દ્વારા બંને વચ્ચે સમાધાન કરાવવામાં આવેલ હતું પણ પતિ મેહુલના સ્વભાવમાં પરિવર્તન આવેલ ન હતો અને ઘરમાં અવારનવાર ઝગડો થતો રહેતો હતો. પતિ મેહુલના બાપા કોઈકના જોડે મોબાઈલ પર વાત કરતા પત્ની જીવીબેનને જાણવા મળેલ હતું કે તેઓના પતિ તેની પ્રેમિકા જોડે નાસી ગયેલ છે. જીવીબેને તેમના સાસુ સસરા જોડે આ હકીકત અંગે જાણવાનો પ્રયાસ કરતા જીવીબેનને તેઓના સાસુ સસરા દ્વારા ઝગડો કરી ઘર માંથી કાઢી મૂકેલ હતી. જીવીબેને તેમની માતા સાથે જઈ પતિ વિરુદ્ધ લીમડી પોલીસ સ્ટેશનમા અરજી આપેલ હતી અને લીમડી પોલિસ દ્વારા જીવીબેનના પતિ સાથે વાતચીત કરી તેની પ્રેમિકાને તેના માતા પિતાને સોપી દીધી હતી. જીવીબેનના પતિ મેહુલ દ્વારા પોલીસ સ્ટેશનમા જવાબ આપ્યો હતો કે તેઓ તેની પ્રેમિકા જોડે જ રહેવા ઈચ્છે છે અને પત્ની જીવીબેનને કોર્ટ કચેરી જ્યાં જવું હોય ત્યાં જવા કહ્યું હતું. મેહુલના પત્ની જીવીબેન તેના માબાપ પાસે રહેવા ગયેલ હતા તે દરમિયાન પતિ ઘરમાં પ્રેમિકાને સાથે પત્નીની જેમ રાખતો હોવાનું માલુમ પડતાં પત્ની જીવીબેન દ્વારા પતિ ,સાસુ, સસરા વિરુદ્ધ દાહોદ મહિલા સ્ટેશનમા ફરિયાદ કરેલ છે.

# વ્યાજે આપેલા પૈસાની વસૂલાત કરવા વ્યાજખોરોએ શખ્સનું મકાન પચાવી પાડયું

। (માહિતી) મોરબી, તા.૨૭ ।

મોરબીમાં વ્યાજખોરો બેફામ બન્યા છે. હળવદમાં વ્યાજખોરોની ગુંડાગીરી જોવા મળી. એક શખ્સને કિડનીની સારવાર માટે વ્યાજે પૈસા આપ્યા હતા. વ્યાજે આપેલા પૈસાની વસૂલાત કરવા વ્યાજખોરોએ આ શખ્સનું મકાન પચાવી પાડયું. વ્યાજખોરો દ્વારા પઠાણી ઉઘરાણી કરતા આ શખ્સ માટે મોટી મુશ્કેલી ઉભી થઈ. વ્યાજખોરો દ્વારા પૈસાની વસૂલાત માટે સતત હેરાનગતિ કરવામાં આવતા આખરે આ શખ્સે પોલીસની મદદ લીધી. વ્યાજખોરો વિરુદ્ધ હળવદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. ફરિયાદને પગલે સમગ્ર મામલે પોલીસે તપાસ કરી. તપાસમાં સામે આવ્યું કે રાજેશભાઈ નામના ફરિયાદીએ પોતાના ભાઈની સારવાર કરાવા વ્યાજખોરો પાસેથી પૈસા લીધા હતા. રાજેશભાઈના મોટાભાઈની કિડની સંબંધિત દુર્લભ બીમારીના શિકાર થયા હતા. તેમાં સારવારનો ખર્ચ વધુ થાય છે. અને આવી બીમારીમાં સારવાર માટે રાજેશભાઈએ બે વર્ષ પહેલા વ્યાજખોરો પાસેથી ૧૦-૩૦ ટકા ઊંચા વ્યાજે પૈસા લીધા હતા. જેના બાદ તેમણે સમયાંતરે વ્યાજે લીધેલ પૈસાનું ચૂકવણું પણ કર્યું. ૭૦ હજારના ઊંચા વ્યાજ સામે લાખો રૂપિયા આપ્યા છતાં પણ વ્યાજખોરો પઢાણી ઉઘરાણી કરી. વ્યાજખોરો પૈસા લેવા ફરિયાદના મકાન, ત્રણ મોટર સાયકલ સહિતની વસ્તુઓ પડાવી લીધી. જેને લઈને રાજેશભાઈએ ચાર વ્યાજખોરો વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી. રાજેશભાઈની ફરિયાદને પગલે હળવદ પોલીસે ૩ વ્યાજખોરો પ્રભુભાઈ જહાભાઈ રબારી, હરદીપ ઉર્ફે મુન્નાભાઈ સવાભાઈ લાવડીયા, જયદેવ મનહરદાન ગઢવીની અટકાયત કરી.

# કે.વી.એસ.હાઇસ્કુલ ખાતે ગરબા મહોત્સવ



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨૭ ।

નવલી નવરાત્રીના આદ્યશક્તિના પાવન પર્વે પાંચમા નોરતે છઠ્ઠા દિવસે કડાણા વિભાગ સાર્વજનિક હાઈસ્કુલ કડાણા ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ના આગ્રહ અને સહયોગથી આચાર્ય શ્રી ઈન્દ્રસિંહ એન. પૂવાર તેમજ પ્રમુખશ્રી જયપ્રકાશ ભાઈ આર.પંડ્યા. ના સુભાશયથી તેમજ વિદ્યાર્થીઓ અને માતાજીના ભક્તિભાવના પવિત્ર સમન્વયથી આજરોજ સવારે એટલે કે તારીખ:-૨૭/૯/૨૫ ને શનિવારના રોજ રાસ ગરબા નું આયોજન કરવામાં આવેલ હતું.બાળકોએ ભક્તિભાવ પૂર્વક માં નવદુર્ગા માતાની આરાધના કરી વિદ્યા અભ્યાસમાં શક્તિ અને પ્રગતિ માટેની પ્રાર્થના કરી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# સેવા પખવાડીયાં અંતર્ગત એન.એસ.એસ. સ્વયંસેવકોનું ઝાલોદ તાલુકા આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રેરણાદાયી સેવા કાર્ય



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઝાલોદના એન.એસ.એસ. એકમ દ્વારા સેવા પખવાડીયાં અંતર્ગત ઝાલોદ સરકારી આરોગ્ય કેન્દ્ર ખાતે સેવાભાવી કાર્યક્રમ યોજાયો હતો. આ સેવા પ્રવૃત્તિ અંતર્ગત સ્વયંસેવકો દ્વારા આરોગ્ય કેન્દ્રના પરિસરમાં સફાઈ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. દર્દીઓ સાથે સહાનુભૂતિ મુલાકાત કરી તેમની હિંમત વધારવામાં આવી હતી. ખાસ કરીને પ્રસુતિ વિભાગમાં દાખલ બહેનોને સ્વયંસેવકો દ્વારા ફળ વિતરણ કરાયું હતું, જેના દ્વારા દર્દીઓને આનંદ અને આત્મવિશ્વાસ મળ્યો હતો. અને સ્વયં સેવકોએ બહેનોના આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ઝાલોદ શહેર ભાજપ પ્રમુખ શ્રી મયુરભાઈ પંચાલ તથા હોસ્પિટલના નિષ્ઠાવાન કર્મચારી શ્રી મનીષભાઈ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આરોગ્ય કેન્દ્રના વિવિધ વિભાગોની મુલાકાત દરમિયાન સ્વયંસેવકોને આરોગ્ય સેવાઓ અંગે વિગતવાર માહિતગાર કર્યા હતા. સ્વયંસેવકો માટે આ મુલાકાત પ્રેરણારૂપ સાબિત થઈ હતી. આ સમગ્ર કાર્યક્રમનું સુયોજન અને સફળ અમલીકરણ કોલેજના આચાયશ્રી ડૉ. એ. આર. મોદી અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. બી. એમ. ગોહિલના માર્ગદર્શન હેઠળ થયું હતું. કોલેજ પરિવાર તથા એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા સેવા ભાવનાનું ઉત્તમ પ્રદર્શન થવા પામ્યું હતું.

# સાયલામાં નજીવી બાબતે પરપ્રાંતીય યુવકની હત્યા

। (માહિતી) સુરેન્દ્રનગર, તા.૨૭ ।

સુરેન્દ્રનગરના સાયલા તાલુકાના ડોળિયા ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં નજીવી બાબતે થયેલી બબાલમાં એક યુવક પર હુમલો કરીને તેને કૂવામાં ધકેલી દેવાયો હતો. આ ઘટનામાં કૂવામાં ખાબકવાના કારણે યુવકનું કરૂણ મૃત્યુ નીપજ્યું છે. મૃતક યુવકની ઓળખ પીદીયા સંગોડ તરીકે થઈ છે. જે મૂળ મધ્યપ્રદેશ રાજ્યના જમ્બવા ગામનો રહેવાસી હતો. કોઈક નજીવી બાબતને લઈને બબાલ થઈ હતી.આ બબાલ ઉગ્ર બનતાં યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો અને તેને કૂવામાં ધક્કો મારી મોતને ઘાટ ઉતારી દેવાયો હતો. સમગ્ર ઘટનાની જાણ થતાં જ સાયલા પોલીસ પણ તાત્કાલિક ડોળિયા ગામે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે સ્થાનિકોની મદદથી યુવકને કૂવામાંથી બહાર કાઢીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પરંતુ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. ત્યારબાદ પોલીસે મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો છે અને સમગ્ર મામલે હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે હુમલો કરનાર આરોપીઓને ઝડપી પડવા અને હત્યાનું ચોક્કસ કારણ જાણવા માટે કવાયત શરૂ કરી છે. પરપ્રાંતીય યુવકની હત્યાની આ ઘટનાએ ડોળિયા ગામમાં ચકચાર જગાવી દીધી છે.

## શિક્ષકે અકારણ કે સામાન્ય ભૂલ બદલ ઢોર માર માર્યો

# દાહોદના ફતેપુરામાં ધો.૮ ના વિદ્યાર્થીને શિક્ષકે ઢોર માર માર્યો

। (માહિતી) દાહોદ, તા.૨૭ ।

દાહોદ જિલ્લાના ફતેપુરામાં આવેલી એક શાળામાં શિક્ષકની નિર્દયતાનો અત્યંત ગંભીર બનાવ સામે આવ્યો છે. ફતેપુરાની 'વાત્સલ્ય સ્કૂલ ઓફ નોલેજ' નામની શાળામાં ધોરણ ૮ માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને તેના શિક્ષકે અકારણ કે સામાન્ય ભૂલ બદલ ઢોર માર માર્યો હતો. આ હિંસક ઘટનાના કારણે સમગ્ર પંથકના શિક્ષણ જગતમાં અને વાલીઓમાં ભારે ખળભળાટ મચી ગયો છે. વિદ્યાર્થીને માર મારનાર શિક્ષકનું નામ સકજી પારગી હોવાનું જાણવા મળ્યું છે. બાળકના માનસ પર હિંસાની આ ગંભીર અસરને ધ્યાનમાં રાખીને, આ ઘટનાની જાણ થતા જ તાત્કાલિક ધોરણે પગલાં લેવામાં આવ્યા છે, પરંતુ આ ઘટનાએ ફરી એકવાર શાળાઓમાં બાળકો સાથેના વ્યવહાર પર સવાલો ઊભા કર્યા છે.શિક્ષક સકજી પારગીએ ધોરણ ૮ ના વિદ્યાર્થીને માર માર્યો હોવાની આખી ઘટનાનો વીડિયો વાયરલ થયો છે. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે શિક્ષક કઈ હદે જઈને માસૂમ વિદ્યાર્થીને મારે છે, જે અત્યંત નિંદનીય કૃત્ય છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી ફેલાતા વાલીઓ અને જનતા તરફથી શિક્ષક વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી હતી. આ ગંભીરતાને ધ્યાનમાં લઈને, શાળા સંચાલન અને શિક્ષણ વિભાગ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી છે. શિક્ષક સકજી પારગીને તેમના પદ પરથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે, જેથી તેઓ ફરી ક્યારેય વિદ્યાર્થીઓ સાથે આવું વર્તન ન કરી શકે. શિક્ષક દ્વારા વિદ્યાર્થીને માર મારવાની આ ઘટનાએ શિક્ષણ જગતમાં શિક્ષક-વિદ્યાર્થી સંબંધોની મર્યાદાઓ પર ગંભીર સવાલ ઉઠાવ્યો છે. વિદ્યાર્થીઓને જ્ઞાન આપવા અને તેમના ઘડતરની જવાબદારી સંભાળતા શિક્ષક જ જો આવી નિર્દયતાથી વર્તે, તો માતા-પિતા પોતાના બાળકોને સુરક્ષિત રીતે શાળાએ કેવી રીતે મોકલી શકે? સ્થાનિક વાલીઓએ આ ઘટના બદલ શિક્ષક સામે માત્ર સસ્પેન્શન નહીં, પરંતુ કાયદાકીય કાર્યવાહી કરવાની પણ માંગ કરી છે. આ ઘટના અન્ય તમામ શિક્ષકો માટે લાલબત્તી સમાન છે કે શાળાઓમાં શિસ્તના નામે પણ શારીરિક સજા અને હિંસાને ક્યારેય સહન કરવામાં આવશે નહીં. શિક્ષણ વિભાગ દ્વારા પણ આ મામલે સખત પગલાં લેવામાં આવે તેવી અપેક્ષા છે.

# જામનગરમાં વ્યાજખોરના ત્રાસથી વેપારીનો આત્મહત્યાનો પ્રયાસ

। (માહિતી) જામનગર, તા.૨૭ ।

જામનગર શહેરમાં વ્યાજખોરોના વધતા જતા ત્રાસની ગંભીર ઘટના સામે આવી છે, જેમાં એક વેપારીએ પઠાણી ઉઘરાણી અને માનસિક ત્રાસથી કંટાળીને ઝેરી દવા પીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વેપારીએ ધંધાકીય જરૂરિયાત માટે કેટલાક વ્યાજખોરો પાસેથી ઊંચા દરે રકમ લીધી હતી. મૂળ રકમ માત્ર ૩૦ લાખ રૂપિયાની હતી, પરંતુ વ્યાજની જાળમાં ફસાયેલા આ વેપારીએ આજદિન સુધીમાં કુલ ૪૦ લાખ રૂપિયા ચૂકવી દીધા હોવા છતાં વ્યાજખોરોનો આતંક યથાવત રહ્યો હતો. વધુ ૧૦ લાખ રૂપિયા ચૂકવ્યા બાદ પણ વ્યાજખોરો સતત ઉઘરાણી કરી રહ્યા હતા અને ધમકીઓ આપીને માનસિક રીતે દબાણ કરી રહ્યા હતા. વેપારીના આ આત્મઘાતી પગલાથી શહેરમાં વ્યાજખોરો વિરુદ્ધ ભારે રોષ જોવા મળી રહ્યો છે. લાખો રૂપિયા ચૂકવી દીધા હોવા છતાં વ્યાજખોરો તરફથી સતત અપમાન અને ધાકધમકી મળતાં વેપારી સંપૂર્ણપણે ભાંગી પડ્યા હતા. વ્યાજખોરો દ્વારા પરિવારજનોને હેરાન કરવા અને જાહેરમાં બદનામ કરવાની ધમકીઓ પણ આપવામાં આવી હતી, જેના કારણે વેપારીની હાલત અત્યંત કફોડી બની ગઈ હતી. વ્યાજખોરોની અનૈતિક અને પઠાણી ઉઘરાણીની રીતથી મુક્તિ ન મળતાં, છેવટે વેપારીએ કંટાળીને અંતિમ પગલું ભરવાનું નક્કી કર્યું. તેમણે પોતાના ઘરે જ ઝેરી દવા પી લીધી હતી, જેના કારણે તાત્કાલિક તેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલમાં વેપારીની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળે છે અને તેમને બચાવવા માટે તબીબોના પ્રયાસો ચાલુ છે. આ ઘટનાએ ફરી એકવાર સમાજમાં વ્યાજખોરોના ફેલાયેલા દૂષણને ઉજાગર કર્યું છે. આ સમગ્ર ઘટનાની જાણ થતાં જ જામનગર સિટી પોલીસ તાત્કાલિક હરકતમાં આવી હતી. વેપારીના પરિવારજનો દ્વારા આપવામાં આવેલી વિગતોના આધારે પોલીસે તાત્કાલિક ધોરણે પાંચ જેટલા વ્યાજખોરો વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધી છે. પોલીસે આ તમામ આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે. પોલીસે ખાતરી આપી છે કે વ્યાજખોરો વિરુદ્ધ કડકમાં કડક પગલાં લેવામાં આવશે જેથી ભવિષ્યમાં કોઈ અન્ય વ્યક્તિએ આ પ્રકારનો ભોગ ન બનવું પડે. જામનગર સિટી પોલીસની આ કાર્યવાહી સ્થાનિક લોકોને વ્યાજખોરોના ત્રાસ સામે અવાજ ઉઠાવવા માટે પ્રોત્સાહિત કરી શકે છે અને ગેરકાયદેસર વ્યાજખોરીના વ્યવસાય પર લગામ કસવામાં મદદરૂપ બની શકે છે.

# પાલિતાણામાં સદવિચાર હોસ્પિટલની બેદરકારીથી ૧૧ વર્ષના બાળકનું મોત

। (માહિતી) ભાવનગર, તા.૨૭ ।

ભાવનગરના પાલિતાણા ખાતે આવેલી સદવિચાર હોસ્પિટલમાં એક ૧૧ વર્ષના બાળકનું ડોક્ટરની ઘોર બેદરકારીના કારણે મોત નીપજ્યું હોવાના ગંભીર આક્ષેપો સાથે પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો. આ દુઃખદ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં તણાવની સ્થિતિ સર્જાઈ હતી અને પરિવારમાં ભારે શોક અને રોષ જોવા મળ્યો હતો. ૧૧ વર્ષના આ બાળકને પેટમાં સામાન્ય દુઃખાવો થતાં તેને ગારિયાધાર રોડ પર આવેલી આ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.પરિવારજનોનો આક્ષેપ છે કે ડોક્ટર અને સ્ટાફની બેદરકારી અને અયોગ્ય સારવારના કારણે તેમના એકમાત્ર વાહલસોયા દીકરાનું મૃત્યુ થયું છે. બાળકનું મોત થતાં જ પરિવારજનો અને સંબંધીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલ પર ધસી આવ્યા હતા અને ડોક્ટર તેમજ સ્ટાફ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે હોબાળો કર્યો હતો. આ સામાન્ય વર્ગના પરિવારે પોતાના દીકરાને ગુમાવતાં શોકમાં ડૂબી ગયો છે. જોકે આ સમગ્ર મામલે હોસ્પિટલ સત્તાવાળાઓ દ્વારા મીડિયા સમક્ષ કોઈ પણ નિવેદન આપવાનું ટાળ્યું હતું. બીજી તરફ રોષે ભરાયેલા પરિવારે મૃત બાળકનું પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી ન કરવાની વાત કરી હતી. આ ઘટનાએ ફરી એકવાર ખાનગી હોસ્પિટલોમાં થતી બેદરકારી અને દર્દીની સલામતીના મુદ્દાઓ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. આજે એકાએક રૉમેન્ટિક મેળાપની આગાહી છે. નવા પ્રકલ્પ તથા યોજનાઓને અમલમાં મુકવા માટે સારો દિવસ.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. આજે તમે અને તમારૂ પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો. વેપારી લોકો આજે અનુભવી લોકો જોડે વેપાર આગળ વધારવા માટે સલાહ લયી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. કેટલાક મહત્વના મુદ્દા સાથે કામ પાડવાની તમારી રીત કેટલાક સહ-કર્મચારીઓને નહીં ગમે-પણ તેઓ કદાચ આ વિશે બધું જ નહીં કહે- તમને જો એવું લાગે કે પરિણામો યોગ્ય અથવા તમે ઈચ્છો છો એવા નથી.

**કર્ક (ડ,હ) :**
આજે તમારૂ સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. આજે તમારૂ જીવન એક સુંદર વળાંક લેશેઅનોય તમારે વધારો પડતો સમય માગશે-તેમને કોઈ વચન આપો એ પૂર્વે તકેદારી રાખે કે તમારા કામા પર તેની અસર ન થાય.

**સિંહ (મ,ટ) :**
આજે તમે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિશ કરો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે.

**તુલા (ર,ત) :**
આજે તમે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. પ્રેમ જીવનમાં થોડીક મુશ્કેલી આવી શકે છે. નવા વિચારો ઉત્પાદક હશે. ઘર ના કામકાજ પૂર્ણ કર્યા પછી, આ રાશિ ની ગૃહિણીઓ આજે મફત સમય માં ટીવી અથવા મોબાઈલ પર મૂવી જોઈ શકે છે. તમારા જીવનસાથીના વતર્તન વિશે તમને અજુગતું લાગશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે. પત્ની સાથે ખરીદી અત્યંત માણવાલાયક હશે. આ બાબત તમારી વચ્ચેની સમજણને પણ વધારશે. લાગણીશીલ અંતરાયો તમને તકલીફ આપી શકે છે. આનંદ-પ્રમોદ તથા મનોરંજન માટે સારો દિવસ, પણ જો તમે કામ કરી રહ્યો હો તો તમારે બિઝનેસને લગતા સોદાઓમાં સાવચેતી રાખજો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષય આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારૂ જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**મકર (ખ,જ) :**
આજે તમારૂ ઈર્ષાયુક્ત વર્તન તમને દુઃખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો. આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### સુનાવણીમાં ICC મેચ રેફરીએ ભારતીય ખેલાડીને આપ્યું જ્ઞાન

। (એજન્સી) દુબઈ, તા.૨૭ ।

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની ફરિયાદ બાદ ICC મેચ રેફરી રિચી રિસર્ડસને ભારતના ટી૨૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવને રાજનીતિક ટિપ્પણી કરવાથી બચવાનું કહ્યું છે. આ મુદ્દો ત્યારે ઉઠ્યો જ્યારે સૂર્યકુમાર યાદવે પાકિસ્તાન વિરુદ્ધ ૧૪ સપ્ટેમ્બરે ગ્રુપ-છ મેચમાં મળેલી જીત બાદ પહેલગામ આતંકી હુમલાના પીડિતો અને ભારતીય સેનાને સમર્પિત કરી હતી. આ સિવાય ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ પાકિસ્તાની ક્રિકેટર્સ સાથે હાથ મિલાવવાનો ઈનકાર કરી દીધો હતો. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આ મામલે સૂર્યકુમાર યાદવ વિરુદ્ધ આઈસીસીમાં ફરિયાદ કરી હતી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની ફરિયાદ બાદ સત્તાવાર સુનાવણીમાં આઈસીસી મેચ રેફરી રિચી રિચર્ડસને ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવને આપી ટિપ્પણી કરવાથી બચવાનું કહ્યું છે, જેને રાજનીતિક પ્રકૃતિની સમજી શકાય છે. તો સૂર્યકુમાર યાદવે રાજનીતિક નિવેદન આપવાના આરોપોને નકારતા ખુદને નિર્દોષ ગણાવ્યો છે. પીટીઆઈના રિપોર્ટ પ્રમાણે સૂર્યકુમાર યાદવ આજ (શુક્રવારે) આઈસીસીની સુનાવણીમાં સામેલ થયો. સૂર્યકુમારની સાથે BCCI ના COO અને ક્રિકેટર ઓપરેશન મેનેજર હાજર રહ્યાં હતા. આઈસીસી મેચ રેફરી રિચી રિચર્ડસને સૂર્યકુમાર યાદવને સમજાવ્યો કે તેણે એવી કોઈ ટિપ્પણી ન કરવી જોઈએ જેને રાજનીતિક પ્રકૃતિની માની શકાય. સૂત્રએ આગળ કહ્યું- સૂર્યકુમાર યાદવને શું સજા મળી છે, તેની માહિતી સામે આવી નથી. આ મામલો લેવલ ૧ અંતર્ગત આવે છે, જે હેઠળ સત્તાવાર ચેતવણી આપી શકાય છે કે મેચ ફીના ૧૫ ટકાનો દંડ લગાવી શકાય છે.

### નાસ્તાની દુકાન પર છરી બતાવી ધમકી આપનાર શખ્સની ધરપકડ

। (એજન્સી) ભાવનગર, તા.૨૭ ।

ભાવનગર શહેરના રૂપમ ચોક વિસ્તારમાં આવેલી જય ખોડિયાર નાસ્તાની દુકાન પર હિંમતભરી ધમકીઓ આપવાનો બનાવ સામે આવ્યો હતો. આ ઘટનામાં એક શખ્સે દુકાન પર આવીને વેપારીને છરી બતાવીને ધમકીઓ આપી હતી, જેના કારણે દુકાનધારક અને આસપાસના લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. દુકાનધારકે આ મામલે સહેજ પણ વિલંબ કર્યા વિના ગંગાજળિયા પોલીસ મથકમાં અલ્ફાઝ ઉર્ફે અલ્તાફ શેખ નામના શખ્સ સામે વિધિવત ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદની ગંભીરતાને ધ્યાનમાં લઈને ગંગાજળિયા પોલીસે તુરંત કાર્યવાહી હાથ ધરી હતી અને ગણતરીના કલાકોમાં જ આરોપી અલ્ફાઝ ઉર્ફે અલ્તાફ શેખને ઝડપી પાડી કાયદાના સકંજામાં લીધો હતો. પોલીસે આરોપીને પકડ્યા બાદ, ગુનાની ઘટનાનું રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે આરોપીને ઘટનાસ્થળ એટલે કે જય ખોડિયાર નાસ્તાની દુકાન પાસે લાવવામાં આવ્યો હતો.આ પ્રક્રિયા જોવા માટે લોકોના ટોળેટોળાં એકઠા થયા હતા. પોલીસે જાહેરમાં રી-કન્સ્ટ્રક્શન કરાવીને આવા અસામાજિક તત્વોને કડક સંદેશો આપ્યો હતો કે કાયદાનું ઉલ્લંઘન કરનારને છોડવામાં નહીં આવે. ભાવનગર પોલીસે સમયસર અને કડક કાર્યવાહી કરીને વેપારીઓને સુરક્ષાનો ભરોસો આપ્યો છે, જ્યારે અસામાજિક તત્વોને સ્પષ્ટ ચેતવણી આપી છે કે શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓને કોઈ સ્થાન નથી. પોલીસે આ શખ્સ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવી છે.

રિઝર્વ બેન્કે ઓનલાઇન પેમેન્ટ વધુ સુરક્ષિત કરવા નવા નિયમો જાહેર કર્યા

# રૂ.૫,૦૦૦થી વધુના ટ્રાન્ઝેક્શન માટે દરેક વખતે ગ્રાહકની મંજૂરી તથા OTP જરૂરી

। (એજન્સી) મુંબઇ, તા.૨૭ ।

ઓનલાઈન ળોડના કેસોમાં સતત વધારા વચ્ચે આગામી મહિનાથી ઓનલાઈન ડિજિટલ પેમેન્ટમાં મહત્વના ફેરફાર થવા જઈ રહ્યા છે. ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઇ)એ ઓનલાઈન નાણાકીય વ્યવહારોને વધુ સુરક્ષિત બનાવવા માટે ગુરુવારે નવા નિયમો જાહેર કર્યા હતા. આ નવા નિયમોની પ્રત્યક્ષ અસર ગ્રાહકો તથા વેપારીઓ બંને પર પડશે, ખાસ કરીને એવા લોકો જે ઓટીટી પ્લેટફોર્મ, મ્યુઝિક સ્ટ્રીમિંગ સહિતના ઓનલાઈન સબ્સક્રિપ્શન કે એપ આધારિત સેવાઓનો ઉપયોગ કરે છે. હવેથી દરેક વખતે ઓનલાઈન રિકરિંગ પેમેન્ટના ૨૪ કલાક પૂર્વે બેન્કોએ ગ્રાહકોને નોટિફિકેશન મોકલવું પડશે. આ નોટિફિકેશનમાં ટ્રાન્ઝેક્શનની રકમ, તારીખ અને જે કંપનીને નાણાં ચૂકવવાના છે તેની વિગતો હશે. ગ્રાહકે આ નોટિફિકેશનમાં નાણાં ચૂકવવાની મંજૂરી આપવાની રહેશે. જો ગ્રાહક મંજૂરી નહીં આપે તો



નાણાંની ચૂકવણી નહીં થાય. અત્યાર સુધી એક વખત ઓનલાઈન સબ્સક્રિપ્શન લીધા બાદ દર મહિને નાણાં બેન્કમાંથી કપાઈ જતા હતા પરંતુ નવા નિયમો લાગુ થયા બાદ દરેક વખતે ગ્રાહકે મંજૂરી આપવાની રહેશે. આરબીઆઈએ જાહેર કરેલી નવી ગાઈડલાઈન મુજબ ૧ એપ્રિલ ૨૦૨૬થી ક્રેડિટ અથવા ડેબિટ કાર્ડ દ્વારા કરાતા તમામ રિકરિંગ ટ્રાન્ઝેક્શનમાં પ્રતિ માસ અથવા વર્ષ માટે નાણાંની ચૂકવણીમાં વધુ સુરક્ષાની જરૂર રહેશે. ગ્રાહકની મંજૂરી વગર હવે ઓટો પેમેન્ટ નહીં થઈ શકે. ગ્રાહકો માટે આ નિયમો નાણાંની વધુ સુરક્ષા પુરી પાડનારા સાબિત થશે. અત્યાર સુધી કોઈ એપ કે સેવા માટે એક વખત મંજૂરી આપ્યા બાદ આપોઆપ નાણાંની ચુકવણી થતી હતી જ્યારે હવે દરેક વખતે ગ્રાહકની મંજૂરી જરૂરી રહેશે. આરબીઆઈના નોટિફિકેશન મુજબ રૂ.૫,૦૦૦ સુધીના ટ્રાન્ઝેક્શન માટે ઓટીપીની જરૂર નહીં રહે પરંતુ ગ્રાહકને નોટિફિકેશન મોકલવામાં આવશે. જ્યારે રૂ.૫,૦૦૦થી વધુના તમામ નાણાકીય વ્યવહારો માટે દરેક વખતે ગ્રાહકની મંજૂરી સાથે વન-ટાઈમ પાસવર્ડ (ઓટીપી) જરૂરી રહેશે.ડિજિટલ ઈન્ડિયા માટે આ સકારાત્મક પગલું હોવાનું આરબીઆઈએ જણાવ્યું હતું.નવા નિયમોને લાગુ કરવાનો બેન્ક તથા ઓનલાઈન વેપારીઓ માટે એક મોટો પડકાર સાબિત થશે. કારણ કે તેમણે પોતાની સિસ્ટમને અપડેટ કરવી પડશે જેથી ગ્રાહકને યોગ્ય સમયે મેસેજ દ્વારા સુચના મોકલી શકાય અને તેમની મંજૂરી મેળવી શકાય.

બિહારના ગયાજીમાં મોટી દુર્ઘટના

## રીલ્સના ચક્કરમાં ૯ છોકરાઓ નદીમાં ડૂબ્યાં, ૫ લોકોના મોત

। (એજન્સી) ગયાજી તા.૨૭ ।

બિહારના ગયાજીમાં ગુરુવારે એક મોટી દુર્ઘટના બની હતી. ખિઝરસરાય વિસ્તારના કેની પુલ નજીક રીલ્સ બનાવવાના ચક્કરમાં ૯ છોકરાઓ નદીમાં ડુબી ગયા હતા. આ દરેક નદીના કિનારે રીલ્સ બનાવી રહ્યા હતા. આ દરમિયાન ઊંડા પાણીમાં જતા રહ્યા હતા અને પોતાને ડુબતા જોઈને બૂમો પાડવા લાગ્યા હતા. બૂમો સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘણી મહેનત પછી દરેકને બહાર કાઢવામાં આવ્યા હતા. તાત્કાલિક તેમને બેલાગંજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં પ્રાથમિક સારવાર બાદ બે છોકરાઓને વધુ સારવાર માટે અનુગ્રહ નારાયણ મગધ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. તો સાત છોકરાઓને બેલાગંજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ભરતી કરવામાં આવ્યા હતા, જેમાથી પાંચના મોત થયા છે, જ્યારે બે સારવાર હેઠળ છે. ઘટના અંગે જ્યારે પરિવારને માહિતી મળી ત્યારે આખા ગામમાં માતમ છવાઈ ગયો હતો. પરિવાર પર દુઃખનું આભ ફાટી પડ્યુ છે. એક માહિતી પ્રમાણે છોકરાઓ શાળાએથી પરત આવી રહ્યા હતા. આ દરમિયાન તેઓ નદી કિનારે વીડિયો બનાવવા ગયા હતા અને આ દુઃખદ ઘટના બની. લોકોએ કહ્યું કે કેટલાક છોકરાઓ ૧૧મા ધોરણમાં હતા, જ્યારે કેટલાક ૧૨મા ધોરણમાં હતા.

લાખોનું રોકાણ કરાવીને આચરતો હતો છેતરપિંડી

## શેરમાર્કેટમાં ઊંચા નફાની લાલચ આપી મહેસાણાના યુવકે રૂ.૬ લાખ પડાવ્યા

। (એજન્સી) વડોદરા, તા.૨૭ ।

શેરમાર્કેટમાં ઊંચા નફાની લાલચ આપીને લોકોને છેતરતી એક ટોળકીનો પર્દાફાશ થયો છે. વડોદરા સાયબર ક્રાઇમ પોલીસે આ મામલે મહેસાણાના ધર્મેશ ઠાકોર નામના યુવકની ધરપકડ કરી છે. જેણે એક વ્યક્તિ સાથે રૂ.૬ લાખની છેતરપિંડી કરી હતી. આ ઘટનાએ ફરી એકવાર ઓનલાઈન રોકાણની લાલચમાં થતી છેતરપિંડીઓ સામે ચેતવણી આપી છે. આરોપી ધર્મેશ ઠાકોર સોશિયલ મીડિયા પર લોકોને શેરમાર્કેટમાં રોકાણ કરવા માટે આકર્ષતો હતો. આરોપી લોકોને ઊંચા નફાની લાલચ આપીને તેમનો વિશ્વાસ જીતતો હતો. શરૂઆતમાં તે નાના રોકાણકારોને થોડો નફો આપીને તેમનો વિશ્વાસ કેળવતો હતો. એકવાર વિશ્વાસ બેસી જાય પછી તે તેમને મોટી રકમનું રોકાણ કરવા માટે પ્રેરતો હતો. વડોદરાના એક ભોગ બનનાર વ્યક્તિએ આ જ મોડસ ઓપરેન્ડીનો ભોગ બન્યા બાદ સાયબર ક્રાઇમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ વ્યક્તિએ ધર્મેશ ઠાકોરની વાતોમાં આવીને શેરમાર્કેટમાં કુલ રૂ.૬ લાખનું રોકાણ કર્યું હતું. પરંતુ ત્યારબાદ તેને કઈ રિટર્ન મળ્યું ન હતું. આખરે જ્યારે તેને છેતરાયાનો અહેસાસ થયો ત્યારે તેણે પોલીસનો સંપર્ક કર્યો હતો. સાયબર ક્રાઇમ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને અન્ય પુરાવાના આધારે ધર્મેશ ઠાકોરને મહેસાણાથી ઝડપી લીધો છે. પોલીસે તેની પાસેથી છેતરપિંડીના વધુ કિસ્સાઓ અંગે પૂછપરછ હાથ ધરી છે.

ફરહાને બચવા ધોની-કોહલીનું નામ આપ્યું

## પાકિસ્તાની ખેલાડીના 'ગન સેલિબ્રેશન' મામલે સુનાવણી

। (એજન્સી) દુબઈ, તા.૨૭ ।

એશિયા કપ ૨૦૨૫માં ભારત સામેની સુપર-૪ મેચ દરમિયાન ગન સેલિબ્રેશન કરવા બદલ પાકિસ્તાની બેટ્સમેન સાહિબઝાદા ફરહાન સામે ICCમાં સુનાવણી કરાઈ. મીડિયા રિપોર્ટ મુજબ, સુનાવણી દરમિયાન ફરહાને બચવા માટે કહ્યું છે કે, મેચમાં તેણે કરેલો ઈશારો રાજકીય રીતે પ્રેરિત કે કોઈ રાજકીય સંદેશ આપવાનો નહોતો. ફરહાને બચવા માટે ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન એમ.એસ. ધોની અને વિરાટ કોહલીના અગાઉના ઉદાહરણોનો ઉલ્લેખ કર્યો હતો. તેણે દલીલ કરી કે, આ બંને ખેલાડીઓએ પણ ઉજવણી દરમિયાન આ જ પ્રકારનો 'ગન-જેસ્ચર' ઉપયોગ કર્યો હતો. તેણે કહ્યું કે, એક પઠાણ તરીકે આ પ્રકારના ઈશારા તેની સંસ્કૃતિનો ભાગ છે અને તે સામાન્ય રીતે લગ્ન જેવા ખુશીના પ્રસંગોમાં જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે, ભારત-પાકિસ્તાનની મેચમાં ફરહરાને ૩૪ બોલમાં અડધી સદી પૂરી કરી હતી, ત્યારે તેણે બેટને મશીન ગનની જેમ પકડીને સેલિબ્રેશન કર્યું હતું. જ્યારે હારિસ રાઉફે વિમાનને તોડી પાડવાનો ઈશારો કર્યો હતો અને ભારતીય ખેલાડીઓ અભિષેક શર્મા અને શુભમન ગિલને અપશબ્દો કહ્યા હતા. બંને પાક. ખેલાડીની આ કરતૂત બાદ ભારતે આઈસીસીમાં ફરિયાદ નોંધાવી હતી. આ વર્ષે જમ્મુ-કાશ્મીરના પુલવામાં આતંકી હુમલો થયો હતો, તેના સંદર્ભમાં ફરહાન અને રાઉફના કરતૂતને અત્યંત સંવેદનશીલ માનવામાં આવ્યો હતો. રાઉફે વિકેટ લીધા બાદ હાથથી ૬-૦નો ઈશારો કર્યો હતો અને ફાઈટર જેટને શૂટ ડાઉન કરવાની નકલ કરી હતી. તેના આ ઈશારાને ઉશ્કેરણીજનક અને રાજકીય પ્રેરિત હોવાનું મનાઈ રહ્યું હતું. આ મામલે ભારતે પાકિસ્તાની ખેલાડી રાઉફ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેણે આરોપો નકારીને કહ્યું હતું કે, તેનો ૬-૦વાળો ઈશારો ભારત સાથે જોડાયેલો નથી. તેણે સવાલ કર્યો કે, ૬-૦નો અર્થ શું છે? તેને ભારત સાથે કેવી રીતે જોડી શકાય? ત્યારબાદ ICC અધિકારીઓએ પણ સ્વીકાર્યું કે, તેઓ ૬-૦ના ઈશારાનો કોઈ નક્કર અર્થ નથી. રાઉફે વિકેટ લીધા બાદ હાથથી ૬-૦નો ઈશારો કર્યો હતો અને ફાઈટર જેટને શૂટ ડાઉન કરવાની નકલ કરી હતી. તેના આ ઈશારાને ઉશ્કેરણીજનક અને રાજકીય પ્રેરિત હોવાનું મનાઈ રહ્યું હતું. આ મામલે ભારતે પાકિસ્તાની ખેલાડી રાઉફ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેણે આરોપો નકારીને કહ્યું હતું કે, તેનો ૬-૦વાળો ઈશારો ભારત સાથે જોડાયેલો નથી. તેણે સવાલ કર્યો કે, ૬-૦નો અર્થ શું છે? તેને ભારત સાથે કેવી રીતે જોડી શકાય? ત્યારબાદ ICC અધિકારીઓએ પણ સ્વીકાર્યું કે, તેઓ ૬-૦ના ઈશારાનો કોઈ નક્કર અર્થ નથી.

ભારતની ૧૧મી, પાકિસ્તાનની છઠ્ઠી ફાઇનલ

## ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાશે એશિયા કપની ફાઈનલ

। (એજન્સી) દુબઈ, તા.૨૭ ।

એશિયા કપમાં રવિવારે ફાઈનલ જંગ થવાનો છે. દુબઈમાં રમાનાર આ મેચમાં પ્રથમવાર ભારત અને પાકિસ્તાન આમને-સામને હશે. ક્રિકેટ ઈતિહાસમાં આ ક્ષણ ઐતિહાસિક હશે કારણ કે ટૂર્નામેન્ટના૦ ૪૧ વર્ષ અને ૧૬ એડિશનમાં ક્યારેય એવું થયું નથી કે બંને કટ્ટર હરીફ ફાઈનલમાં આમને-સામને હોય. ટીમ ઈન્ડિયા આ વખતે ૧૧મી વખત ફાઈનલ રમશે અને પોતાની ૯મી ટ્રોફી જીતવાના ઈરાદાથી ઉતરશે. બીજીતરફ પાકિસ્તાન છઠ્ઠીવાર આ ટૂર્નામેન્ટની ફાઈનલ રમશે. પાકિસ્તાન અત્યાર સુધી બે વખત ચેમ્પિયન બન્યું છે. રવિવારે રમાનારી મેચ હાઈ-પ્રોફાઈલ રહેવાની છે.

ટી૨૦ ફોર્મેટમાં આ ભારત અને પાકિસ્તાનની બીજી એશિયા કપ ફાઈનલ હશે. ભારતે ૨૦૧૬મા ટી૨૦ ટ્રોફી જીતી હતી, જ્યારે ૨૦૨૨મા પાકિસ્તાને શ્રીલંકાના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. હવે પાકિસ્તાન પ્રથમવાર ટી૨૦ ટ્રોફી જીતવાનો પ્રયાસ કરશે. ભારતે ગ્રુપ સ્ટેજ અને સુપર-૪મા પાકિસ્તાનને હરાવી મનોવૈજ્ઞાનિક સરસાઈ બનાવી લીધી છે.

ભારતે આ ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. પાકિસ્તાનને બે વાર હરાવવા સાથે ટીમ ઈન્ડિયાએ બાંગ્લાદેશને પણ હરાવ્યું છે. બીજીતરફ પાકિસ્તાને સુપર-૪મા બાંગ્લાદેશને હરાવી ફાઈનલની ટિકિટ મેળવી છે, પરંતુ ભારત સામે બંને મેચમાં તેણે હારનો સામનો કરવો પડ્યો છે.

આ વખતે ભારત-પાકિસ્તાન મેચ માત્ર રમત સુધી સીમિત ન રહી. ગ્રુપ અને સુપર-૪ના મુકાબલામાં ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાન ખેલાડીઓ સાથે હાથ મિલાવવાનો ઈનકાર કર્યો. તો પાકિસ્તાન ટીમના ખેલાડીઓએ ભડકાઉ સેલિબ્રેશનથી માહોલ ગરમાઈ ગયો હતો. હવે ફાઈનલ પહેલા બંને ટીમો વચ્ચે તણાવ વધી ગયો છે. ૨૮મી સપ્ટેમ્બરે રમાનાર આ ફાઈનલ રોમાંચક અને ડ્રામાથી ભરપૂર રહેવાની છે. ભારતની નજર નવમી ટ્રોફી પર હશે, જ્યારે પાકિસ્તાન પ્રથમવાર ટી૨૦ એશિયા કપ જીતવા માટે મેદાનમાં ઉતરશે.

મોહમ્મદ યુનુસે ફરી ઝેર ઓક્યું

## શેખ હસીનાના કારણે અમને ભારત સામે વાંધો

। (એજન્સી) ઢાકા, તા.૨૭ ।

બાંગ્લાદેશની વચગાળાની સરકારના સલાહકાર મોહમ્મદ યુનુસે ફરી એકવાર ભારત વિરૂદ્ધ ઝેર ઓંક્યું છે. ન્યૂયોર્કમાં એશિયા સોસાયટીમાં આયોજિત ઈન્ટરેક્ટિવ સેશનમાં યુનુસે ભારત પર આક્ષેપ કર્યો છે કે, ભારત સાથે બાંગ્લાદેશના સંબંધ તણાવપૂર્ણ છે. કારણકે, ભારતને બાંગ્લાદેશી વિદ્યાર્થીઓ દ્વારા છેડાયેલું આંદોલન પસંદ નથી. યુનુસે કહ્યું કે, હજુ પણ ભારત સાથે પડકારો છે. ભારતને બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓનું આંદોલન પસંદ આવ્યું નથી. તે શેખ હસીનાની મેજબાની કરી રહ્યું છે. જે પૂર્વ વડાપ્રધાન છે, તેમણે આ બધી સમસ્યાઓ સર્જી છે, તેમણે પોતાના કાર્યકાળમાં અનેક યુવાનોની હત્યાને અંજામ આપ્યો છે. તેમ છતાં ભારતે શેખ હસીનાને શરણું આપ્યું છે. આ બાબત ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તણાવ ઉભો કરી રહી છે.તેમણે વધુમાં દાવો કર્યો હતો કે, સોશિયલ મીડિયા અને અન્ય પ્લેટફોર્મ પર ભારત તરફથી સતત ખોટા અહેવાલો અને સમાચાર ફેલાવાઈ રહ્યા છે. જેમાં તે આ આંદોલનને ખોટી રીતે રજૂ કરી રહ્યું છે. તે આંદોલનને ઈસ્લામી અને વિદ્યાર્થીઓને તાલિબાની તરીકે દર્શાવી રહ્યું છે. કહી રહ્યું છે કે, તેમને ટ્રેનિંગ આપવામાં આવી છે, તે (ભારત) એવું પણ કહે છે કે, હું પણ તાલિબાની છું, જો કે મારી પાસે દાઢી નથી અને હું ઘરમાં જ રહુ છું. તેમ છતાં તેના દ્વારા મને તાલિબાની ઠેરવવાનું ચાલુ જ છે. અંતે મારે સામે આવીને મારી ઓળખ બતાવવી પડી. જુઓ, આ મુખ્ય તાલિબાન છે. આ જ વાસ્તવિકતા છે. ઉલ્લેખનીય છે, બાંગ્લાદેશના પીએમની આ ટિપ્પણી એવા સમયે આવી છે, જ્યારે તેના મુખ્ય સલાહકાર ન્યૂયોર્કમાં છે. અને યુએન મહાસભામાં ભાગ લઈ રહ્યા છે. યુનુસે જણાવ્યું હતું કે, ભારત સાથે આ તણાવ માત્ર વિદ્યાર્થીઓના આંદોલનો અને મીડિયા પ્રચારના કારણે ઉત્પન્ન થયો છે. તેને રાજકીય રૂપે વધારવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

અમેરિકાની અમાનવીયતા

# ૭૩ વર્ષીય ભારતીય મહિલાને હાથકડી પહેરાવી ભારતમાં ડિપોર્ટ કરાયા

### કૌરને લગભગ ૬૦-૭૦ કલાક સુધી પથારી પણ આપવામાં આવી ન હતી અને તેમને જમીન પર ધાબળો ઓઢીને સૂવા મજબૂર કરવામાં આવ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

બીબી હરજીત કૌર, એક ૭૩ વર્ષીય શીખ મહિલાની અમેરિકાથી ભારત વાપસીની કથા અત્યંત પીડાદાયક છે. ઈમિગ્રેશન વિભાગ એ તેમને હાથકડી પહેરાવીને કેલિફોર્નિયાથી જ્યોર્જિયા અને પછી ચાર્ટર ફ્લાઈટ દ્વારા પંજાબ મોકલી દીધા. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન, તેમને પોતાના પરિવારજનો કે વકીલને મળવા દેવામાં આવ્યા નહોતા. છેલ્લા ૪૮ કલાકમાં તેમને સૂવા માટે પથારી પણ મળી નહોતી અને દવાઓ માટે ભોજન માંગતા ફક્ત બરફની ટ્રે અને એક ચીઝ સેન્ડવિચ આપવામાં આવ્યું હતું. આટલું જ નહીં, જ્યારે તેમણે પોતાના દાંતના ચોકઠા માટે વિનંતી કરી, ત્યારે પણ ઈનકાર કરી દેવામાં આવ્યો.મહિલાના વકીલના જણાવ્યા અનુસાર, ૩૦ વર્ષથી વધુ



સમયથી અમેરિકામાં રહેતાં હરજીત કૌરને ગયા અઠવાડિયે કેલિફોર્નિયામાં ઈમિગ્રેશન અધિકારીઓએ કસ્ટડીમાં લઈ ભારત મોકલી દીધાં. આ દરમિયાન, તેમને તેમના સંબંધીઓને અલવિદા કહેવાનો પણ મોકો મળ્યો ન હતો.બુધવારે, ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં હરજીતના વકીલ દીપક આહલુવાલિયાએ કહ્યું, "બીબીજી (હરજીત કૌર) પંજાબ પાછા આવી રહ્યા છે. તે પહેલાં જ ભારત પહોંચી ગયા છે. કેલિફોર્નિયામાં ઈમિગ્રેશન અધિકારીઓએ નિયમિત તપાસ દરમિયાન કૌરની અટકાયત કરી, જેના કારણે તેમના પરિવાર અને સમુદાયના સભ્યોમાં રોષ ફેલાયો.'મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૩૦થી વધુ વર્ષોથી ઉત્તરી કેલિફોર્નિયાના ઈસ્ટ-બેમાં રહેતા કૌરને ઈમિગ્રેશન એન્ડ બોર્ડર એન્ફોર્સમેન્ટના અધિકારીઓએ એક નિયમિત તપાસ દરમિયાન કસ્ટડીમાં લીધા હતા. કૌરને તાત્કાલિક મુક્ત કરવાની માંગ સાથે તેમના પરિવાર અને સમુદાયના સેંકડો સભ્યોએ વિરોધ પ્રદર્શનો પણ કર્યા હતા. આહલુવાલિયાએ જણાવ્યું કે, ઈમિગ્રેશન અધિકારીઓ કૌરને બેકર્સફિલ્ડના એક કસ્ટડી સેન્ટરમાં લઈ ગયા. પોસ્ટમાં આહલુવાલિયાએ દાવો કર્યો કે કૌરને બેકર્સફિલ્ડથી લોસ એન્જલસ લઈ જવામાં આવ્યા, જ્યાંથી તેમને જ્યોર્જિયા અને ત્યારબાદ દિલ્હીની ફ્લાઈટમાં બેસાડવામાં આવ્યા.

### છત્તીસગઢના રાયપુરમાં સ્ટીલ પ્લાન્ટમાં મોટી દુર્ઘટના સર્જાઇ

। (એજન્સી) રાયપુર, તા.૨૭ ।

છત્તીસગઢના રાયપુરમાં મોટી દુર્ઘટના બની છે. આ દુર્ઘટના સ્ટીલ પ્લાનમાં બની છે, જેમાં અત્યાર સુધીમાં ૫ લોકોના મોતના સમાચાર મળી રહ્યા છે. આ ઘટના સિલતરા વિસ્તારમાં આવેલા ગોદાવરી ઈસ્પાત લિમિટેડ સ્ટીલ પ્લાન્ટમાં બની હતી. ત્યાં બાંધકામ કાર્ય ચાલી રહ્યું હતું. ત્યારે એક માળખું તૂટી પડતાં પાંચ લોકો કચડાઈ ગયા હતા, અને ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. અહેવાલો અનુસાર, ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં રાયપુરના વરિષ્ઠ અધિકારીઓ પ્લાન્ટ ખાતે દોડી ગયા હતા. ઈજાગ્રસ્તોને પંડરી ખાતે જિલ્લા હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ઘટના દરમિયાન ભારે મશીનરીનો ટુકડો ફેક્ટરીની અંદર પડ્યો હતો, જેના કારણે અનેક કામદારો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનામાં પાંચ કામદારોના મોત થયા છે, જ્યારે ઓછામાં ઓછા પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાને કારણે ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. બચાવ કામગીરી ચાલુ છે. જોકે, મૃત્યુઆંક અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

દેશનું પ્રથમ AIથી સજ્જ મંદિર

# તિરુપતિમાં ભક્તો હવે શાંતિથી કરી શકશે ભગવાનના દર્શન

### ભારતના પ્રખ્યાત ધાર્મિક સ્થળ તિરુમલા તિરુપતિ મંદિરમાં ટૂંકમાં AI થી સજ્જ કમાન્ડ કંટ્રોલ સેન્ટર શરૂ થશે

। (એજન્સી) તિરૂમાલા, તા.૨૭ ।

ભારતના પ્રખ્યાત ધાર્મિક સ્થળ તિરુમલા તિરુપતિ મંદિરમાં ટૂંક સમયમાં AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)થી સજ્જ કમાન્ડ કંટ્રોલ સેન્ટર શરૂ થવા જઈ રહ્યું છે. મંદિરમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ભીડને સંભાળવાનું કામ કરવામાં આવશે. આ ભારતના કોઈપણ મંદિરમાં શરૂ થનારું પ્રથમ કમાન્ડ સેન્ટર હશે. આ જ કારણે તિરુપતિ મંદિરને ભારતનું પ્રથમ એઆઈ ટેમ્પલ કહેવામાં આવી રહ્યું છે. ટેક્નોલોજી અને એઆઈનો ઉપયોગ કરીને મંદિરમાં આવતી ભીડનું આકલન કરવામાં આવશે. આ દ્વારા એ જોવામાં આવશે કે કેટલા ભક્તો દર્શન માટે લાઈનમાં ઊભા છે. મંદિરમાં નવું ઈન્ટિગ્રેટેડ કમાન્ડ કંટ્રોલ સેન્ટર વૈકુંઠમ-૧ કોમ્પ્લેક્સમાં બનાવવામાં આવ્યું છે. અહીં એક મોટી ડિજિટલ સ્ક્રીન પર મંદિર પરિસરના તમામ CCTV કેમેરાની લાઈવ ફીડ જોઈ શકાશે. આ સિસ્ટમને ૨૫થી વધુ ટેકનિકલ નિષ્ણાતોની ટીમ દ્વારા સંચાલિત કરવામાં આવે છે. આ ટેક્નોલોજીની ખાસિયત એ છે કે તેના એઆઈથી સજ્જ કેમેરાઓ ચહેરાની ઓળખ કરવાની ક્ષમતા ધરાવે છે. આ કેમેરાઓ સરળતાથી ગણતરી કરીને જણાવી શકે છે કે લાઈનમાં કેટલા શ્રદ્ધાળુઓ ઊભા છે અને દર્શન માટે કેટલો સમય લાગશે. આનાથી અધિકારીઓ ભક્તોની ભીડને વધુ સારી રીતે કંટ્રોલ કરી શકશે. આ AIથી સજ્જ કમાન્ડ સિસ્ટમ 3D મેપ તૈયાર કરે છે, જે જમીની સ્તરની સ્થિતિ દર્શાવે છે. આ ઉપરાંત, તે ભીડભાડવાળા વિસ્તારોની ઓળખ કરીને ભીડ ઘટાડવાના ઉપાયો પણ સૂચવે છે. આ સિવાય AI અલગ-અલગ સ્રોતોમાંથી આવતા ડેટાનું વિશ્લેષણ કરીને એ જણાવી શકે છે કે ક્યારે સૌથી વધુ શ્રદ્ધાળુઓ મંદિરમાં આવશે. આની મદદથી તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ તેના રિસોર્સને વધુ સારી રીતે ફાળવી શકશે અને દર્શનના સમયપત્રકમાં સુધારો પણ કરી શકશે. આ નવી સિસ્ટમ ચોરી કે અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ લોકોની ઓળખ કરવામાં પણ મદદ કરશે. આ ઉપરાંત, તે ખોવાયેલા લોકોને શોધવામાં પણ સહાય કરશે. નોંધનીય છે કે, અલીપિરી જેવી જગ્યાઓ પર દેખરેખ માટે વધુ કેમેરાઓ લગાવવામાં આવ્યા છે, જેથી એઆઈ તીર્થયાત્રાની શરૂઆતથી જ શ્રદ્ધાળુઓની ભીડનું નિરીક્ષણ (મોનિટર) કરી શકે. આ AI શ્રદ્ધાળુઓના ચહેરાના હાવભાવનું વિશ્લેષણ કરીને એ સમજી શકશે કે તેમને કોઈ સમસ્યા છે કે નહીં.

### એક ચાલથી રત્નકલાકારોને થયો મોટો ફાયદો

# જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ રત્ન કલાકારોના બાળકોની ફીની તાત્કાલિક ચૂકવણી કરી

। (એજન્સી) સુરત, તા.૨૭ ।

વિસાવદરની જીત મેળવીને ધારાસભ્ય બનેલા ગોપાલ ઈટાલિયા પોતાની દરેક ચાલથી સરકારને ચારે ખાનો ચિત્ત કરી રહ્યાં છે. ઈટાલિયાની એક એક હલચલ પર સરકાર નજર રાખી રહી છે. ગોપાલ ઈટાલિયાએ રત્ન કલાકારો માટે પદયાત્રાની જાહેરાત કરતા જ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ રત્ન કલાકારોના બાળકોની ફીની તાત્કાલિક ચૂકવણી કરી દીધી છે.

રાજ્ય સરકાર દ્વારા રત્ન કલાકારોના બાળકોની શિક્ષણ ફી સહાયનો મામલે ગોપાલ ઈટાલિયાની પદયાત્રાની જાહેરાત થતાં જ સરકાર બેકફૂટ પર આવી ગઈ છે. સુરતના ૫૦ હજાર કરતા વધુ રત્ન કલાકારોના બાળકોની શિક્ષણ ફી માટેની જાહેરાત કરાઈ છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ગત રોજ જાહેરાત બાદ આપ પાર્ટી દ્વારા ઉજવણી કરાઈ હતી. આપ દ્વારા વરાછા મીની બજાર ખાતે જાહેરમાં ફટાકડા ફોડી ઉજવણી કરાઈ હતી.

આમ આદમી પાર્ટીએ જો રત્ન કલાકારોના બાળકોની શિક્ષણ ફી અંગેની જાહેરાત નહી થાય તો રત્ન અધિકાર પદયાત્રાની ચીમકી આપી હતી. જે બાદ તાત્કાલિક અસરથી ગત રોજ પત્રકાર પરિષદ કરી જાહેરાત કરવામાં આવી હતી. તેથી સુરત આપ પાર્ટી એ ખુશી વ્યક્ત કરી રત્ન કલાકારોને તેઓના અધિકાર માટે આગળ આવવા અપીલ કરી. આ સહાયની જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા દ્વારા રત્નકલાકારોના હક્ક માટે રત્નકલાકાર અધિકાર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે સુરતમાં આમ આદમી પાર્ટી દ્વારા રત્ન કલાકારો માટે ભવ્ય અધિકાર યાત્રા નીકળી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી મંદી અને ટેરિફના કારણે હીરા ઉદ્યોગમાં સર્જાયેલી મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે, આ જાહેરાતથી રત્નકલાકારોને તાત્કાલિક રાહત મળી છે. જે રાજકીય દ્રષ્ટિકોણથી પણ મહત્ત્વની ઘટના ગણાય છે.

વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સુરતમાં આજે રત્નકલાકાર અધિકાર યાત્રાનું આયોજન કર્યું છે. યાત્રા શ્રી ઉમિયાધામ મંદિરથી નીકળી સવાણી રોડથી માનગઢ ચોક મીની બજાર જશે. ગોપાલ ઈટાલીયા સહીત આપ પાર્ટીના નેતાઓ હાજર રહ્યા. આ વિશે ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, છેલ્લા ૨૦-૨૫ વર્ષમાં કોઈ પાર્ટીએ આટલા મોટા લેવલે રત્નકલાકારોના અધિકારો માટે વાત કરી હોય એવું ક્યારેય બન્યું નથી. આ જ રત્નકલાકારો ભાઈઓએ ભાજપને મત આપી કોર્પોરેશનથી લઈને લોકસભા સુધીની સરકારો બનાવી છે પણ આ સરકારોએ રત્નકલાકારો માટે કશું જ કઈ કર્યું નથી. આ વિશે ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, છેલ્લા ૨૦-૨૫ વર્ષમાં કોઈ પાર્ટીએ આટલા મોટા લેવલે રત્નકલાકારોના અધિકારો માટે વાત કરી હોય એવું ક્યારેય બન્યું નથી. આ જ રત્નકલાકારો ભાઈઓએ ભાજપને મત આપી કોર્પોરેશનથી લઈને લોકસભા સુધીની સરકારો બનાવી છે પણ આ સરકારોએ રત્નકલાકારો માટે કશું જ કઈ કર્યું નથી.

ઉલ્લેખનીય છે કે, સુરતના હીરા ઉદ્યોગમાં કામ કરતા રત્ન કલાકારો લાંબા સમયથી મંદીનો સામનો કરી રહ્યાં છે. તેથી રત્ન કલાકારો માટે રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં રત્ન કલાકારો દ્વારા કુલ ૭૪,૨૬૮ અરજી કરવામાં આવી હતી. જેની ચકાસણીના અંતે કુલ ૪૭,૫૯૯ અરજી મંજૂર કરવામાં આવી છે જેમાં કુલ ૫૦,૨૪૧ બાળકોનો સમાવેશ થાય છે. જ્યારે અલગ અલગ કારણોસર ૨૬,૯૦૦ અરજી રિજેક્ટ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, સુરતના હીરા ઉદ્યોગમાં કામ કરતા રત્ન કલાકારો લાંબા સમયથી મંદીનો સામનો કરી રહ્યાં છે. તેથી રત્ન કલાકારો માટે રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં રત્ન કલાકારો દ્વારા કુલ ૭૪,૨૬૮ અરજી કરવામાં આવી હતી. જેની ચકાસણીના અંતે કુલ ૪૭,૫૯૯ અરજી મંજૂર કરવામાં આવી છે જેમાં કુલ ૫૦,૨૪૧ બાળકોનો સમાવેશ થાય છે. જ્યારે અલગ અલગ કારણોસર ૨૬,૯૦૦ અરજી રિજેક્ટ કરવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### સુરત સિવિલ હોસ્પિટલમાં યુવતીએ કરેલો આપઘાત

। (એજન્સી) સુરત, તા.૨૭ ।

સુરત સિવિલ હોસ્પિટલમાં ચોંકાવનારી ઘટના બની હતી. લગ્નના ૮ વર્ષ બાદ એક મહિલાએ બાળકને જન્મ આપ્યો હતો, અને મહિલાએ બાળકને જન્મ આપીને સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં જ ઝાડ પર ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો. સુરત શહેરના સિવિલ હોસ્પિટલમાં પ્રસુતિની સારવાર કરવા આવેલી મહિલાએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. મોરા ગામમાં રહેતી મહિલાએ આપઘાત કર્યો છે. મહિલાએ લગ્નના ૮ વર્ષ બાદ બાળકને જન્મ આપ્યો હતો. બાળકની સિવિલ હોસ્પિટલના NICU વિભાગમાં સારવાર ચાલી રહી છે. આ વચ્ચે માતાએ સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં ઝાડ પર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. યુવતી બાળકની ડિલિવરી માટે ૧૦ દિવસ પહેલાં હોસ્પિટલમાં દાખલ થઈ હતી. બાળકના જન્મ બાદ મહિલા અચાનક હોસ્પિટલ વોર્ડમાંથી ગાયબ થઈ જતા પરિવાર શોધી રહ્યા હતા. મહિલાના ઝાડ પર લટકેલી હાલતમાં મળી આવતા પરિવાર શોકમાં મગ્ન બન્યો છે.

### દેશનો પ્રથમ ટ્રેડમાર્ક રૂરલ મોલ, આદિજાતિ મહિલાઓ માટે રોજગારીનો સશક્ત સ્ત્રોત

। (એજન્સી) સુરત, તા.૨૭ ।

ભારત અને ગુજરાત સરકાર ગ્રામીણ આદિજાતિ મહિલાઓને રોજગારી અને આત્મનિર્ભર બનાવવા માટે અનેક યોજનાઓ અને પ્રોજેક્ટ ચલાવી રહી છે. આ કડીમાં, સુરતના માંડવી તાલુકાના વિસડાલીયા ગામે સુરત વન વિભાગ દ્વારા શરૂ કરાયેલો રૂરલ મોલ દેશનો પ્રથમ ટ્રેડમાર્ક પ્રાપ્ત રૂરલ મોલ છે. આ મોલ આદિજાતિ સમુદાયને રોજગારીની તકો પૂરી પાડી, તેમને આત્મનિર્ભર બનાવી રહ્યો છે. વિસડાલીયા અને આસપાસના ૩૨ ગામોના ૩૦૦થી વધુ આદિજાતિ કારીગરો આ મોલ સાથે જોડાયેલા છે. વિસડાલીયા રૂરલ મોલમાં આદિજાતિ મહિલાઓએ મસાલા, પાપડ, બેકરી, હસ્તકળા, દાળ-મસાલા પ્રોસેસિંગ, આયુર્વેદિક ઉત્પાદનો અને મશરૂમ જેવા વ્યવસાયોમાં તાલીમ મેળવી આત્મનિર્ભરતા હાંસલ કરી છે. શરૂઆતમાં મોલે વાંસ આધારિત હસ્તકળા અને ફર્નિચર નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ૨૦૧૩થી ૨૦૧૮ દરમિયાન સુરત, ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લાના કોટવાળીયા સમાજના લોકોને તાલીમ આપવામાં આવી. ૨૦૧૮ પછી મશરૂમ ખેતી, દાળ-મસાલા પ્રોસેસિંગ, બેકરી, ફ્લેવર વોટર અને કાચી ઘાણી તેલ જેવા નવા યુનિટ શરૂ થયા. વિસડાલીયા રૂરલ મોલની સફળતા એટલી નોંધપાત્ર છે કે ૨૦૧૯માં કેન્દ્રીય કૃષિ મંત્રાલયે તેને દેશના ટોચના નવ ક્લસ્ટરમાં સ્થાન આપ્યું હતું. આ ઉપરાંત, ૨૦૨૨માં પ્રતિષ્ઠિત સ્કોચ એવોર્ડ પણ આ મોલને મળ્યો છે. વાંસની હસ્તકળા અને ફર્નિચરથી કારીગરોને નવી ઓળખ મળી છે.

**૫ આરોપીના ૫ દિવસના રિમાન્ડ મંજૂર । ગામમાં બજારો બંધ થતા સ્થાનિકો પણ રોડ પર દેખાયા નથી, ફક્ત રોડ પર દેખાય છે તો માત્ર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત**

# દહેગામના બહિયલમાં બબાલ બાદ બજારો સંપૂર્ણપણે બંધ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ ।

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહિયલ ગામે ત્રીજા નોરતે ગરબા પર થયેલા હુમલાબાદ પોલીસે એક્શનમાં આવી પોલીસ એકશનમાં આવી ૬૧ જેટલા લોકોને ધરપકડ કરી હતી. બહિયલ ગામે બનેલી ઘટનાના બીજા દિવસે એટલે કે શુક્રવારે પણ સમગ્ર બજારો બંધ રહ્યા હતા, સમગ્ર બહિયલ ગામ હાલ પોલીસ છાવણીમાં ફેરવાયું છે ગામમાં નીરવ અને એક અજંપા ભરી શાંતિ ફેલાઈ છે. સમગ્ર કેસ મામલે ૬૧ આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા છે. જ્યારે ૫ આરોપીના ૫ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હોવાનું સામે આવ્યું છે.

તો ગામમાં અશાંતિ ફેલાવનાર આરોપીની પોલીસે ધરપકડ કરી છે અને ચાલી પણ ના શકે તેવી સર્વિસ કરી છે, આરોપીઓને લઈ પોલીસ બહિયલ ગામે પહોંચી છે અને ૩૫ જેટલા પથ્થરબાજોની શાન પોલીસ ઠેકાણે લાવી છે, જે પગે ઉભા રહીને પથ્થરમારો કર્યો હતો, તે પગે આરોપીઓ ચાલી પણ શકતા નથી. આ કેસમાં ૮૩ લોકોની નામજોગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને ૧૫૦૦ના ટોળા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાઈ છે, પોલીસે અત્યારે પણ આરોપીનું રિકન્ટ્રક્શન કર્યુ છે અને સરઘસ કાઢયું છે, આ બબાલમાં બહિયલ ગામના ડેપ્યુટી સરપંચની પણ સંડોવણી હોવાની વાત લોકમુખે ચર્ચાઈ રહી છે.

દહેગામના બહિયલમાં સોશિયલ મીડિયામાં મુકાયેલી એક ધાર્મિક પોસ્ટને લઈને બહિયલ ગામ આખુ ભડકે બળ્યા જેવી સ્થિતિ જોવા મળી હતી. વિવાદાસ્પદ પોસ્ટને લઈને બે જૂથ સામસામે આવી ગયા હતા. બહિયલના એક યુવકે તેના સોશિયલ મીડિયામાં એક ધાર્મિક સ્ટેટસ મૂક્યું હોવાને લઈને આ ઘટનાએ ઉગ્ર રુપ ધારણ કર્યુ હોવાની વિગતો છે. ટોળાં દ્વારા ગત ત્રીજા નોરતાની રાત્રિના સમયે ગરબા પર પથ્થરમારો, આગચંપી, તોડફોડ સહિતની ઘટના બની હતી. જેના પગલે માહોલ ગરમાઈ જવા પામ્યો છે. બે કોમ સામસામે આવી જતાં પરિસ્થિતી બેકાબુ બની હતી.હિંસક ટોળાં હથિયારો સાથે તુટી પડયા હતા અને ગામમાં ઈલેક્ટ્રિકની દુકાન ચલાવતા ફરિયાદીની ઝેરોક્ષની દુકાન સહિત અનેક દુકાનો સળગાવી દીધી હતી. તેમજ આઠથી વધુ ગાડીઓમાં તોડફોડ કરી હતી. ફરીયાદીના માથામાં લોખંડની પાઈપ મારીને જીવલેણ હુમલો કર્યો હતો. તેમજ અન્ય ત્રણેક ઈસમો પથ્થરો વાગતા ઈજાગ્રસ્ત થયા હતા. ટોળાને કાબુ કરવા માટે પોલીસે પાંચ રાઉન્ડ ટીયરગેસના શેલ છોડતા ટોળાએ પોલીસ પર પણ હુમલો કર્યો હતો. આગચંપી, દુકાનોમાં તોડફોડ તેમજ પોલીસના સરકારી વાહનો બે ગાડીઓ તેમજ આગ બુઝાવા માટે આવેલા ફાયર બ્રિગેડની ગાડી ઉપર પણ પથ્થરમારો કરાયો હતો અને કાચ તોડી નાખ્યા હતા.

### ધાર્મિક પોસ્ટને લઇને બહિયલ ગામ આખુ ભડકે બળ્યા

બહિયલના એક યુવકે તેના સોશિયલ મીડિયામાં એક ધાર્મિક સ્ટેટસ મૂક્યું હોવાને લઈને આ ઘટનાએ ઉગ્ર રુપ ધારણ કર્યુ હોવાની વિગતો છે. ટોળાં દ્વારા ગત ત્રીજા નોરતાની રાત્રિના સમયે ગરબા પર પથ્થરમારો, આગચંપી, તોડફોડ સહિતની ઘટના બની હતી. જેના પગલે માહોલ ગરમાઈ જવા પામ્યો છે. બે કોમ સામસામે આવી જતાં પરિસ્થિતી બેકાબુ બની હતી.હિંસક ટોળાં હથિયારો સાથે તુટી પડયા હતા અને ગામમાં ઈલેક્ટ્રિકની દુકાન ચલાવતા ફરિયાદીની ઝેરોક્ષની દુકાન સહિત અનેક દુકાનો સળગાવી દીધી હતી. તેમજ આઠથી વધુ ગાડીઓમાં તોડફોડ કરી હતી. ફરીયાદીના માથામાં લોખંડની પાઈપ મારીને જીવલેણ હુમલો કર્યો હતો. તેમજ અન્ય ત્રણેક ઈસમો પથ્થરો વાગતા ઈજાગ્રસ્ત થયા હતા. ટોળાને કાબુ કરવા માટે પોલીસે પાંચ રાઉન્ડ ટીયરગેસના શેલ છોડતા ટોળાએ પોલીસ પર પણ હુમલો કર્યો હતો. આગચંપી, દુકાનોમાં તોડફોડ તેમજ પોલીસના સરકારી વાહનો બે ગાડીઓ તેમજ આગ બુઝાવા માટે આવેલા ફાયર બ્રિગેડની ગાડી ઉપર પણ પથ્થરમારો કરાયો હતો અને કાચ તોડી નાખ્યા હતા.

### અવસાન થાય કાઠિયાવાડ સુધી જવું પડે છે

# ગોધરા કિન્નર સમાજે સમાધિ માટે જમીન ફાળવવાની કરી માંગ

। (એજન્સી) ગોધરા, તા.૨૭ ।

ગોધરા શહેરમાં કિન્નર સમાજ માટે સમાધિ માટે જમીન ફાળવવાની માગ સાથે જિલ્લા સેવાસદન કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું છે. ગોધરા શહેરના ડોડપા ફળિયામાં રહેતા તથા કિન્નર સમાજના ગાદીપતિ નાયક સંગીતાદે હીરાદે નાયકએ તંત્ર સમક્ષ લેખિત રજૂઆત કરી હતી કે ગોધરા શહેરની હદમાં કિન્નર સમાજ માટે અંતિમ સંસ્કાર માટે યોગ્ય જગ્યા ઉપલબ્ધ નથી. આ કારણે કોઈ સભ્યનું અવસાન થાય ત્યારે સમાજને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. નાયક સંગીતાદે હીરાદે નાયકે જણાવ્યું હતું કે કિન્નર સમાજને પણ અન્ય સમાજની જેમ સન્માનપૂર્વક અંતિમ વિધિ કરવાની સુવિધા મળવી જોઈએ. તેમણે તંત્રને નમ્ર અપીલ કરી છે કે ગોધરા શહેરની સીમામાં યોગ્ય જગ્યા ફાળવી કિન્નર સમાજને આ હિતલક્ષી સુવિધા આપવામાં આવે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગોધરા કિન્નર અખાડામાંથી અમારા ઘરમાં ૪૦ થી ૫૦ લોકો છે.

# નેત્રંગની ચાસવડ ડેરીમાંથી મહત્ત્વના દસ્તાવેજોની ચોરી

। (એજન્સી) ભરુચ, તા.૨૭ ।

નેત્રંગ તાલુકાના ચાસવડ ખાતે આવેલી ડેરીમાંથી અગત્યના અને ગોપનીય દસ્તાવેજોની ચોરી થતાં ચકચાર મચી જવા પામી છે. આ ચોરીના બનાવમાં ડેરીના બે કર્મચારીઓ જ દસ્તાવેજો લઈને જતા સીસીટીવી કેમેરામાં કેદ થયા છે, જેના આધારે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ડેરીમાંથી કોન્ફિડેન્શિયલ દસ્તાવેજો, જરૂરી કેશ વાઉચરો, અને ખાસ કરીને અગાઉના ડિરેક્ટરો દ્વારા કરવામાં આવેલા ગોટાળા સંબંધિત ૧૦ જેટલી મહત્ત્વની ફાઈલોના પુરાવા ચોરી થયા છે. ઉલ્લેખનીય છે કે, અગાઉના ૧૭ ડિરેક્ટરોને તેમના કાર્યકાળ દરમિયાન થયેલા ગોટાળાને લઈને રજિસ્ટ્રાર દ્વારા બરતરફ કરવામાં આવ્યા હતા.

### ગુજરાતમાં કોમી એકતાનું અનોખું ઉદાહરણ

# રાસ ગરબા શરૂ કરતા પહેલા દરગાહ પર શ્રીફળ વધેરાય છે

**માં ના નવલા નોરતા શરૂ થયા છે ત્યારે જુનાગઢ શહેરમાં પરંપરાગત રીતે યોજાતી પ્રાચીન ગરબીઓ હજુ પણ જીવિત છે**

। (એજન્સી) જુનાગઢ, તા.૨૭ ।

માતાજીની આરાધનાનો પર્વ શરૂ થયો છે અને તેની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. પરંતુ જુનાગઢમાં એક એવી ગરબી છે કે જ્યાં રાસ ગરબા શરૂ કરતા પહેલા દરગાહે શ્રીફળ વધારવામાં આવે છે. માં ના નવલા નોરતા શરૂ થયા છે ત્યારે જુનાગઢ શહેરમાં પરંપરાગત રીતે યોજાતી પ્રાચીન ગરબીઓ હજુ પણ જીવિત છે.

ગરબીની શરૂઆત થાય ત્યારે પ્રથમ માતાની આરાધના કરતા હોય છે. પરંતુ નરસિંહ મહેતા ચોરા ખાતે યોજાતી જય ચામુંડા ગરબી મંડળ ટ્રસ્ટ દ્વારા ગરબીમાં પ્રથમ વલીએ સોરઠ દરગાહ અને મિયામામુંશા દરગાહ ખાતે ચાદર વિધિ કરી શ્રીફળ વધારી અને બાદમાં માની આરાધના કરાય છે.

ગરબીનું છેલ્લા ૬૫ વર્ષથી ચામુંડા ગરબી મંડળ દ્વારા નાત જાતના ભેદભાવ વગર આયોજન કરવામાં આવે છે. આ ગરબી મંડળમાં ૬૫ બાળાઓ છે જેમાં ૧૮ બાળાઓ મુસ્લિમ છે. હિન્દુ મુસ્લિમ બાળાઓ એક સાથે જુદા જુદા રાસ લઈને નવલા નોરતા નિમિત્તે માની આરાધના કરે છે. તો બીજી તરફ મુસ્લિમ સમાજના અગ્રણીઓ પણ અહીં માતાની આરતી ઉતારવા આવે છે તો તબલા વાદક પણ મુસ્લિમ સમાજમાંથી આવે છે. એક બાજુ પાર્ટી પ્લોટમાં અનેક નિયમો બનાવવામાં આવે છે. માતાજીની આરાધનાના પર્વમાં સૌ કોઈ ભાગીદાર થઈ રહ્યું છે, ત્યારે જુનાગઢ એ કોમી એકતાનું શહેર કહેવામાં આવે છે અને તે સાર્થક પણ થઈ રહ્યું છે. નરસિંહ મહેતા ચોરા ખાતે યોજાતી પ્રાચીન ગરબીમાં હિન્દુ મુસ્લિમ સમાજની બાળાઓ એક સાથે માતાજીની આરાધના કરે છે. જેમાં પ્રચલિત ભુવા રાસ, સળગતી ઈંઢોણીનો રાસ, મઢડા રાસ સહિતના જુદા જુદા રાસ રજૂ કરીને લોકોને મંત્રમુગ્ધ કરી દે છે. નાની બાળાઓથી લઈ અને મોટી બાળાઓ નવ દિવસ સુધી જુદા જુદા રાસ લઈને ગરબે ઝૂમે છે. અંતર્ગત અહીંનો ભુવા રાસ ખૂબ જ પ્રચલિત છે.

### ATM મશીન હેક કરીને ગઠિયાએ કર્યો મોટો કાંડ, ભાંડાફોડ કેશ ડિપોઝીટ મશીનમાં બેલેન્સ તપાસતાં થયો

। (એજન્સી) ભરૂચ, તા.૨૭ ।

ATM મશીનની કનેક્ટીવિટીમાં સમસ્યા સર્જી અલગ-અલગ ૨૨ ટ્રાન્ઝેક્શન કરી અજાણ્યા શખ્સોએ ૨.૦૯ લાખની ઠગાઈ કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભરૂચ એ ડિવિજન પોલીસે ઘટનામાં ફરિયાદ નોંધી બેંકના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે. ભરૂચ શહેરના આર.કે. કાસ્ટા ખાતે રહેતાં અક્ષય વૈધરાજ સોની શહેરના સ્ટેશન રોડ પર આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની પાંચબત્તી શાખામાં ચીફ મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમની શાખામાં બેંકનું એટીએમ પણ આવેલું છે. જેમાં એક કેશ ડિપોઝીટ મશીન પણ મુકવામાં આવ્યું છે. જેમાં કોઈ પણ તેમાં રૂપિયા જમા કરાવી શકે અને ઉપાડી શકે છે. ગત ૨૦મી સપ્ટેમ્બરે જિલ્લાની તમામ એસબીઆઈ બેંકમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં તપાસ વેળા તેમના કેશ ડિપોઝીટ મશીનમાં બેલેન્સ તપાસતાં તેમાં ૨.૦૯ લાખ રૂપિયા ઓછા જણાયા હતા. જેથી તેમણે તેમના મશીનનું સ્ટેટમેન્ટ કાઢી તેમાં ચકાસણી કરતાં ૧૦મી સપ્ટેમ્બરથી ૧૮મી સપ્ટેમ્બર સુધીના ગાળામાં અલગ અલગ તારીખ અને સમયે ૨૨ ટ્રાન્ઝેક્શન સસપેક્ટેડ રિવર્સલની એન્ટી જણાઈ હતી. જેમાં ગણતરી કરતાં તેમાં કુલ ૨.૦૯ રૂપિયાનો જ આંકડો આવ્યો હતો. જેથી કોઈએ તેમના કેશ ડિપોઝીટ મશીન (એટીએમ)ને હેક કરીને કે અન્ય કોઈ રીતે રૂપિયા કાઢી લઈ ઠગાઈ કરી હોવાનું જાણવા મળ્યું હતું. એટીએમના સીસીટીવી ફૂટેજ તપાસતાં અજાણ્યા શખ્સોએ એટીએમ સાથે છેડછાડ કરી એટીએમમાંથી રૂપિયા કાઢી લઈ ઠગાઈ કરી હોવાનું માલુમ પડયું હતું. બનાવને પગલે તેમણે ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ૨૦૨૯માં ભારતની પ્રથમ બુલેટ ટ્રેન દોડતી થશે

। (એજન્સી) સુરત, તા.૨૭ ।

ભારતની પહેલી બુલેટ ટ્રેનને લઈને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જાણકારી આપી છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈને કેન્દ્રીય મંત્રીએ આજે (૨૭ સપ્ટેમ્બર) જણાવ્યું કે, ગુજરાતના સુરત અને બિલિમોર વચ્ચે દેશની પ્રથમ બુલેટના પ્રોજેક્ટનો ૫૦ કિલોમીટર જેટલો ભાગ વર્ષ ૨૦૨૭માં શરૂ થઈ જશે અને વર્ષ ૨૦૨૯ સુધી મુંબઈ અને અમદાવાદ વચ્ચે આખો ભાગ શરૂ કરાશે. આમ વર્ષ ૨૦૨૯માં ભારતની પ્રથમ બુલેટ ટ્રેન દોડતી થશે. સુરત રેલવે સ્ટેશનના નિરીક્ષણ દરમિયાન રેલવે મંત્રીએ કહ્યું કે, દેશની પ્રથમ બુલેટ ટ્રેન કામ ઝડપથી થઈ રહ્યું છે. જેમાં વર્ષ ૨૦૨૮ સુધીમાં થાણે-અમદાવાદ સેક્શન કાર્યરત થશે અને વર્ષ ૨૦૨૯માં મુંબઈ-અમદાવાદ સેક્શન શરૂ થશે. આમ બુલેટ ટ્રેન શરૂ થતાં માત્ર ૨ કલાક અને ૭ મિનિટમાં અમદાવાદથી મુંબઈ જઈ શકાશે. બુલેટ ટ્રેનની મુખ્ય લાઈનની ગતિ ક્ષમતા ૩૨૦ કિ.મી. પ્રતિ કલાક અને લૂપ લાઈનની ૮૦ કિ.મી. પ્રતિ કલાકની રહેશે. રેલવે ટ્રેકને લઈને મંત્રીએ જણાવ્યું કે, બુલેટ ટ્રેનના ટ્રેકની નજીક કોઈપણ પ્રકારના વાઈબ્રેશનને કન્ટ્રોલ કરવા માટે અનેક સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે.



